શહેર આવૃત્તિ પાનાઃ ૧૪

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ

RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT

RAJKOT/639/2025-2027 RMS-RJT

POST AT RAJKOT-RMS DAILY

# અબતક®

સાંધ્ય દૈનિક

Happy HOLI

તા. ૩-૩-૨૦૨૬, મંગળવાર

વર્ષઃ ૧૪, અંક : ૩૦૨

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281-2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia

# ઈરાન સાથે યુદ્ધ વચ્ચે ઈઝરાયેલ મિલિટરી લેબેનોનમાં ઘૂસી

## લેબેનોનના બેરૂત જેવા શહેરો પર થયેલા બોમ્બમારાના બદલામાં, હિઝબુલ્લાહએ ઉત્તર ઈઝરાયલમાં આવેલા મિલિટરી એર બેઝ પર ડ્રોનથી હુમલા કર્યા ઈઝરાયલી સેના તેહરાન અને બેરુતમાં પણ બોમ્બમારો શરૂ કર્યો

**અબતક, રાજકોટ**

ઈઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચેનો વિવાદ ફરી વકર્યો છે. આજે ઈઝરાયલની સેનાએ જાહેર કર્યું છે કે તેમના સૈનિકો હવે સીધા દક્ષિણ લેબેનોનની અંદર જઈને સૈન્ય કાર્યવાહી કરી રહ્યા છે. આ ઓપરેશન પાછળની મુખ્ય વ્યૂહનીતિ એ છે કે, સરહદ પર સૈનિકોની સંખ્યા વધારીને હિઝબુલ્લાહના હુમલાઓને રોકવા, જેથી ઉત્તર ઈઝરાયલમાં (અનુ. આઠમા પાને)

### ઈરાનના બુશેહર પ્રાંતમાં ૫ ઈરાની સૈનિકોના મોત

ઈરાની સમાચાર એજન્સી અનુસાર, બુશેહર પ્રાંતના જામ અને દિર શહેરો પર અમેરિકા અને ઈઝરાયલના હુમલામાં ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સના પાંચ સૈનિકો માર્યા ગયા.

### ઈરાનની ડિફેન્સ સિસ્ટમ પર ઈઝરાયેલના સતત હુમલા ચાલુ

ઈઝરાયલે કહ્યું છે કે તેની વાયુસેના સતત ઈરાનની એર ડિફેન્સ સિસ્ટમ પર હુમલો કરી રહી છે.ઈઝરાયલી સેનાના પ્રવક્તા અવિચાય અદરાઈના જણાવ્યા અનુસાર, ઈઝરાયલી વિમાનોએ ઈરાનની રડાર સિસ્ટમ અને મિસાઈલ લોન્ચરને નિશાન બનાવ્યા.તે લોકોને પણ (અનુ. આઠમા પાને)

### યુદ્ધ વચ્ચે ઈરાનમાં ૪.૩ની તીવ્રતાનો ભૂકંપ

ઈઝરાયલ-અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે અમેરિકા બાદ ઈરાનમાં ૪.૩ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો છે. આ ભૂકંપ ઈરાનના ગેરાશ વિસ્તારમાં આવ્યો છે. અમેરિકન જિયોલોજિકલ સર્વેએ કહ્યું કે, ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૩ હતી. ભૂકંપનું કેન્દ્રબિંદુ જમીનથી ૧૦ કિલોમીટર ઊંડે હતું.ગેરાશ ઈરાનના ફાર્સ વિસ્તારમાં આવેલું એક શહેર છે. ઈરાન દુનિયાના સૌથી ભૂકંપીય સક્રીય દેશોમાંથી એક છે, કારણ કે અહીં અરેબિયન પ્લેટ (અનુ. આઠમા પાને)

### ઈરાને સાઉદી અરેબિયા અને બહેરીનને જોડતા કિંગ ફહેદ કોઝવે બ્રિજ ઉડાવી દીધો

ઈરાને સાઉદી અરેબિયા અને બહેરીનને જોડતા કિંગ ફહેદ કોઝવે પર ડ્રોન દ્વારા હુમલો કર્યો છે. આ બ્રિજ ૨૫ કિલોમીટર લાંબો છે અને પર્સિયન ગલ્ફમાંથી પસાર થાય છે, જે સાઉદી અરેબિયાના અલ ખોબર શહેરને બહેરીન સાથે જોડે છે. આ બ્રિજ ચાર લેનનો હાઈવે છે અને બહેરીન માટે સૌથી મહત્વની જમીની કનેક્શન છે.

ઈરાની ન્યૂઝ એજન્સીઓઆ હુમલાની પુષ્ટિ કરી છે. અહેવાલોમાં કહેવામાં આવ્યું છે કે આ હુમલો એક વ્યૂહાત્મક પગલું છે, કારણ કે અમેરિકા આ બ્રિજનો ઉપયોગ બહેરીનમાંથી પોતાના સૈનિકોને બહાર કાઢવા માટે કરી શકે છે. બહેરીનમાં અમેરિકાની ફિફ્થ ફ્લિટનું મુખ્ય મથક છે, જે પર્સિયન ગલ્ફમાં અમેરિકાનું મહત્વનું નૌસેના આધારસ્થાન છે.

### યુદ્ધને લઈ આર્થિક સ્થિતિ ડામાડોળ

# રૂપિયાની સદી તરફની દોટ ભડકે બળતા સોનામાં 'ઘી' હોમશે

## સતત તણાવને કારણે સોનાનો ભાવ રૂ.૩.૫ લાખને આંબી જશે તેવી નિષ્ણાંતની આગાહી

**અબતક, નવી દિલ્હી**

સોનાના ભાવમાં હાલમાં જોવા મળી રહેલી ઐતિહાસિક તેજી વચ્ચે જેફરીઝના ગ્લોબલ હેડ ઓફ ઈક્વિટી સ્ટ્રેટેજી ક્રિસ વુડ દ્વારા એક ચોંકાવનારી આગાહી કરવામાં આવી છે. તેમના મતે, આગામી પાંચ વર્ષમાં સોનાનો ભાવ બમણો થઈને ૧૦,૦૦૦ ડોલર પ્રતિ ઔંસની સપાટીએ પહોંચી શકે છે.

તેમણે જણાવ્યું હતું કે ભૌગોલિક રાજકીય જોખમો અને સેન્ટ્રલ બેંકોની સતત ખરીદીને કારણે સોનું એક મજબૂત બુલ માર્કેટમાં પ્રવેશી ચૂક્યું છે. મધ્ય પૂર્વમાં અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર કરાયેલા હુમલા બાદ યુદ્ધની સ્થિતિ વધુ વણસી છે, જેના કારણે રોકાણકારો સુરક્ષિત રોકાણ તરીકે સોના તરફ વળ્યા છે. પરિણામે, સ્થાનિક (અનુ. આઠમા પાને)

### સોનાના ભાવ વધવાના મુખ્ય કારણો

- **સેન્ટ્રલ બેંકોની જંગી ખરીદીઃ** ૨૦૨૨માં રશિયા-યુક્રેન યુદ્ધ બાદ રશિયાની વિદેશી અનામત ફ્રીઝ કરવામાં આવતા, G7 સિવાયની સેન્ટ્રલ બેંકોએ સોનાની આક્રમક ખરીદી શરૂ કરી છે.
- **ભૌગોલિક રાજકીય તણાવઃ** મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષના કારણે 'સેફ હેવન' (સુરક્ષિત રોકાણ) તરીકે સોનાની માંગમાં જબરદસ્ત ઉછાળો આવ્યો છે.
- **યુ.એસ. ટ્રેઝરી દ્વારા પુનઃમૂલ્યાંકનની શક્યતાઃ** અમેરિકન સરકાર પાસે રહેલા સોનાનું ઐતિહાસિક મૂલ્ય ચોપડે માત્ર ૩૨ પ્રતિ ઔંસ દર્શાવેલું છે. ભવિષ્યમાં જો તેનું પુનઃમૂલ્યાંકન કરવામાં આવે તો માર્કેટમાં નવી તેજી આવવાની પૂરી સંભાવના છે.

### રોકાણકારો માટે ક્રિસ વુડની શું છે સલાહ?

- **ટૂંકા ગાળાના રોકાણકારો માટેઃ** જે લોકોએ લેવરેજ (ઉધાર) પર સોનામાં રોકાણ કર્યું છે, તેઓએ આ ઊંચા મથાળે થોડો નફો બુક કરી લેવો જોઈએ.
- **લાંબા ગાળાના રોકાણકારો માટેઃ** જેઓ લાંબા ગાળાના આયોજન સાથે સોનું ધરાવે છે, તેમણે પોતાનું રોકાણ જાળવી રાખવું જોઈએ.
- **આગામી પડકારઃ** બજારમાં આગામી ૬ થી ૧૮ મહિના સુધી કોન્સોલિડેશન (સ્થિરતા) જોવા મળી શકે છે. વધુમાં, જો યુ.એસ. ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં આક્રમક વધારો કરશે તો સોનાની તેજીને ટૂંકા ગાળા માટે બ્રેક લાગી શકે છે.

### અબતક કાલે અંક બંધ

રંગોનું પર્વ ધુળેટીના તહેવાર નિમિતે "અબતક" કાર્યાલય આવતીકાલે બુધવારે સંપૂર્ણ રજા રાખશે જેથી અંક પ્રસિદ્ધ થશે નહીં. ગુરુવારથી નિયમિત અંક પ્રસિદ્ધ થશે જેની વાચકો, વિજ્ઞાપન દાતાઓ, અને વિતરક બંધુઓએ નોંધ લેવી.

- મેનેજીંગ તંત્રી

# કુદરત અને કરૂણાનું એક વર્ષઃ જામનગરના 'વનતારા'એ વન્યજીવ સંરક્ષણ ક્ષેત્રે વૈશ્વિક ફલક પર મેળવી અજોડ સિદ્ધિઓ

## વનતારાના હજારો પ્રાણીઓ માટે દરરોજ પોષણક્ષમ ખોરાક તૈયાર કરવા ૨૦૦થી વધુ ટ્રેઈન્ડ ન્યૂટ્રીશ્યન અને ૧૦૦ ખેડૂતો ચારો ઉગાડવા કરે છે મહેનત





**અબતક, રાજકોટ**

વનતારા રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા સ્થાપિત અને અનંત મુકેશ અંબાણીના વિઝન સમાન વન્યજીવ સંરક્ષણ અને પુનર્વસન કેન્દ્ર વનતારાના ઉદ્ઘાટનને આજે સફળતાપૂર્વક એક વર્ષ પૂર્ણ થયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે લોકાર્પણ થયા બાદ, માત્ર ૧૨ મહિનાના ટૂંકા ગાળામાં વનતારાએ પ્રાણીઓની સેવા, અદ્યતન તબીબી સારવાર અને વૈજ્ઞાનિક સંરક્ષણ ક્ષેત્રે નવા આયામો સર કર્યા છે.

ગયા એક વર્ષમાં વનતારાની સમર્પિત ટીમોએ વાઘ, સિંહ, સરીસૃપો, પક્ષીઓ અને વાનર વર્ગના હજારો ઘાયલ અને અસહાય પ્રાણીઓને બચાવીને તેમને સ્વસ્થ કર્યા છે. જટિલ સર્જરીઓ અને સ્નેહભરી સંભાળ બાદ અનેક પ્રાણીઓને સફળતાપૂર્વક તેમના કુદરતી નિવાસસ્થાને (જંગલમાં) પરત છોડવામાં આવ્યા છે. ખાસ કરીને લાકડાકાપ ઉદ્યોગ અને સર્કસ જેવી પીડાદાયક સ્થિતિમાંથી મુક્ત કરાયેલા ૨૫૦થી વધુ હાથીઓને અહીં નવું જીવન અને વૈજ્ઞાનિક સારવાર મળી રહી છે.

વન્યજીવ સંભાળમાં અનંત અંબાણીના અભૂતપૂર્વ યોગદાન બદલ તેમને પ્રતિષ્ઠિત 'ગ્લોબલ હ્યુમેન એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, વનતારાને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ જેવી કે EARAZA અને SEAZA ની સભ્યતા તેમજ 'પ્રાણી મિત્ર એવોર્ડ ૨૦૨૫' પ્રાપ્ત થયો છે, જે આ કેન્દ્રની વૈશ્વિક ગુણવત્તા પર મહોર મારે છે.

વનતારા માત્ર એક આશ્રયસ્થાન નથી, પરંતુ એક 'નેશનલ રેફરલ સેન્ટર છે. અહીં ૧૧ સેટેલાઈટ પ્રયોગશાળાઓ અને ૭૦થી વધુ નિષ્ણાતો કાર્યરત છે, જે દરરોજ ૨,૦૦૦થી વધુ નમૂનાઓની તપાસ કરી પ્રાણીઓના સ્વાસ્થ્યનું ધ્યાન રાખે છે. પ્રાણીઓના ખોરાક માટે ૧,૫૬,૦૦૦ કિલોગ્રામ ઉચ્ચ ગુણવત્તાવાળો ખોરાક સંપૂર્ણ સ્વચાલિત પદ્ધતિથી તૈયાર કરવામાં આવે છે.


દરરોજ હજારો પ્રાણીઓની સંભાળ રાખતા વનતારા ૧,૫૬,૦૦૦ કિલોગ્રામ ઉચ્ચ ગુણવત્તાવાળું ખોરાક સંપૂર્ણ સ્વચાલિત પદ્ધતિથી તૈયાર કરે છે. આ ખોરાક ૫૦ તાપમાન નિયંત્રિત વાહનો દ્વારા પહોંચાડવામાં આવે છે. ૨૦૦થી વધુ પ્રશિક્ષિત લોકો આ કામગીરી સંભાળે છે અને ૧,૦૦૦થી વધુ ખેડૂતો ચારો અને પશુઆહાર ઉગાડવામાં સહકાર આપે છે. સાથે સાથે ૨૦૦ સભ્યોની ચોવીસે કલાક સક્રિય ટીમે ૫૦થી વધુ આંતરરાષ્ટ્રીય બચાવ અભિયાન અને ૧૫ વાઈલ્ડ લાઈફ રેપિડ રિસ્પોન્સ તૈનાતીમાં સહાય કરી છે.

પ્રાણીઓની સાથે માનવ સેવાના અભિગમમાં પણ વનતારા અગ્રેસર રહ્યું છે. પંજાબના વિનાશકારી પૂર સમયે વનતારાની ટીમે ૧૦ લાખથી વધુ લોકોને રાહત સામગ્રી પહોંચાડી હતી. ગુજરાત વન વિભાગના સહયોગથી લુપ્તપ્રાય પ્રજાતિઓના સંવર્ધન માટે પણ આ કેન્દ્ર મહત્વનું યોગદાન આપી રહ્યું છે.

આજે એક વર્ષના અંતે, વનતારા કરૂણા અને આધુનિક વિજ્ઞાનના સમન્વય દ્વારા પૃથ્વી પરના મૂંગા જીવો માટે આશાનું કિરણ અને ભારત માટે ગૌરવનું પ્રતીક બની રહ્યું છે.

## વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ઉદ્ઘાટન કર્યા બાદ એક વર્ષમાં અસંખ્ય પ્રાણીઓને સાજા કરી જંગલમાં પરત મોકલવાની વનતારાની વૈશ્વિક સિદ્ધી





### વનતારામાં અનંત અંબાણીનું અનન્ય યોગદાન

વનતારાની પ્રથમ વર્ષમાં, અનંત અંબાણીએ વન્યજીવન સંરક્ષણ અને સંવર્ધનમાં તેમના નોંધપાત્ર વૈશ્વિક યોગદાન બદલ પ્રતિષ્ઠિત ગ્લોબલ હ્યુમન એવોર્ડ મળ્યો છે, જે કરૂણાપૂર્ણ, વિજ્ઞાન-આધારિત સંરક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે. EARAZA અને SEAZAની મેમ્બરશીપ, ગ્લોબલ હ્યુમન કન્ઝર્વેશન સર્ટિફિકેશન તથા પ્રાણી મિત્ર એવોર્ડ ૨૦૦૫ થકી, વનતારાની કામગીરીને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ બિરદાવાઈ છે. આ તમામ પ્રશસ્તિઓ કરતા પણ, આ સંસ્થાએ હંમેશા લાંબા સમયની અસરને જન્માવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે, અને સેંકડો પશુચિકિત્સકોને સંવર્ધન ઔષધિઓની તાલીમ આપવા, ૫૦થી વધુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નોલેજ-શેરિંગ કાર્યક્રમોનું આયોજન કરવાનું અને આગામી પેઢીના સંરક્ષણ ભેખધારીઓને પ્રેરણા આપવા રચાયેલા આઉટરીચ પ્રોગ્રામ હજારો હજારો બાળકોને વધુ સારૂં ભવિષ્ય પૂરું પાડવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.



## વન્યજીવનની સુરક્ષા, માનવજાતની નૈતિક જવાબદારી

# લુપ્ત થઇ રહેલા સેંકડો જીવોને મનુષ્યનો ખતરો: આજે વિશ્વ વન્યજીવ દિવસ

## ૫૦ હજાર જંગલી વનસ્પતિ પ્રજાતિઓ વિશ્વભરમાં અબજો લોકોની જરૂરિયાતો પૂરી કરે છેઃ ઔષધીય અને સુગંધિત હેતુઓ માટે વૈશ્વિક સ્તરે વપરાતી લગભગ ૯% વનસ્પતિ પ્રજાતિઓ વધુ પડતી કાપણી, રહેઠાણના નુકશાન, આબોહવા પરિવર્તન અને ગેરકાયદેસર વેપારને કારણે લુપ્ત થવાનો ભય છે


નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આજે વિશ્વ વન્યજીવન દિવસ વિશ્વભરમાં ઉજવાય રહ્યો છે ત્યારે,,૧૯૭૦ થી ૨૦૧૮ દરમિયાન સસ્તન પ્રાણીઓ, પક્ષીઓ, ઉભયજીવી પ્રાણીઓ, સરિસૃપ અને માછલીઓની દેખરેખ હેઠળની વસ્તીમાં સરેરાશ ૬૯% ઘટાડો થયો છે, જેમાં લેટિન અમેરિકા અને કેરેબિયન અને મીઠા પાણીની ઈકોસિસ્ટમમાં સૌથી વધુ ઘટાડો નોંધાયો છે. વૈજ્ઞાનિકો વૈશ્વિક વન્યજીવનમાં આ ઝડપી ઘટાડા માટે રહેઠાણના નુકશાન અને અધોગતિ, વધુ પડતું શોષણ, પ્રદૂષણ, આક્રમક પ્રજાતિઓ અને આબોહવા પરિવર્તનને મુખ્ય પરિબળો તરીકે ઓળખે છે.

દુનિયાભરમાં ઝડપથી લુપ્ત થઈ રહેલ વનસ્પતિ તથા જીવ જંતુઓની પ્રજાતિઓની સુરક્ષા માટે લોકોમાં જાગરૂકતા પેદા કરવાનો છે. જૈવ વિવિધતાની સમૃદ્ધિ જ ધરતીને રહેવા તથા જીવનને યોગ્ય બનાવે છે, પરંતુ સમસ્યા એ છે કે સતત વધતું પ્રદુષણ, વાતાવરણ પર એટલો ખતરનાક પ્રભાવ પાડે છે કે જીવ જંતુઓ તથા વનસ્પતિની અનેક પ્રજાતિ ધીરે ધીરે લુપ્ત થતી જઈ રહી છે. ભારતમાં આ સમયે ૯૦૦થી પણ વધારે દુર્લભ પ્રજાતિઓ ખતરામાં છે, એટલું જ નહિ, વિશ્વ ધરોહર ખોઈ બેસવાવાળા દેશોની યાદીમાં દુનિયાભરમાં ભારત ચીન પછી ૭માં ક્રમે આવે છે.વિશ્વની પ્રાણી સૃષ્ટિ અને વનસ્પતિની ૮૪૦૦થી વધુ પ્રજાતિઓ ગંભીર રીતે જોખમમાં છે. પ્રાણીઓ અને વનસ્પતિ આપણી ઈકોલોજીકલ સિસ્ટમમાં આવશ્યક ભૂમિકા ભજવે છેઃ તે ટકાઉ વિકાસના સામાન્ય, સામાજીક, આર્થિક, વૈજ્ઞાનિક, શૈક્ષણિક અને માનવ સુખાકારીમાં પણ યોગદાન આપે છે. વિશ્વમાં ૭૦ હજારથી વધુ પ્રજાતિઓ ખૂબ જ સંવેદનશીલ સાથે જોખમમાં તેનું અસ્તિત્વ ટકાવવા જજુમી રહી છે. એક તારણ મુજબ દસ લાખથી વધુ પ્રાણી વનસ્પતિની પ્રજાતિઓને લુપ્ત થવાનો ભય રહ્યો છે. પૃથ્વીનું સંવર્ધન કે અસ્તિત્વ આ પ્રાણીઓ અને વનસ્પતિઓ પર નિર્ભર છે, આપણે જંગલોનો નાશ કરીને પર્યાવરણ બગાડ્યું સાથે જીવ સૃષ્ટિનો પણ નાશ કર્યો, જેના કારણે ગ્લોબલ વોર્મિંગ જેવી વિકટ સમસ્યા વિશ્વમાં પેદા થઈ છે. ઋતુચક્રોમાં થયેલા ફેરફાર આવાજ અનબેલેન્સની દેન છે. આજે વિશ્વમાં બહુ ઝડપથી પ્રાણીઓ અને વનસ્પતિની પ્રજાતિઓ લુપ્ત થઈ રહી છે. આજે આપણે સૌએ જીવજંતુ-પ્રાણીઓ-




વનસ્પતિઓને બચાવવા જાગૃતિ લાવવી પડે છે. આજના દિવસનો હેતું પણ આ છે કે આપણે ભાવી પેઢીને હરિયાળું વિશ્વ આપીએ. સંયુક્ત રાષ્ટ્રે ૨૦૧૩માં વન્યજીવન દિવસ ઉજવવાનું નક્કી કર્યું હતું. આ અગાઉ પણ વન્ય જીવોના વિલુપ્ત થતા રોકવા માટે સૌથી પહેલા ૧૮૭૨માં જંગલી હાથી સંરક્ષણ અધિનિયમ પસાર કરાયો હતો. ૫૦હજાર જંગલી વનસ્પતિ પ્રજાતિઓ વિશ્વભરમાં અબજો લોકોની જરૂરિયાતો પૂરી કરે છે. ઔષધીય અને સુગંધિત હેતુઓ માટે વૈશ્વિક સ્તરે વપરાતી લગભગ ૯% વનસ્પતિ પ્રજાતિઓ વધુ પડતી કાપણી, રહેઠાણના નુકશાન, આબોહવા પરિવર્તન અને ગેરકાયદેસર વેપારને કારણે લુપ્ત થવાનો ભય છે.પાંચમાંથી એક વ્યક્તિ પોતાના ખોરાક અને આવક માટે જંગલી છોડ, શેવાળ અને ફૂગ પર આધાર રાખે છે. પૃથ્વી પર કાયમ જીવન ધબકતું રાખવા માટે પ્રાણી સૃષ્ટિ અને વનસ્પતિઓ હોવી જરૂરી છે. તેના વગર આપણું જીવન શક્ય જ નથી. જંગલો અને પ્રાણીઓ થકી જ આપણું હૃદય સતત ધબકી રહ્યું છે. આ વર્ષની ઉજવણી થીમ ‘‘ઔષધીય અને સુગંધિત છોડઃ આરોગ્ય, વારસો અને આજીવિકાનું સંરક્ષણ'' છેઃ માનવ સ્વાસ્થ્ય, સાંસ્કૃતિક વારસો અને સ્થાનિક આજીવિકાને ટકાવી રાખવામાં આ છોડની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડે છે, અને નિવાસસ્થાનના નુકશાન, વધુ પડતી કાપણી અને આબોહવા પરિવર્તનથી તેઓ કેવી રીતે વધી રહ્યા છે તેના પર દબાણ દર્શાવે છે. માનવ સંસ્કૃતિનો શ્રેષ્ઠ વિકાસ વૃક્ષો- પાણીને, પ્રાણીઓ વચ્ચે જ થયો છે. જેમાં નાઈલનદીની સંસ્કૃતિ, સિંધુ નદીની આસપાસની સંસ્કૃતિ સાથે પર્યાવરણથી લથલથ આફ્રિકાના વિશાળ જંગલોમાં જોવા મળે છે. સૃષ્ટિ ઉપર તમામ પોતાના પર્યાવરણમાં, રહેઠાણમાં રહેવાનો અધિકાર છે, પણ કાળા માથાના માનવીએ જંગલોના નાશ સાથે તથા શિકાર કરીને વન્ય સૃષ્ટિનો પણ નાશ કરતાં પૃથ્વીનું અસ્તિત્વ જોખમમાં મુક્યું છે. એજ આપણાં જીવન સાથી છે. ત્યારે તેની ગેરહાજરી આપણું જીવન પણ ટુકાવશે.આપણાં દેશની વાત કરીએ તો વાઈલ્ડ લાઈફ સેન્ચુરીની ટોપ ફાઈવમાં ઉત્તરાખંડમાં આવેલ જિમ કાર્બેટ નેશનલ પાર્ક, રાજસ્થાનનું રણથંભૌર નેશનલ પાર્ક, બાંધવગઢ અભ્યારણ- મધ્યપ્રદેશ, આસામનું કાજીરંગા નેશનલ પાર્ક અને બંગાળનું સુંદરવન રાષ્ટ્રીય ઉદ્યાન છે. જેમાં ઉત્તરાખંડનું સૌથી જુનું ગણવામાં આવે છે. આ પાર્કમાં વાઘ, હાથી, દિપડા, હરણ, જંગલી સુઅર, વાંદરા, શિયાળ, રીંછ, ગેંડા વિગેરે પ્રાણીઓ સાથે અલભ્ય એવા વૃક્ષો પણ જોવા મળે છે. યુનેસ્કોની વિશ્વ વિરાસતમાં આપણું કાજીરંગા પાર્કનો સમાવેશ થયો છે. પૃથ્વી આપણી સાથે ઘણા વન્ય જીવનનું પણ આશ્રયસ્થાન છે. વન્યજીવન પર્યાવરણને સંતુલન જાળવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે તેથી આ જીવોનું સંરક્ષણ કરવું ખૂબ જ જરૂરી છે. જંગલો કપાતા વન્યજીવોને નુકશાન સાથે તેના વિસ્તારોમાં મનુષ્યોની સતત દખલગીરીને કારણે ઘણી અલભ્ય પ્રાણી સૃષ્ટિ નાશ પામવા લાગી છે. તેના શિકારને કારણે આપણી ઈકોસીસ્ટમને ભયંકર નુકશાન થયું છે. આ બધાના ગંભીર પરિણામો આપણે સૌએ આવનારા દિવસોમાં જોવા પડશેને ભોગવવા પણ પડશે. આજે વૈશ્વિક લેવલે શહેરીકરણ, વન્ય જીવોનો શિકાર અને તેના નિવાસસ્થાનનો વિનાશ જેવા મુદાઓ ઉઠી રહ્યા છે.જંગલો આપણી સંસ્કૃતિ છે, જંગલોનું ઘરેણું એટલે વન્યસૃષ્ટિ પ્રાણીઓ અને વનસ્પતિઓ. તે પ્રકૃતિની અમૂલ્ય ભેટ છે તે ઓકિસજન લેવલ, દવાઓ, ખોરાક તથા જમીનની ફળદ્રુપતામાં મદદરૂપ થાય છે. આ પ્રજાતિને બચાવવા માટે આજના દિવસનું મહત્વ વિશેષ છે. આજે જે પ્રાણીઓ-પક્ષીઓ લુપ્ત થવા જઈ રહ્યા છે તેને કેમ બચાવવા, સંવર્ધન કરવું જેવા મુદા સાથે દરેક પૃથ્વીવાસીએ ચિંતા-ચિંતન સાથે સક્રિય કાર્ય કરવું પડશે.

### લુપ્ત થતી પ્રાણી સૃષ્ટિ બચાવીને ‘‘ઈકોસિસ્ટમ''ને પુનઃસ્થાપન કરો

આજે ભારત સહિત વિશ્વમાં જંગલી પ્રાણી સૃષ્ટિ અને વનસ્પતિની કેટલીક અત્યંત જોખમી પ્રજાતિઓની સંરક્ષણ બાબતે વૈશ્વિકસ્તરે પૃથ્વીવાસીઓનું ધ્યાન કેન્દ્રીત કરવા આજનો દિવસ ઉજવાય છે. છેલ્લા દસકાથી સમગ્ર વિશ્વ આ બાબતે જાગૃત થયું છે જે એક સારી બાબત છે. જંગલી પ્રાણી સૃષ્ટિ અને વનસ્પતિની બીજી ૩૦ હજારથી વધુ પ્રજાતિઓ ખૂબ જ સંવેદનશીલ સાથે જોખમમાં તેનું અસ્તિત્વ ટકાવવા જજુમી રહ્યા છે. વિશ્વ વન્ય જીવન બાબતે ગંભીર રીતે, ભયંકર પ્રજાતિઓના લુપ્ત થવાના પરિબળોને ઉલટાવી દેવાની સાથે તેમને તેનું મૂળ પર્યાવરણ, આવાસો, ખોરાક વિગેરે મળી રહે તેવી વ્યવસ્થા પુનઃસ્થાપન કરવા માટેના વૈશ્વિક કાર્ય પર ભાર મુકે છે. લુપ્ત થતી પ્રજાતિઓના રહેઠાણ, સાથે તેની ઈકોસિસ્ટમનું સતત નુકશાન આપણાં સહિત પૃથ્વી પરના તમામ જીવનને જોખમમાં મુકે તેમ હોવાથી આપણે તેના પુનઃસ્થાપન માટે હવે જરૂરી પગલા ભરવા જ પડશે.

**પાંચમાંથી એક વ્યક્તિ પોતાના ખોરાક અને આવક માટે જંગલી છોડ, શેવાળ અને ફૂગ પર આધાર રાખે છેઃ વિકાસશીલ દેશોમાં ૭૦ થી ૯૫% વસ્તી પ્રાથમિક આરોગ્યસંભાળ માટે પરંપરાગત દવા પર આધાર રાખે છે**

## યુધ્ધ સંદર્ભે પ્રદેશ ભાજપ દ્વારા હેલ્પલાઈન શરૂ કરાય

**અબતક, રાજકોટ**

ખાડી દેશોમાં ઊભી થયેલી યુદ્ધની પરિસ્થિતિમાં ગુજરાતના અસરગ્રસ્તોને મદદરૂપ થવા માટે ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માના માર્ગદર્શન હેઠળ ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી દ્વારા હેલ્પલાઈન સુવિધા શરૂ કરાઈ છે. ૦૭૯૨૩ ૨૭૬૯૪૩, ૦૭૯૨૩ ૨૭૬૯૪૪ તથા ૮૧૪૧૧ ૩૮૦૦૦, ૮૧૪૧૭ ૩૫૦૦૦ નંબર પર કોલ કરી નાગરિકો અસરગ્રસ્ત વિસ્તારમાં ફસાયેલા સ્વજનનું નામ, સ્થળ, સંપર્ક વિગત તથા અન્ય જરૂરી માહિતી નોંધાવી શકશે. આ હેલ્પલાઈનનો હેતુ યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં ફસાયેલા ગુજરાતના નાગરિકોની માહિતી એકત્રિત કરીને સહાય પૂરી પાડવાનો છે. નાગરિકો જાહેર કરાયેલા નંબર પર સંપર્ક કરી તેમના વિસ્તારમાં ફસાયેલા સ્વજનનું નામ, સ્થળ, સંપર્ક વિગત નોંધાવી શકશે. ભાજપા દ્વારા પ્રાપ્ત થતી તમામ વિગતોને પ્રાથમિકતા સાથે કેન્દ્ર સરકાર સુધી અસરકારક રીતે પહોંચાડવામાં આવશે, જેથી યોગ્ય સંકલન દ્વારા ઝડપી સહાય સુનિશ્ચિત થઈ શકે. સંવેદનશીલ સમયમાં નાગરિકોને જરૂરી તમામ સહયોગ માટે ભાજપા સજ્જ છે.

## રાજકોટમાં હરિ ઓમ ફોજ દ્વારા સર્વ પ્રથમ બ્રહ્મ સમાજ સમૂહ લગ્ન અને જનોઈનો મહોત્સવ

### મુક્તાનંદ બાપુના જન્મદિને નિઃશુલ્ક સમૂહ લગ્નઃ જાનમાં સંખ્યાબંધ મહેમાનોની છૂટ અને ભવ્ય કરિયાવર સાથેનું આયોજન

**અબતક**
**જયેશ દવે, સુલતાનપુર**

અખિલ ભારતીય સાધુ સમાજ ના પ્રમુખ અને બ્રહ્મચારી સંત મુક્તાનંદ બાપુના આશીર્વાદ તથા પ્રેરણાથી સ્થાપિત શ્રી હરિ ઓમ ફોજ દ્વારા રાજકોટ ખાતે સમસ્ત બ્રહ્મ સમાજ માટે એક ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. મુક્તાનંદ બાપુના અવતરણ દિવસ નિમિત્તે તારીખ ૧૬ મે ૨૦૨૬ ના રોજ સમસ્ત બ્રહ્મ સમાજ ના દીકરા-દીકરીઓ માટે આદર્શ સમૂહ લગ્ન અને તારીખ ૧૭ મે ૨૦૨૬ ના રોજ બટુકો માટે સમૂહ જનોઈનું આયોજન કરવામાં આવ્યું છે.

આ આયોજનની વિશેષતા એ છે કે સમૂહ લગ્નમાં જોડાનાર વર-કન્યા પાસેથી કોઈ પણ પ્રકારની રજિસ્ટ્રેશન ફી લેવામાં આવશે નહીં. સાથે જ, જાનમાં કોઈ પણ સંખ્યા મર્યાદા રાખવામાં આવી નથી. દીકરીઓને આધુનિક યુગની ઘરવખરીની તમામ વસ્તુઓ મોટી માત્રામાં કરિયાવર રૂપે આપવામાં આવશે.સમૂહ લગ્ન અને સમૂહ જનોઈમાં જોડાવા માટે તારીખ ૨૦ માર્ચ ૨૦૨૬ સુધીમાં વહેલા તે પહેલાના ધોરણે નોંધણી કરાવવાની રહેશે.નોંધણી માટે મિલન ભાઈ શુકલ (રાજકોટ): ૯૭૨૪૨ ૦૦૦૦૧, જયેશ ભાઈ જોષી (રાજકોટ): ૯૯૨૫૪ ૮૬૬૮૫, પરેશ ભાઈ જોષી (આટકોટ/જસદણ): ૯૪૨૬૯ ૨૭૭૯૭, ગિરીશ મહેતા (ગોંડલ): ૯૪૨૮૦ ૩૯૩૦૦, હિરેન જોષી (જેતપુર): ૭૨૧૧૧ ૭૨૪૧૧, જયદેવ ભાઈ જોષી (જૂનાગઢ): ૯૮૨૫૨ ૨૦૦૦૨, જયંતિ ભાઈ શિલું (જૂનાગઢ): ૯૮૨૪૮ ૭૫૫૬૫, પરેશ ભાઈ જોષી (અમરેલી): ૯૦૮૧૦ ૯૦૭૯૦, અજય તેરૈયા (જૂનાગઢ): ૭૮૭૮૦ ૨૨૮૯૫, જયદીપ જોષી (જામજોધપુર): ૯૯૯૮૨ ૩૪૫૯૧, યોગેશ ભાઈ મહેતા (રાજકોટ): ૯૪૨૯૦ ૪૫૨૯૯ સંપર્ક કરો.

### રાજકોટના ભાગોળે રતનપર ખાતે

## રતનપર રામચરિત માનસ મંદિરમાં ધૂળેટી પર્વે કાલે ઉજવાશે ફૂલડોલ મહોત્સવ

**અબતક, રાજકોટ**

રાજકોટની ભાગોળે મોરબી રોડ પર રતનપર ખાતે સુપ્રસિદ્ધ દર્શનીય યાત્રાધામ શ્રીરામચરિતમાનસ મંદિરે ધૂળેટીના અવસરે દર વર્ષની પરંપરા મુજબ તા.૪ માર્ચને બુધવારે ધૂળેટીએ અલૌકિક મધુમય ભકિતભીના ફુલડોલ ઉત્સવ ઉજવાશે. રણછોડદાસજી બાપુ તથા મહામંડલેશ્વર ૧૦૦૮ હરિચરણદાસજી બાપુના શુભાશિષથી આયોજિત આ પાવન મહોત્સવમાં રાજકોટ ગીતા વિદ્યાલયથી ૧૪ કિ.મી.ની પદયાત્રા કરીને આવેલા પદયાત્રીઓએ લાવેલ ૧૦૮ મંગલકર્તા ધજાઓ સદ્ગુરૂ અને જગદ્ગુરૂના સંગમરૂપ રણછોડરાયજીના મંદિરે ચડાવવામાં આવશે. આ ઉત્સવમાં રામમંદિરના ધૂપ-દીપ અને પુષ્પોની સુવાસથી મહેંકતા વિશાળ પ્રાર્થના, સત્સંગ, સભાખંડમાં સવારે ૧૧-૦૦ કલાકે ધર્મસભાનું આયોજન કરેલ છે. જેમાં હરિચરણદાસજી મહારાજના ઉત્તરાધિકારી અને રામજી મંદિર ગોંડલના અધ્યક્ષ જયરામદાસજી બાપુ, સદ્વિદ્યાધામ ગુરુકુળના નિર્મળદાસજી સ્વામી, અશોકભાઈ ભટ્ટ, કનૈયાલાલ ભટ્ટ, જનકભાઈ મહેતા વગેરે ઉપસ્થિત રહીને આશીર્વચન પાઠવશે. હજારો ભાવિકોની હાજરીમાં ભકિતભાવપૂર્વક ફૂલડોલ ઉત્સવ ઉજવાશે. અત્રેએ ઉલ્લેખનીય છે કે કોઈપણ જાતના રંગો કે પાણી વગર માત્ર પુષ્પપાંદડીઓ દ્વારા છેલ્લા ૩૫ વર્ષોથી ફૂલડોલ ઉત્સવની ઉજવણી થતી હોય તેવું સૌરાષ્ટ્રનું આ અજોડ આયોજન છે. આ પ્રસંગે બપોરે ૧૨-૦૦ કલાકે રામમંદિરના વિશાળ પટાંગણમાં સર્વે ભાવિકો માટે શુદ્ધ ઘીમાંથી નિર્મિત ભોજન મહાપ્રસાદનું આયોજન કરેલ છે. જેમાં દિવસ દરમ્યાન આશરે દસ હજાર જેટલા ભાવિકોએ ભોજન પ્રસાદ લેશે. સર્વે ધર્મપ્રેમી ભાવિકોને ફૂલડોલ મહોત્સવમાં ઉપસ્થિત રહીને પૂજા, દર્શન, આરતી, ભોજન મહાપ્રસાદનો ધર્મલાભ લેવા સિયારામ મંડળીએ જાહેર નિમંત્રણ પાઠવ્યું છે.




### તા. ૪-૩ -૨૦૨૬ બુધવાર

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ફાગણ શુદ એકમ ધુળેટી
**નક્ષત્ર** પુર્વાફાલ્ગુની
**યોગ** ધૃતિ **કરણઃ** તૈતિલ
**સુર્યોદય** ૭.૦૬ **સુર્યાસ્તઃ** ૬.૫૨
**ચંદ્ર રાશી** સિંહ
**રાશિ અક્ષર** મ.ટ
**દિશાશૂળ** ઉત્તર દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૧૨ થી ૧.૩૦
**દિવસનાચોઘડીયા** લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ
**રાત્રીનાચોઘડીયા** ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૫ થી ૧.૨૨

**શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭**

### સૂડોકુ -૭૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૫ | | ૩ | | ૨ | | ૬ | |
| | ૬ | | ૮ | | ૭ | ૧ | | |
| ૧ | ૮ | ૨ | | ૪ | | | | ૭ |
| ૫ | | | | | | ૪ | | |
| | | ૮ | | ૭ | | | ૩ | ૧ |
| ૬ | ૪ | | ૫ | | ૩ | ૨ | | |
| | ૩ | ૭ | | | | | ૯ | ૫ |
| ૮ | | | | | | | | |
| | ૯ | | | ૩ | | ૬ | ૧ | ૪ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૭૨ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૮ | ૧ | ૫ | ૭ | ૩ | ૯ | ૬ | ૨ |
| ૫ | ૩ | ૬ | ૨ | ૮ | ૯ | ૪ | ૧ | ૭ |
| ૯ | ૨ | ૭ | ૧ | ૬ | ૪ | ૮ | ૩ | ૫ |
| ૧ | ૪ | ૮ | ૯ | ૩ | ૫ | ૭ | ૨ | ૬ |
| ૭ | ૫ | ૯ | ૮ | ૨ | ૬ | ૩ | ૪ | ૧ |
| ૩ | ૬ | ૨ | ૭ | ૪ | ૧ | ૫ | ૮ | ૯ |
| ૨ | ૯ | ૫ | ૩ | ૧ | ૮ | ૬ | ૭ | ૪ |
| ૬ | ૧ | ૩ | ૪ | ૫ | ૭ | ૨ | ૯ | ૮ |
| ૮ | ૭ | ૪ | ૬ | ૯ | ૨ | ૧ | ૫ | ૩ |

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૦૩-૦૩-૨૦૨૬ મંગળવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ફકત મહિલાઓ માટે)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (રામલડુ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.સંજય દેસાઈ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૨૦ ગુજરાતી નાટક (જૂઠું બોલો જલસા કરો)
૦૭:૨૦ થી ૦૭:૪૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૪૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૪-૦૩-૨૦૨૬ બુધવાર**
૦૦:૦૭ થી ૧૦:૦૦ ભાગવત કથા (પૂ.મોરારિબાપુ)
૧૦:૦૦ થી ૧૦:૧૦ ધુળેટી સ્પેશિયલ
૧૦:૧૦ થી ૧૧:૦૦ રસથાળ (તવા પુલાવ)
૧૧:૦૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (કમઠાણ)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (રજવાડી શંખ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો સંજય દેસાઈ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સ્પે.સ્ટોરી (બ્રેઈનસ્ટોક સ્ટોરી)
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (ગુજ્જુભાઈ બન્યા દબંગ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલ જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૫-૦૩-૨૦૨૬ ગુરુવાર**
૦૦:૦૭ થી ૧૦:૦૦ ભાગવત કથા (પૂ.મોરારિબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ (તવા પુલાવ)
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## આવતીકાલનું રાશિફળ

**તા.૪.૩.૨૦૨૬ બુધવાર, સંવંત ૨૦૮૨, ફાગણ વદ એકમ, પૂર્વાફાલ્ગુની નક્ષત્ર, ઘ્રુતિ યોગ, કૌલવ કરણ આજે બપોરે ૧.૪૫ સુધી જન્મેલાંની ચંદ્ર રાશિ સિંહ (મ,ટ) ત્યારબાદ કન્યા (પ,ઠ,ણ) રહેશે**

**મેષ (અ,લ,ઈ) :** સીધી સરળ વાતથી કાર્ય નહિ બને એ માટે કુટનિતિજ્ઞ રસ્તાઓ અપનાવવા પડે, બુદ્ધિપૂર્વક નિર્ણય લેવા.
**વૃષભ (બ,વ,ઉ) :** પ્રણયમાર્ગે આગળ વધી શકો, મનની વાત વ્યક્ત કરી શકો. લાગણીના સંબંધોમાં સારું રહે.
**મિથુન (ક,છ,ઘ) :** તમારા અંતરંગ શોખ માટે સમય કાઢી શકો, જમીન મકાન વાહન સુખ સારું રહે, દિવસ પ્રગતિકારક રહે.
**કર્ક (ડ,હ) :** ગણતરીપૂર્વકના સાહસ થી લાભ થશે, નવા કાર્યમાં આગળ વધી શકો, રચનાત્મક કામગીરી કરી શકો.
**સિંહ (મ,ટ) :** બેન્ક વીમા વિગેરે કાર્ય કરીશ શકો, આર્થિક બાબતોમાં મધ્યમ રહે, આવકના નવા સ્રોત્ર વિચારી શકો.
**કન્યા (પ,ઠ,ણ) :** તમારા વ્યકિતત્વનો વિકાસ થાય, નવા વિચારોથી લાભ થાય, યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.
**તુલા (ર,ત) :** દૂર દેશથી સારા સમાચાર મળે, નવા સંપર્કો સાથે વાત થાય. અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો.
**વૃશ્ચિક (ન ,ય) :** જીવનમાં પરિવર્તનનો પવન ફૂકાતો જોવા મળે, નવા વિચારથી મન સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો.
**ધન (ધ,ભ,ફ,ઢ) :** વેપારી વર્ગને મધ્યમ રહે, નોકરિયાતવર્ગે ઉપરી અધિકારીઓ સાથે મતભેદ નિવારવા સલાહ છે.
**મકર (ખ,જ) :** ગુરુકૃપા થી કાર્ય સિદ્ધ થાય, ધ્યાન-યોગ-મૌનથી લાભ થાય, આધ્યાત્મિક ચિંતન થાય, શુભ દિન.
**કુંભ (ગ ,સ,શ) :** બધું મનનું ધાર્યું ના થાય, મિશ્ર અનુભવ આપતો દિવસ, નેગેટિવ વિચારો ટાળવા સલાહ છે.
**મીન (દ,ચ,ઝ,થ) :** પ્રણયમાર્ગે ચાલનારા માટે મધ્યમ કહી શકાય, વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે છે, સુંદર દિવસ.

## ૩ માર્ચના ગ્રહણથી એક માસનો સમય કસોટીભરેલો ગણી શકાય



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

તા.૨૭ ફેબ્રુઆરીના લેખમાં લખ્યા મુજબ પ્રબળ યુદ્ધના સંકેત અને મોટા સત્તાધીશો પર સંકટ અને મોટા ફેરફારની વાત લખી હતી તે મુજબ ખુબ મોટા પાયે ઈરાન ઈઝરાયેલ અમેરિકા યુદ્ધ ચાલી રહ્યું છે અને ઈરાનના વડા ખોમીનોઈ સહીત તેમના ઘણા મંત્રી માર્યા ગયા છે વળી અત્રે અગાઉ લખ્યા મુજબ દરિયામાં ભારે હલચલ છે અને જળતત્વમાં શનિ બહુ મોટા કાટમાળ દરિયાના પેટાળમાં માંગે છે તે મુજબ સબમરીન અને યુદ્ધ જહાજો પર મોટા પાયે અસર થઈ છે તો આગામી દિવસો વધુ લડાયક અને તક લીફભરેલા જણાય છે કેમ કે ૩ માર્ચના ચંદ્રગ્રહણથી એક માસનો સમય વિશેષ ભારે ગણી શકાય જે વિષે અત્રે લખી ચુક્યો છું તો જળતત્વમાં જયારે શનિ કેતુ કે રાહુ જેવા ક્રૂર ગ્રહો હોય છે ત્યારે દરિયામાં યુદ્ધ અને જહાજ તથા સબમરીન ડૂબવાના બનાવ બને છે વળી પૃથ્વી પર પણ હાહાકાર થાય છે અને મોટા શહેરો પર અને ઈમારતો પર પણ આફત આવે છે. ગ્રહણ સમયે છ ગ્રહો સીધા જ સિંહ અને કુંભ રાશિમાં જોડાયેલા છે તો શુક્ર અને શનિ નાડી સંબંધથી અને ગુરુ દ્રષ્ટિ સંબંધથી જોડાયેલા છે જે નવે નવ ગ્રહ હાલ એક મિશન લઈને ચાલે છે તેમ કહી શકાય તો શનિએ હાલ જ નેપ્ચ્યુનની ડિગ્રી ક્રોસ કરી છે જે મોટી ઉથલપાથલ સૂચવે છે અને વિશ્વના અનેક દેશ આ યુદ્ધમાં શામેલ થતા જાય છે અને નુકિલઅર વોર બાબતે વિશ્વની ચિંતા વધે અને દરિયામાં વિશેષ હલચલ અને યુદ્ધ માહોલ જોવા મળે જે આગામી એક માસ માટે જોવા મળે તો અન્ય દેશોમાં પણ આંદોલનો અને હતાહત અને અશાંતિનો માહોલ જોવા મળે તથા આતંકી ગતિવિધિ અને ચાંચીયાગિરી જહાજ પર હુમલા પર પણ ચાંપતી નજર રાખવી પડે તેવા સંકેત ગ્રહો આપી રહ્યા છે.

# કોર્પોરેશનમાં ગુરૂવારે અંતિમ સ્ટેન્ડિંગઃ ૧૧૫ દરખાસ્તો

## રાજ્ય સરકાર પાસે વિકાસ કામો માટે વધારાની રૂ.૨૫૬.૪૪ કરોડનો ગ્રાન્ટ મંગાશેઃ તબીબી સહાયમાં મ્યુનિ. કમિશનરની સત્તામાં વધારો કરાશે

## રૈયા રોડથી સ્માર્ટ સિટી સુધીનો રસ્તો રૂ.૧૮.૫૯ કરોડના ખર્ચે ડેવલપ કરાશે,સેન્ટ્રલ અને વેસ્ટ ઝોન માટે ડામર એક્શન પ્લાનની દરખાસ્ત પણ આવી ગઈ


## નાના-મોટા તમામ બ્રિજના ઈન્સ્પેક્શન માટે એજન્સી નિયુક્ત થશે,વોર્ડ નં.૧૨માં નવી લાયબ્રેરી અને વોર્ડ નં.૧૧માં એનિમલ હોસ્ટેલ હોસ્પિટલનું નિર્માણ કરાશે

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની વર્તમાન બોડીની મુદ્દત આવતા સપ્તાહે ૧૧ માર્ચના રોજ પૂર્ણ થઈ રહી છે.ત્યારે આગામી ગુરુવારે સ્ટેન્ડિંગ કમિટીની અંતિમ બેઠક મળશે. જેમાં શહેરના અલગ અલગ વિસ્તારોમાં વિકાસ કામો મંજૂર કરવા માટે ૧૧૫ દરખાસ્તો પર નિર્ણય લેવામાં આવશે. કરોડો રૂપિયાનો ખર્ચને છેલ્લી સ્ટેન્ડિંગ બેઠકમાં બહાલી આપવામાં આવશે.

આ અંગે વધુ માહિતી આપતા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીનભાઈ ઠાકર જણાવ્યું હતું કે આગામી ગુરુવારે રાજકોટ મહાનગરપાલિકાની વર્તમાન બોડીની સંભવતા અંતિમ સ્ટેન્ડિંગ કમિટીની બેઠક મળશે. જેમાં મ્યુનિસિપલ કમિશનર દ્વારા મંજૂરી અર્થે મોકલવામાં આવેલી અલગ અલગ ૧૧૫ દરખાસ્ત પર નિર્ણય લેવામાં આવશે. શહેરના ઈસ્ટ ઝોન વિસ્તારમાં અલગ-અલગ વોર્ડમાં જુદી જુદી જગ્યાએ આંગણવાડી બનાવવા, વોર્ડ નં.૧૨માં વાવડી વિસ્તારમાં તપન હાઈટ્સની સામે સ્પોન્જ ગાર્ડન બનાવવા માટે ખર્ચ મંજૂર કરવા અંગે નિર્ણય લેવાશે. આ ઉપરાંત વોર્ડ નં.૧માં રૈયા ગામથી સ્માર્ટ સીટી સુધીનો ડીપી રોડ રૂ. ૧૮.૫૯ કરોડના ખર્ચે ડેવલપ કરવાની દરખાસ્ત પણ રજૂ કરાય છે .વોર્ડ નંબર ૧૪માં શેઠ હાઈસ્કુલ ગ્રાઉન્ડમાં વોકિંગ ટ્રેક બનાવવા, શહેરના અલગ અલગ વિસ્તારોમાં આવેલા નાના-મોટા બ્રીજના ઈન્સ્પેકશન અને રિપોર્ટિંગ માટે કન્સલ્ટન્ટની નિમણૂક કરવા વોર્ડ નં. ૧૨માં નવી વોર્ડ ઓફિસ બનાવવા , વાવડીવિસ્તારમાં લાઈબ્રેરી બનાવવા,વોર્ડ નં. ૧૧માં મોટા મવા વિસ્તારમાં એનિમલ હોસ્ટેલ પાસે એનિમલ હોસ્પિટલ બનાવવા માટે ખર્ચ મંજૂર કરવાની દરખાસ્ત રજૂ કરાય છે.



તેઓએ વધુમાં ઉમેર્યું હતું કે શહેરના અલગ -અલગ વિસ્તારોમાં અલગ અલગ પ્રોજેક્ટ અંતર્ગત વિકાસ કામો માટે રૂપિયા રૂ.૧૦૩૦ કરોડની આવશ્યકતા હતી. જેના માટે રાજ્ય સરકાર દ્વારા રૂ.૫૧૫ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. દરમિયાન વધારાની રૂ.૨૫૬.૪૪ કરોડની ગ્રાન્ટ ફાળવણી માટે ની દરખાસ્ત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ

(અનુ. આઠમા પાને)

### કોર્પોરેશનના અધિકારી- કર્મચારીઓને હવે ૨૧ રોગમાં મળશે તબીબી આર્થિક સહાય

#### મ્યુનિ.કમિશનર હવે ૧ લાખના બદલે ૩ લાખ સુધીની સહાય રકમ મંજૂર કરી શકશે

રાજકોટ મહાનગર પાલિકાના કર્મચારીઓને તબીબી આર્થિક સહાય ચૂકવવામાં આવે છે. જેમાં નીતિમાં સુધારો કરવા માટે ફેરફાર કરવામાં આવ્યો છે. બદલાતી જીવન શૈલીના કારણે નવી ઉદ્ભવેલી બીમારીઓને ધ્યાનમાં રાખી હવે કર્મચારીઓ અને આજે કાર્યોને અલગ અલગ ૨૧ પ્રકારના રોગ માટે તબીબી સહાય આપવામાં આવશે. જેમાં મગજ, કરોડરજ્જુ, આંખ, કાન, હૃદય ફેફસા, છાતી, અન્નનળી, જઠર, લીવર ,કિડની, કોરોના ,ગંભીર ચેપીરોગ,પ્લાસ્ટિક સર્જરી માનસિક સ્વાસ્થ્ય અને લગતી બીમારી જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી એવા રોગનો સમાવેશ થાય છે. હાલના નિયમ મુજબ કર્મચારીને તબીબી સહાયની મહત્તમ મર્યાદા ૧ લાખ સુધીનો ખર્ચ મ્યુનિસિપલ કમિશનર દ્વારા મંજૂર કરવામાં આવે છે. આથી વધુ રકમનો ખર્ચ થાય તો સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ દરખાસ્ત રજૂ કરવી પડે છે. હવે નવી દરખાસ્ત અંતર્ગત તબીબી સહાયની મર્યાદામાં વધારો થશે .હવેથી મ્યુનિસિપલ કમિશનર દ્વારા મંજૂર કરતી રકમ એક લાખથી વધારીને ત્રણ લાખ સુધી કરવામાં આવશે.૩ લાખની વધુનો ખર્ચ થશે તો મ્યુનિસિપલ કમિશનર દ્વારા ટ્રેન્ડિંગ કમિટી રમત દરખાસ્ત રજૂ કરવામાં આવશે.અંતિમ સ્ટેન્ડિંગ બેઠકમાં તબીબી સહાયની અલગ અલગ ૨૨ દરખાસ્ત રજૂ કરાયું છે.

# કોર્પોરેશનની ચૂંટણી માટે ઉમેદવારોની પસંદગી કરવા ગુરૂ-શુક્રવારે કોંગ્રેસ લેશે સેન્સ

## ગુરુવારે સવારે વોર્ડ નં. ૧ થી ૪, બપોરે વોર્ડ નં. ૫ થી ૯ જ્યારે શુક્રવારે સવારે વોર્ડ નં. ૧૦થી ૧૪ અને બપોરે વોર્ડ નં. ૧૫ થી ૧૮ માટે ચૂંટણી લડવા ઈચ્છુકોને પ્રદેશ નિરીક્ષકો સાંભળશે

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ચૂંટણીલક્ષી તૈયારીઓનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યો છે. ચૂંટણી લડવા ઈચ્છુક ઉમેદવારો માટે ઉમેદવારી ફોર્મ સ્વીકારવાની પ્રક્રિયા સત્તાવાર રીતે શરૂ કરવામાં આવી છે.

આ અંગે પ્રેસ કોન્ફરન્સને સંબોધતા શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે હવે ચૂંટણીના ગણતરીના દિવસો બાકી રહ્યા હોવાથી ચૂંટણીલક્ષી તૈયારીઓ શરૂ કરવામાં આવી છે અને મજબૂત રણનીતિ સાથે કોંગ્રેસ પક્ષ ચૂંટણી મેદાનમાં ઉતરશે. ચૂંટણી લડવા ઈચ્છુક દરેક ઉમેદવારને ઉમેદવારી ફોર્મ ભરવાનું રહેશે અને તમામ ઉમેદવારોને સંગઠન દ્વારા વ્યક્તિગત રીતે સાંભળવામાં આવશે.

આગામી ૫ અને ૬ માર્ચના રોજ પ્રદેશના આગેવાનો તથા રાજકોટના પ્રભારી જેનિબેન ઠુંમર અને માનસિંગભાઈ ડોડીયાની ઉપસ્થિતિમાં ચૂંટણી લડવા ઈચ્છુક તમામ ઉમેદવારોને સાંભળવામાં આવશે.ઉમેદવારોના સૂચનો અને અભિપ્રાયો મેળવ્યા બાદ પોલિટિકલ અફેર્સ કમિટીની બેઠકમાં ઉમેદવારોના નામ અંગે ચર્ચા વિચારણા કરી તે યાદી પ્રદેશ સમિતિને મોકલવામાં આવશે અને ત્યારબાદ અંતિમ ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે.

આગામી ૫ માર્ચના રોજ સવારે ૯:૩૦ થી બપોરે ૧:૩૦ કલાક દરમિયાન વોર્ડ નં. ૧ થી ૪, બપોરે ૩:૦૦ થી રાત્રે ૮:૦૦ કલાક દરમિયાન વોર્ડ નં. ૫ થી ૯ જ્યારે ૬ માર્ચના રોજ સવારે ૯:૩૦ થી બપોરે ૧:૩૦ કલાક દરમિયાન વોર્ડ નં. ૧૦ થી ૧૪ અને બપોરે ૩:૩૦ થી રાત્રે ૮:૦૦ કલાક દરમિયાન વોર્ડ નં. ૧૫ થી ૧૮ માટે ચૂંટણી લડવા ઈચ્છુકોને સાંભળવામાં આવશે.

મહાપાલિકામાં આજે સામાન્ય નાગરિકોના નાના નાના કામ પણ સમયસર થતા નથી અને પ્રાથમિક સુવિધાઓ મેળવવામાં પણ લોકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. લોકોમાં સત્તાધારી પક્ષ પ્રત્યે ભારે નારાજગી જોવા મળી રહી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાજકોટની પ્રજા હવે સારી રીતે જાણે છે કે લાંબા સમયથી ચાલતા ભાજપના શાસનમાં ભ્રષ્ટાચાર હદ વટાવી ચૂક્યો છે અને વિકાસના દાવાઓ વચ્ચે સામાન્ય નાગરિકોની સમસ્યાઓ યથાવત રહી છે.અને મહાનગરપાલિકા કમિશન મહાનગરપાલિકા બની ગઈ છે.આ વાત રાજકોટની જનતા સારી રીતે જાણે છે અને મને પૂરી ખાતરી છે કે આ વખતે કોંગ્રેસ પક્ષને પ્રજાનો આશીર્વાદ મળશે અને મહાનગરપાલિકામાં કુશાસનની જગ્યાએ કોંગ્રેસ પક્ષ દ્વારા સુશાસન સ્થાપવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે હવે સમય આવી ગયો છે કે જનતા સત્તાધારી પક્ષને યોગ્ય જવાબ આપે. આગામી ચૂંટણીમાં રાજકોટની પ્રજા પોતાના મતાધિકારનો યોગ્ય ઉપયોગ કરીને શહેરના ભવિષ્ય માટે યોગ્ય નિર્ણય લેશે. આગામી ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષ મજબૂતી સાથે જનતા વચ્ચે જઈ લોકોના આશીર્વાદથી સકારાત્મક પરિણામ પ્રાપ્ત કરશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

### શહેર કોંગ્રેસ શરૂ કર્યો ચૂંટણીલક્ષી તૈયારીઓનો ધમધમાટ

આ પ્રેસ કોન્ફરન્સમાં રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજા સહિત વિરોધ પક્ષના નેતા વશરામભાઈ સાગઠીયા, પ્રદેશ ઓબીસી સેલના ચેરમેન ડો. મહેશભાઈ રાજપુત, પ્રદેશ અગ્રણી ડો. હેમાંગભાઈ વસાવડા, પ્રદેશ અગ્રણી જશવંતસિંહ ભટ્ટી પ્રવકતાશ્રી ડો.નિદત ભાઈ બારોટ પ્રદેશ કોંગ્રેસ અગ્રણી ડી.પી. મકવાણા, પ્રદેશ અગ્રણી ગોપાલભાઈ અનડકડ, રાજકોટ શહેર મહિલા કોંગ્રેસ પ્રમુખ દીપ્તિબેન સોલંકી, રાજકોટ શહેર યુથ કોંગ્રેસ પ્રમુખ ભાગ્યરાજ વાળા, રાજકોટ શહેર એનએસયુઆઈ પ્રમુખ બ્રિજરાજ સિંહ રાણા, રાજકોટ શહેર સેવાદળ પ્રમુખ રાહુલભાઈ સોલંકી,એસ.સી સેલ ચેરમેન રમેશભાઈ ડેયા, રાજકોટ ઓ.બી.સી સેલ ચેરમેન ભાર્ગવભાઈ પઢીયાર રાજકોટ શહેર માઈનોરીટી સેલ ચેરમેન યુનુસભાઈ જુણેજા, રાજકોટ શહેર સોશિયલ મીડિયા ચેરમેન જીગ્નેશભાઈ વાગડિયા ઉપસ્થિત રહ્યા હતા.



તસવીરઃ શૈલેષ વાડોલિયા



### હિંમતની ગોળી ખાઈ લીધી કે શું..? કોંગ્રેસના નેતાઓની ગાડીઓને કરાઈ લોક


શહેરમાં ટ્રાફિકની સમસ્યા દિન -પ્રતિદિન સતત વધી રહી છે. આ સમસ્યાના નિરાકરણ માટે ટ્રાફિક બ્રાન્ચના ટોઈંગ વાન દ્વારા રાજમાર્ગો પર આડેધડ કરવામાં આવતા વાહન પાર્કિંગ સામે સતત આકરો ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આજે જાણે ટોઈંગ વાનના કર્મચારીઓએ હિંમતની ગોળી ખાઈ લીધી હોય તેમ શહેરના ટાગોર રોડ પર વિરાણી હાઈસ્કૂલની સામે નાગર બોર્ડિંગ ખાતે કોંગ્રેસની એક પત્રકાર પરિષદમાં ભાગ લેવા આવેલા કોંગ્રેસના ચાર નેતા ડો.હેમાંગ વસાવડા,ડો.મહેશ રાજપુત અને ગોપાલ અનડકટે પોતાની મોટર કાર ટાગોર રોડ પર "નો પાર્કિંગ" છે ત્યાં પાર્ક કરી હતી જેને લોક કરી દેવામાં આવી હતી. નેતા હોય કે પ્રજા કાયદો બધા માટે સમાન છે.પરંતુ અત્યાર સુધી મજબૂતાઈ સામે જાણે કાયદો અને નિયમો લાચાર બની જતો હોય તેવું લાગતું હતું પરંતુ ટ્રાફિકનું નિયમ પાલન ન કરતા કોંગી નેતાઓને સબક શીખડવા માટે આજે જે રીતે તેઓની ગાડીને લોક કરી દેવામાં આવી તે કામગીરી ખરેખર સરહનીય કહી શકાય.

### જનતાના પ્રશ્નોને કેન્દ્રમાં રાખી ચૂંટણી લડીશુંઃ રાજદીપસિંહ જાડેજા




ડો. રાજદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે કોંગ્રેસ પક્ષ લોકોના પ્રશ્નોને કેન્દ્રમાં રાખીને ચૂંટણી લડશે અને શહેરના પાણી, સફાઈ, રસ્તા, ટ્રાફિક અને પાર્કિંગ જેવા મૂળભૂત પ્રશ્નોના ઉકેલ માટે કોંગ્રેસ પક્ષ પ્રતિબદ્ધ છે. રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા કોંગ્રેસ આપકે દ્વાર - જનતાની વેદના કાર્યક્રમ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં જઈ લોકો સાથે સીધો સંપર્ક સાધવામાં આવ્યો હતો અને સામાન્ય નાગરિકોની સમસ્યાઓને નજીકથી સમજવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન મોટી સંખ્યામાં નાગરિકોએ પોતાની વેદના કોંગ્રેસ સમક્ષ રજૂ કરી હતી.

Ability to offer
first-to-market products with
novel control technologies,
built in-house, to leading OEMs
and secure significant market share.




Design and supply critical, control-intensive* Electronic Control Units to major vehicle and industrial OEMs in India, USA and Europe

Cumulatively sold more than 10 million^ control-intensive* products to automotive (2W, 3W) and genset market



SEDEMAC
SEDEMAC MECHATRONICS LIMITED
www.sedemac.com

^As of December 31, 2025 (Source: CRISIL Report)
*Control-intensive products include genset controllers, ISG ECU, ISG + EFI ECU, EFI ECU, and electric vehicle motor controllers

ICE Vehicles I Electric Vehicles I e-Bikes I Generators I Power Tools I Outdoor Powered Equipment

**SEDEMAC MECHATRONICS LIMITED** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the RHP with RoC and the Stock Exchanges on February 25, 2026. The RHP shall be available on the website of SEBI at www.sebi.gov.in, and is available on the websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of the Company at www.sedemac.com and the websites of the BRLMs, i.e., ICICI Securities Limited, Avendus Capital Private Limited and Axis Capital Limited at www.icicisecurities.com, www.avendus.com and www.axiscapital.co.in respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see "**Risk Factors**" beginning on page 33 of the RHP. Potential investors should not rely on the DRHP filed with SEBI and the Stock Exchanges, and should instead rely on their own examination of our Company and the Offer, including the risks involved, for making any investment decision.
The Equity Shares offered in the Offer have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the "**U.S. Securities Act**") or any state securities laws in the United States, and unless so registered may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, such Equity Shares are being offered and sold in offshore transactions as defined in and in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdictions where those offers and sales occur. The Equity Shares have not been and will not be registered, listed or otherwise qualified in any other jurisdiction outside India and may not be offered or sold, and Bids may not be made by persons in any such jurisdiction except in compliance with the applicable laws of such jurisdiction. There will be no public offering in the United States.

Adfactors 854/26

આંગણે ભક્તિ અને સેવાનો મહાકુંભ

# રંગીલા હનુમાન મંદિરે ગુરૂવારથી રામચરિત માનસ જ્ઞાનયજ્ઞનો પ્રારંભ

## કથાકાર પૂ. મોરારિ બાપુ (હિરાણાવાળા) વ્યાસાસનેથી રામકથાનું રસપાન કરાવશેઃ ૧૧ દીકરીઓના લગ્ન અને રક્તદાન કેમ્પ દ્વારા માનવસેવા પ્રજ્વલિત થશે

**અબતક, રાજકોટ**

રાજકોટના કોઠારીયા મેઈન રોડ પર આવેલ વિવેકાનંદ નગર સ્થિત રંગીલા હનુમાન માનવ સેવા એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આગામી ૫ માર્ચ ૨૦૨૬ થી ભક્તિ, શક્તિ અને સેવાનો ત્રિવેણી સંગમ રચાવવા જઈ રહ્યો છે. સંસ્થા દ્વારા શ્રી રામચરિત માનસ જ્ઞાનયજ્ઞ, ૨૪ કલાકનો ભવ્ય માંડવો, ૧૮મો સર્વજ્ઞાતિ સમૂહલગ્ન અને રક્તદાન કેમ્પ જેવા મલ્ટી-ડાયમેન્શનલ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે, જેનો લાભ હજારો શ્રદ્ધાળુઓ અને જરૂરિયાતમંદ પરિવારોને મળશે.



તસવીરઃ અભિષેક આશીયાણી

મહોત્સવનો પ્રારંભ ૫ માર્ચ, ગુરુવારના રોજ બપોરે ૩:૩૦ કલાકે કમલેશ્વર મહાદેવ મંદિરથી નીકળનારી ભવ્ય પોથીયાત્રા અને મંગલાચરણ સાથે થશે. સુવિખ્યાત વિદ્વાન કથાકાર ત્યાગી મોરારી બાપુ (હિરાણાવાળા) કથાના વ્યાસાસને બિરાજીને સંગીતની મધુર સૂરવાલી સાથે રામકથાનું રસપાન કરાવશે. કથા દરમિયાન ૬ માર્ચે શિવ વિવાહ, ૭ માર્ચે રામ જન્મોત્સવ, ૮ માર્ચે ધનુષભંગ અને રામ વિવાહ જેવા પાવન પ્રસંગો ઉત્સાહભેર ઉજવાશે. કથાની પૂર્ણાહુતિ ૧૩ માર્ચના રોજ થશે. આ નવ દિવસ દરમિયાન દરરોજ સાંજે ૭ કલાકે ભાવિકો માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે.

૧૧ દીકરીઓના સમૂહલગ્ન અને માનવસેવા ટ્રસ્ટ દ્વારા માત્ર ધાર્મિક જ નહીં પણ સામાજિક ઉત્તરદાયિત્વના ભાગરૂપે ૧૪ માર્ચ, શનિવારના રોજ ૧૮મો સર્વજ્ઞાતિ સમૂહલગ્ન મહોત્સવ યોજાશે. આ પ્રસંગે આર્થિક રીતે નબળા પરિવારોની ૧૧ દીકરીઓ વિનામૂલ્યે પ્રભુતામાં પગલાં પાડશે. તે જ દિવસે વિશાળ રક્તદાન કેમ્પનું પણ આયોજન છે, જે દર્દીઓની સહાય માટે આશીર્વાદરૂપ સાબિત થશે. અબતક સાથેની વાતચીતમાં અગ્રણીઓએ જણાવ્યું હતું કે, સંસ્થા ગાયોને ઘાસચારો, ગરીબ દર્દીઓને દવા અને બાળકોને શૈક્ષણિક સહાય જેવી પ્રવૃત્તિઓ વર્ષોથી અવિરત કરી રહી છે.

મહોત્સવના વિશેષ આકર્ષણ તરીકે ૯ માર્ચના રોજ હનુમાનજી દાદા અને ખોડિયાર માતાજીનો ૨૪ કલાકનો ભવ્ય માંડવો યોજાશે. આ સમગ્ર ભગીરથ કાર્યને સફળ બનાવવા ટ્રસ્ટના મુખ્ય હોદ્દેદારો ગોરધનભાઈ ડોબરીયા, મનુભાઈ ભારદીયા, બટુકભાઈ બગથરીયા અને સેવાભાવી સભ્યોની વિશાળ ટીમ રાત-દિવસ જહેમત ઉઠાવી રહી છે. રાજકોટની ધર્મપ્રેમી જનતાને આ તમામ જ્ઞાનયજ્ઞ અને સેવાકીય પ્રવૃત્તિઓમાં સહકુટુંબ પધારવા અનુરોધ કરવામાં આવ્યો છે.


રામચરિત માનસ જ્ઞાન યજ્ઞ અબતક પર લાઈવ નિહાળો

अब तक CHANNEL

| ઈન કેબલ | ડેન નેટવર્ક | રિયલ જીટીપીએલ-સુરત | સહયોગ નેટવર્ક |
|---|---|---|---|
| ૫૬૧ | ૫૭૩ | ૩૫૦ | ૧૦૫ |

YouTube Live
f LIVE
@abtakmedia

રંગીલા હનુમાન મંદિરના ધાર્મીક કાર્યક્રમો અબતક પર લાઈવ નિહાળો ૯ માર્ચના રોજ


હિંમતની સામે સમુદ્ર પણ નાનો પડ્યો

# આર.ડી.એસ.એ ૧૫૦ કિ.મી. દરિયો ખેડી યુવા સ્વિમરોએ રચ્યો ઈતિહાસ

## સોમનાથથી દેલવાડા સુધીનું સાહસિક અભિયાન સફળતાપૂર્વક પૂર્ણઃ સ્વિમિંગ અને કાયકિંગ દ્વારા સ્વચ્છતા તથા કેન્સર જાગૃતિનો અપાયો દિવ્ય સંદેશ



**અબતક, રાજકોટ**

રાજકોટ ડિસ્ટ્રિક્ટ સ્વિમિંગ એશોશિએશન () દ્વારા આયોજિત 'સોમનાથ સ્વાભિમાન પર્વ - ૨૦૨૬' અંતર્ગત ૧૫૦ કિલોમીટર લાંબુ ઓપન વોટર સી સ્વિમિંગ અને કાયકિંગ અભિયાન ભવ્ય અને ઐતિહાસિક રીતે સંપન્ન થયું છે. ૨૧ ફેબ્રુઆરીએ સોમનાથ મંદિરના પવિત્ર તટથી શરૂ થયેલું આ અભિયાન દરિયાના અનેક કુદરતી પડકારોને પાર કરી ૧ માર્ચના રોજ દેલવાડા-સીમર બીચ ખાતે સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું.

આ અભિયાનની સૌથી મોટી વિશેષતા ૧૪ થી ૨૦ વર્ષની વયના ખેલાડીઓનું અદભૂત મનોબળ રહ્યું હતું. સ્વિમિંગ ટીમમાં ૧૪ વર્ષના પાર્થિવ મેઘાણી અને દિવ્યમ ચોટલિયા તેમજ ૧૯ વર્ષની વેનેસા શુક્લાએ દરરોજ સરેરાશ ૧૨ થી ૧૬ કિ.મી.નું અંતર કાપી પોતાની શારીરિક અને માનસિક દૃઢતાનો પરિચય આપ્યો હતો. જ્યારે કાયકિંગ ટીમમાં આર્યન જોશી, વેદાંત જોશી, સિદ્ધરાજ સોલંકી અને જિનલ પિત્રોડાએ ખેલાડીઓને સતત માર્ગદર્શન અને સુરક્ષા પૂરી પાડી હતી.

રમતની સાથે સામાજિક જાગૃતિનું જનઆંદોલન

આ અભિયાન માત્ર એક રમતગમતનો કાર્યક્રમ નહીં, પરંતુ એક સામાજિક પહેલ પણ બની રહ્યું હતું. માઢવાણ જેટી ખાતે દરિયાકાંઠા સફાઈ અભિયાન હાથ ધરી સ્વચ્છતાના શપથ લેવડાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત, કેન્સર કેર ફાઉન્ડેશન અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના સહયોગથી વ્યસનમુક્તિ અને 'નો ટોબેકો ઝોન' અંગે વ્યાપક જનજાગૃતિ ફેલાવવામાં આવી હતી. કોડીનાર ખાતે ૩૫,૦૦૦થી વધુ પ્રેક્ષકોની હાજરીમાં આ ટીમનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું.

અભિયાનના સફળ સમાપન બાદ રાજકોટ ખાતે ધારાસભ્ય રમેશભાઈ ટીલારાએ તમામ ખેલાડીઓનું વિશેષ સન્માન કર્યું હતું. તેમણે ખેલાડીઓની હિંમતને બિરદાવતા જણાવ્યું હતું કે, આવી પ્રવૃત્તિઓ યુવાનોમાં આત્મવિશ્વાસ (અનુ. આઠમા પાને)

# જોર્ડનમાં ફસાયેલી દીકરીને વતન લાવવા દિલીપ સંઘાણી બન્યાં સાચા 'મદદગાર'

## દિકરીને વતન લાવવાની માતા– પિતાની વિનંતીનો ત્વરીત અમલ કરાયો



**અબતક, રાજકોટ**

યુદ્ધ જેવી ભયાનક અને અનિશ્ચિત પરિસ્થિતિમાં જ્યારે એક પરિવારની આશાઓ તૂટવા લાગે, ત્યારે જો કોઈ સહારો બનીને ઊભો રહે - એ જ સાચી માનવીય સેવા છે દેશની દીકરી કેનેડાથી ભારત પરત ફરતી વખતે જોર્ડનમાં ફસાઈ ગઈ ચિંતિત માતા-પિતાએ જ્યારે ઈફકોના અધ્યક્ષ દિલીપ સંઘાણીને મળી પોતાની વ્યથા વ્યક્ત કરી, ત્યારે તેમણે માત્ર પદાધિકારી તરીકે નહીં, પરંતુ પરિવારના સદસ્ય જેવી સંવેદનશીલતા દર્શાવી.

દિલીપભાઈ સંઘાણી એ દિલ્હી ખાતે ઈફકોમાં એમ ડી કે જે પટેલ અને જોર્ડન સ્થિત ઈફકોના સંયુક્ત ઉપક્રમ JIFCO સાથે સંપર્ક કર્યો, પોતે સ્વયં પણ સતત ફોન પર પરિસ્થિતિની દેખરેખ રાખી, ત્યાંના અધિકારીઓ અને કર્મચારીઓએ દીકરીના વિઝા, રહેઠાણ અને દરેક જરૂરી વ્યવસ્થા તરત જ સુનિશ્ચિત કરી. આજે એ દીકરી સુરક્ષિત છે - અને એક પરિવારનુ સ્મિત ફરી પાછું આવ્યું છે.

આ માત્ર પ્રશાસનિક સહાય નહીં, પરંતુ દિલીપ સંઘાણીનુ પરિવાર ભાવનું જીવંત ઉદાહરણ છે દીકરીના માતા-પિતાએ દિલીપભાઈનો હૃદયપૂર્વક આભાર તેમની સાથે એમ ડી કે જે પટેલ તેમજ JIFCO ના CFO દીપક યાદવ અને તેમની ટીમનો. સાબિત કર્યું કે સાચું નેતૃત્વ એ જ છે, જે સંકટના સમયમાં સાથે ઊભું રહે.

# બાહોશ પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાનો જન્મદિવસ

શહેર પોલીસના ટીમ લીડર એટલે કે કમિશ્નર બ્રજેશકુમાર ઝાનો આજે જન્મ દિવસ છે. મુળ બિહારના વતની બ્રજેશકુમાર ઝા નો તા. ૩-૩-૧૯૭૩ ના રોજ જન્મ થયો હતો. બીએસસી કેમીસ્ટ્રી અને એમ.એસ.સી. કેમેસ્ટ્રી સુધીનો અભ્યાસ કરી રાજય પોલિસ દળમાં જોડાયા હતા.૧૯૯૯ની બેંચના આઈપીએસ અધિકરી મુખ્યમંત્રી સલામતી સ્કવોડ, એસ.પી. સુરત, બરોડા, અમદાવાદ ઝોન ડીસીપી, પ્લાનીંગ મોર્ડનાઈઝેશન બ્રાંચ હોમ-ગુજરાત, ચેતકદળ કમાન્ડો વડા, જુનાગઢ રેન્જ ડી.આઈ. જી. ગોધરા રેન્જ આઈ.જી. સહિતના સ્થળોએ ફરજ બજાવી છે.બાહોશ અને મૃદુ સ્વભાવના રાજકોટ પોલીસ કમિશ્નર વર્ષ ૧૯૯૯ની બેંચના આઈપીએસ અધિકારી છે. તેઓ અમદાવાદમાં સ્પે. પોલીસ કમિશ્નર સેકટર- ૨ માં ફરજ બજાવતાં હતાં.બાદમાં વર્ષ ૨૦૨૪ મે મહિનામાં તેમને રાજકોટ પોલીસ કમિશ્નરનો ચાર્જ સોંપવામાં આવ્યો છે.બ્રજેશ કુમાર ઝા અગાઉ જૂનાગઢ રેન્જ આઈજી તરીકે પણ ફરજ બજાવી ચુક્યા છે.



વર્ષ ૨૦૦૨ના ગોધરા રમખાણ હોય કે વિરમગામ રમખાણ તે સમયે જીલ્લા પોલિસ વડા તરીકે અસરકારક કામગીરી કરી અને સુરત કાર્યકાળ દરમ્યાન પરપ્રાંતીય ગુન્હેગાર ટોળકી જબ્બે કરી જેલ હવાલે કરવામાં તેમની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ રહી છે. વધુમાં તેમણે અમદાવાદ બોમ્બ બ્લાસ્ટ આરોપીઓ તેમજ ગુમ થયેલા બાળકોને શોધવા સક્રિય કામગીરી બજાવી અને ૫૦૦ થી પણ વધુ વોન્ટેડ આરોપીઓને ઝડપ્યા હતા.આજે તેમના જન્મદિને ઠેર ઠેરથી શુભેચ્છાઓનો વરસાદ થઈ રહ્યો છે.

# ગુર્જર સુતાર જ્ઞાતિ આયોજીત શેરી રમતમાં મોબાઈલ છોડી બાળકો મસ્ત





નવરંગ નેચર ક્લબના સહયોગથી ટાયર ફેરવવા અને ઝાડ પર ચડવા જેવી દેશી રમતો રમાડાઈઃ સાદા કલરથી ધૂળેટી રમી બાળકો આનંદિત થયા

**અબતક, રાજકોટ**

આજના ડિજિટલ યુગમાં મોબાઈલ ગેમ્સમાં ખોવાયેલા બાળકોને વિસરાતી જતી શેરી રમતો તરફ વાળવા માટે રાજકોટની શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા એક પ્રશંસનીય પહેલ કરવામાં આવી છે. જ્ઞાતિ પ્રેરિત 'શ્રી વિશ્વકર્મા બાળ મંડળ' દ્વારા નવરંગ નેચર ક્લબના સહયોગથી દેશી અને શેરી રમતોનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં ૨૨૫થી વધુ બાળકોએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાની શારીરિક ક્ષમતા અને કૌશલ્યનું પ્રદર્શન કર્યું હતું.

બાળકોમાં નાનપણથી જ સામાજિક ભાવના અને સંસ્કૃતિ પ્રત્યે લગાવ વધે તેવા ઉમદા આશયથી નિતિનભાઈ બદ્રકિયા દ્વારા રચાયેલા આ બાળ મંડળના માધ્યમથી બાળકોને એકબીજાને ઉચકવા, ટાયર ફેરવવા અને દોરડા વડે ઝાડ પર ચડવા જેવી સાહસિક (અનુ. આઠમા પાને)

# સાળંગપુરધામમાં ભક્તિનો રંગોત્સવઃ ૧.૫૦ લાખ શ્રદ્ધાળુઓ હનુમાનજીની ભક્તિમાં તરબોળ

## દાદાના દરબારમાં ૭૦ ફૂટ ઊંચા કલર બ્લાસ્ટ અને એર પ્રેશર મશીનથી રંગોની વર્ષાઃ દેશ–વિદેશના ભક્તો નાસિક ઢોલના તાલે ઝૂમી ઉઠ્યા

**અબતક, રાજકોટ**

સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ સાળંગપુરધામ કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિર ખાતે હોળી-ધુળેટી પર્વ નિમિત્તે ગુજરાતના સૌથી મોટા અને ભવ્ય રંગોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. શાસ્ત્રી હરિપ્રકાશદાસજી સ્વામીની પ્રેરણા અને કોઠારી વિવેકસાગર સ્વામીના માર્ગદર્શન હેઠળ આયોજિત આ મહોત્સવમાં ૧.૫૦ લાખથી વધુ ભક્તો દાદાના રંગે રંગાયા હતા. મંગળા આરતી અને શણગાર આરતી બાદ હનુમાનજી મહારાજને પંચરંગી વાઘા અને રંગબેરંગી ફૂલોનો દિવ્ય શણગાર કરી રંગોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ દિવ્ય ઉત્સવ માટે ખાસ છોટાઉદેપુરથી ઓર્ડર આપીને ૫૧,૦૦૦ કિલો ઓર્ગેનિક રંગો તૈયાર કરાવવામાં આવ્યા હતા, જેથી ભક્તોને કોઈ પણ પ્રકારનું ઈન્ફેક્શન ન લાગે. મંદિર પરિસરમાં ૭૦ થી ૮૦ ફૂટ ઊંચા ૫૦૦ જેટલા કલર બ્લાસ્ટ કરવામાં આવ્યા હતા અને એર પ્રેશર મશીન દ્વારા ભક્તો પર અબીલ-ગુલાલની વર્ષા કરવામાં આવી હતી. આ ઉપરાંત ૧,૦૦૦ કિલો હજારી અને ગુલાબના ફૂલો દ્વારા પુષ્પવર્ષા પણ કરવામાં આવી હતી. ઉત્સવ દરમિયાન ૧૦૦ રિબિન બ્લાસ્ટ અને રંગીન ફાયરવર્ક્સ વચ્ચે નાસિક ઢોલના તાલે શ્રદ્ધાળુઓએ રાસની (અનુ. આઠમા પાને)



# "અબતક" પરિવારના ચેતનભાઈ દવેના આંગણે પુત્ર લગ્નનો રૂડો અવસર

## ચિ. વંદન 卐 ચિ. ઉર્વી

''અબતક'' પરિવારના ચેતનભાઈ મનહરલાલ દવેના આંગણે આસોપાલવના તોરણો બંધાયા છે. શરણાઈના મધુર સુરો ગુંજી રહ્યા છે મહેમાનોને સ્નેહ નિતરતા તેડા કરવામાં આવ્યા છે. રૂડા લગ્નગીતો ગવાય રહ્યા છે. અ.સૌ. ઉર્મીલાબેન તથા ચેતનભાઈ દવેના લાડકવાયા પુત્ર ચિ. વંદનના શૂભલગ્ન જયશ્રીબેન અને વિપુલભાઈ ખાખરાની સુપુત્રી ચિ. ઉર્વી સાથે વિક્રમ સંવત ૨૦૮૨ને ફાગણ વદ-૩ને તા. ૬ માર્ચે શુક્રવારના રોજ શૂભ ચોઘડીયે નિરધારેલ છે.

પવિત્ર અગ્નિની સાક્ષીએ રેશમની ગાંઠે ગુંથાશે ભવોભવના સાથી બનશે માંગલીક અવસરોમાં તા.૫ને ગુરૂવારે ગણેશજીની સ્થાપના, મંડપ મુહુર્ત, દાંડીયા રાસ અને ભોજન સમારંભ યોજાશે. જીવથી વ્હાલા વીરાના લગનીયા લેવાયા હોય બેનડી રિધ્ધીબેન, બનેવી તપનકુમારના હૈયે હોંશ સમાતો નથી. બની ઠનીને મામાના લગ્નની મોજ માણવા 'કેશવી' ભારે ઉત્સાહિત છે. દવે પરિવાર દ્વારા આમંત્રિતોને રૂડા લગ્નોત્સવમાં સામેલ થવા સ્નેહ નિતરતું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



## રાજકોટમાં હોલિકા દહને જ શાંતિ ડહોળવાનો પ્રયાસ

# ભગવતીપરામાં હોળી પ્રગટાવતી વેળાએ વિધર્મીઓના ટોળાની બબાલ : ત્રણની અટકાયત

### બાઈક અન્ય રસ્તેથી લઈ લેવાનું કહેતા જ બેલડી ઉશ્કેરાઈ, સાગરીતો સાથે ધસી આવી માથાકુટ કરી

**અબતક, રાજકોટ**

રાજકોટના ભગવતીપરામાં હોલિકા દહન દરમિયાન જ વિધર્મીઓના ટોળાંએ બબાલ મચાવી શાંતિ ડહોળવાનો પ્રયાસ કર્યો હતો. બાઈક લઈને નીકળવા મામલે બેલડીએ સાગરીતોને બોલાવી માથાકૂટ કરતા સ્થિતિ તંગ બની હતી. જો કે, પોલિસના ધાડેધાડા ઉતરી પડતા મોટી ઘટના ટળી હતી. હાલ પોલિસેં માથાકૂટ કરનાર ત્રણ શખ્સોની અટકાયત કરી છે.





હોલિકા દહન સમયે લોકોમાં જ્યારે અનેરો ઉત્સાહ વર્તાઈ રહ્યો હતો ત્યાર જ ભગવતીપરામાં વિધર્મીઓના ટોળાંએ શાંતિ ડહોળવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. હોળી પ્રગટાવતી વેળાએ ત્યાથી બાઈક લઈને અમુક શખ્સો નીકળ્યા હતા. વિસ્તારમાં લોકોની ભીડ વધુ હોવાના કારણે આ બાઇક ચાલકોને અહીંથી ન નીકળવાનું કહેતા બંને જૂથો વચ્ચે બોલાચાલી થઈ હતી. બોલાચાલી વધુ ઉગ્ર બનતા થોડીવારમાં બે જૂથો સામસામે આવી જતા વાતવરણ તંગ બની ગયું હતું. આ મામલે લોકોના ટોળેટોળા એકઠા થઇ ગયા હતાં.

બંને જૂથ વચ્ચે સશસ્ત્ર અથડામણ થાય તે પહેલા બનાવની જાણ થતા ડીસીપી જગદીશ બાંગરવા, ડીસીપી હેતલ પટેલ, બી ડિવિઝન પોલીસ મથકના પીઆઈ એસ.એસ. રાણે, ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી, એસઓજી સહિતના અધિકારીઓ-કર્મચારીઓ તુરત જ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને ત્રણ શખ્સોને ડીટેઈન કરી મામલો થાળે પાડી ટોળાને વિખેર્યું હતું. આ વિસ્તારમાં કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

જયારે આ પ્રકારનો બનાવ બન્યો છે ત્યારે એક સવાલ સહજ ઉદભવે છે. ઈદ-મોહરમ સહિતના તહેવારોમાં રસ્તાઓ બંધ કરવામાં આવે છે, ડાયવર્ઝન જાહેર કરવામાં આવે છે ત્યારે તે બાબતનો કોઈ વિરોધ કરવામાં આવતો નથી, સાથોસાથ સનાતનીઓ સહયોગ આપી કોમી એકતાનું ઉદાહરણ પુરૂ પાડતા હોય છે પણ જયારે હિંદુઓના તહેવારમાં ફક્ત એકાદ કલાક માટે રસ્તો બંધ કરવામાં આવ્યો હોય ત્યારે જ ટીખળખોરો દ્વારા આ પ્રકારે માથાકૂટ કરી શાંતિ ડહોળવાનો પ્રયાસ કરાતા તોફાની તત્વોના કૃત્યથી હિન્દૂ અને મુસ્લિમ એમ બંને સમાજના લોકોમાં રોષની લાગણી વ્યાપી છે.

### બાઈક પસાર થવા મામલે માથાકૂટ, અટકાયતી પગલાં લેવાયા, હાલ શાંતિપૂર્ણ માહોલ

બનાવ અંગે ડીસીપી હેતલ પટેલે અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, ગત રાત્રીના ભગવતીપરા વિસ્તારમાં હોલિકા દહન થઈ રહ્યું હતું તે દરમિયાન એક જૂથના લોકો ત્યાંથી નીકળ્યાં હતા. ત્યારે અન્ય જૂથના યુવાનોએ તેમને ભીડ વધુ હોય અન્ય સ્થળેથી પસાર થઈ જવાનું કહેતા બોલાચાલી થઈ હતી. જે બાદ અમુક દ્વારા ઉગ્ર બોલાચાલી કરવામાં આવી હતી. દરમિયાન પોલિસેં ઘટનાસ્થળે દોડી જઈ ત્રણ શખ્સોની અટકાયત કરી હતી. હાલ શાંતિપૂર્ણ માહોલ છે.

**બનાવની ગંભીરતાને પગલે પોલિસના ધાડેધાડા ઉતર્યા : ડીસીપી જગદીશ બંગરવા, હેતલ પટેલ સહિતના અધિકારીઓ દોડી ગયા, ટોળાને તાત્કાલિક વિખેરી પોલિસે પરિસ્થિતિ પર કાબુ મેળવ્યો**

# બેટરી ચોરી કરતી રાજકોટની ટોળકી મેટોડાથી ઝડપાઈ : ૧૨૦ બેટરી કબ્જે

### મેટોડા જીઆઈડીસીમાં ટ્રાન્સપોર્ટની ઓફિસ પાસેથી વાહનમાંથી થયેલી બેટરી ચોરીનો ભેદ ઉકેલવાં જતાં મોટા ખુલાસા થયાં : ચાર શખસોની ધરપકડ

**અબતક, રાજકોટ**

મેટોડા જીઆડીસીમાં વાહનમાંથી થયેલી ચાર બેટરીની ચોરીનો ભેદ મેટોડા પોલીસે ગણતરીના દિવસોમાં ઉકેલી નાખ્યો છે. પોલીસે રાજકોટમાં રહેતા ચાર શખસોને ઝડપી લીધા હતાં. તેની પાસેથી ૧૨૦ બેટરી મળી આવી હતી. પોલીસે હાલ આ બેટરીઓ શક પડતી મિલકત તરીકે કબજે કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી.



ગઈ તા.૨૭/૦૨/૨૦૨૬ ના રાત્રીના અજાણ્યા બે શખસોએ ફરીયાદી ધ્રુવવભાઈ સુરેશભાઈ મીયાત્રા(રહે.અનંતા કૈફે કાંદમ્બરી સોસાયટી શેરી નં.૧ રાજકોટ) ની મેટોડા જી.આઇ.ડી.સી. ગેઈટ નં.૩ ની સામે મણીદ્રીપ મંદિરની બાજુમાં ગોકુલ ટ્રાન્સપોર્ટની ઓફિસની આગળના ભાગે પડેલ ટાટા ટીપર ગાડી નં.જીજે -૦૩-બીવી-૫૧૨૮ માંથી ૧૫૦ પાવરની બે બેટરી તથા તેમના પાડોશી આશિષભાઈ ફુગશીયાની આઈસર ટ્રાન્જીસમીક્ષર(ટી.એમ) ગાડી નં.જીજે-૦૩-એચઈ-૪૮૮૪ માંથી ૧૫૦ પાવરની બે બેટરી મળી કુલ- ૪ બેટરી કિ.રૂ.૨૦,૦૦૦ ના મુદામાલની ચોરી થઈ હતી. જે અંગે મેટોડા જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનમાં ફરિયાદ તા. ૨૮/૨/૨૦૨૬ ના રોજ નોંધવવામાં આવી હતી.

બનાવની ગંભીરતાને ધ્યાને લઇ ગોંડલ ડીવાયએસપી કે.જી.ઝાલાના માર્ગદર્શન હેઠળ મેટોડા જી.આઈ.ડી.સીના પીઆઇ એસ.એચ.શર્માની રાહબરીમાં અલગ અલગ ટીમો બનાવી નેત્રમ સીસીટીવી કંટ્રોલ રૂમની મદદ લઇ હ્યુમન સોર્સીસ તેમજ ટેકનીકલ સોર્સીસ આધારે કિશન ભરતભાઈ વસાણી (ઉ.વ.૨૫ રહે.હુડકો ચોકડી વિનોદનગર મેઈન રોડ આર.એમ.સી કવાટેર સામે રાજકોટ, મુળ જુનાગઢ), પ્રશાંત નિતીનભાઈ માંડલીયા(ઉ.વ.૨૩ રહે.કોઠારીયા મેઈન રોડ પટેલ પાકે પ્લોટ નં.૫૯ સોમનાથ સોસાયટી રાજકોટ), સચિન સંજયભાઈ કથીરીયા(ઉ.વ.૨૫ રહે.ગ્રીનલેન્ડ ચોકડી મોરબી રોડ ગાયત્રી સોસાયટી શેરી નં.૨ રાજકોટ મુળ ગામ.સણોસરા તા.જી.રાજકોટ), મકસુદ અબ્દુલભાઈ બાકરોલીયા (ઉ.વ.૩૩૨ હે.કોઠારીયા સોલ્વટ મોહમ્મદીબાદ શેરી નં.૨ રાજકોટ) ને ઝડપી લઈ ચોરીના આ બનાવનો ભેદ ઉકેલી નાખ્યો હતો. પોલીસે આરોપીઓ પાસેથી ચોરીમાં ગયેલ બેટરી નંગજ બેટરી કિ.રૂ.૨૦ હજાર તથા અન્ય જુદી જુદી બેટરીઓ મળી કુલ ૧૨૦ બેટરી કિ.રૂ.૨૬,૪૦૦ ની શક પડતી મિલ્કત ગણી કબ્જે કરવામાં આવી છે. આરોપીઓએ અન્ય કયાં સ્થળે બેટરીની ચોરી કરી તે અંગે પોલીસ તપાસ ચલાવી રહી છે.આ કામગીરીમાં મેટોડા જી.આઇ.ડી.સી પીઆઇ એસ.એચ.શર્મા,હેડ.કોન્સ. યોગીરાજસિંહ જાડેજા,કોન્સ. રાજદીપસિંહ ગોહિલ, રવુભાઈ ગીડા, શકિતસિંહ જાડેજા, તથા કમાન્ડ એન્ડ કંટ્રોલ રાજકોટ ગ્રામ્યના હેડ કોન્સ. અક્ષયરાજસિંહ જાડેજા સાથે રહ્યા હતાં.


**શ્રી અંજાર નગરપાલિકા - અંજાર (કચ્છ)**



હર ઘર સ્વદેશી
ઘર-ઘર સ્વદેશી

**જાહેર નિમંત્રણ**



હર ઘર સ્વદેશી
ઘર-ઘર સ્વદેશી

અંજાર નગરપાલિકા દ્વારા સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા માટે અને સ્થાનિક વેપારીઓને મજબૂતી આપવાના હેતુથી

**સ્વદેશી મેળો (શોપિંગ ફેસ્ટીવલ)**



શ્રી ત્રિકમભાઈ બી. છાંગા સાહેબ
મંત્રીશ્રી, ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ વિભાગ

રાજ્ય સરકારના સહયોગથી **ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ વિભાગના માનનીય મંત્રી શ્રી ત્રિકમભાઈ બી. છાંગા સાહેબ**ના માર્ગદર્શન હેઠળ અંજાર નગરપાલિકા દ્વારા અંજાર મધ્યે સરદાર વલ્લભભાઈ પટેલ ટાઉનહોલ પટાંગણમાં **''સ્વદેશી મેળા''**નો **તા. ૦૨/૦૩/૨૦૨૬ થી તા. ૧૧/૦૩/૨૦૨૬ (દસ દિવસ)** સુધી **સવારના ૧૦.૦૦ કલાકથી રાત્રે ૯.૦૦ કલાક સુધી** આયોજન કરવામાં આવેલ છે. જેમાં જુદા જુદા ૫૬ (છપ્પન) સ્ટોલ રાખવામાં આવેલ છે. **''સ્વદેશી અપનાવો''**ના સુત્રને સાર્થક કરવા આ **''સ્વદેશી મેળા''**માં પધારવા અંજાર નગરપાલિકા દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

સર્જનથી સમૃદ્ધિ સુધી

**તારીખ : ૦૨.૦૩.૨૦૨૬ થી ૧૧.૦૩.૨૦૨૬ સુધી**
**સમય : સવારે ૧૦.૦૦ થી રાત્રે ૯.૦૦ કલાક સુધી**
**સ્થળ : સરદાર વલ્લભભાઈ પટેલ ટાઉનહોલ ગ્રાઉન્ડ, અંજાર (કચ્છ)**

:: નિમંત્રક ::

| | | |
|---|---|---|
| શ્રી વૈભવભાઈ કોડરાણી<br>પ્રમુખ | શ્રી તુષારભાઈ ઝાલરીયા<br>ચીફ ઓફીસર | શ્રી પાર્થભાઈ સોરઠીયા<br>કારોબારી ચેરમેન |
| શ્રીમતી શિલ્પાબેન બુદ્ધભટ્ટી<br>ઉપપ્રમુખ | શ્રી નિલેશગિરિ ગોસ્વામી<br>શાસક પક્ષના નેતા | શ્રીમતી કલ્પનાબેન ગોર<br>દંડક |

વોકલ ફોર લોકલ
અંજાર નગરપાલિકા તમામ સભ્યશ્રીઓ તથા કર્મચારીગણ


# ત્યકતાને લગ્નની લાલચ આપી શ્યામ માકડીયાએ દેહ ચૂંથ્યો

### ત્રણ માસ પૂર્વે સ્નેપચેટથી સંપર્કમાં આવ્યા બાદ બંને વચ્ચે મિત્રતા બંધાઈ'તી : ભાવનગરની ત્યકતાને રાજકોટ ખાતે બોલાવી કાલાવડ રોડ પરની હોટેલમાં લઈ જઈ હવસ સંતોષ્યો, ન્યુડ ફોટો પણ પાડી લીધા

### સપ્તાહ બાદ ફરીવાર મળવા બોલાવી શિયળ લૂંટ્યું : હવસ સંતોષી હું મારા માતા-પિતાનો એક જ સંતાન છું, આપણા લગ્ન શક્ય નથી કહી તરછોડી દીધી

### હવે લગ્નનું કહીશ તો અંગત ફોટો વાયરલ કરી દઈશ કહી ધમકી આપી : તાલુકા પોલિસે ગુનો નોંધી હવસખોરની શોધખોળ આદરી

**અબતક, રાજકોટ**

ભાવનગર પંથકની ત્યકતાને લગ્નનું લાલચ આપી રાજકોટના શ્યામ માકડીયાએ કાલાવડ રોડ સહીતની હોટેલમાં લઇ જઈ બે વાર શારીરિક સંબંધ બાંધી લીધો હતો. બાદમાં હવસ સંતોષી હવસખોરે ત્યકતાને તરછોડી દીધી હતી. લગ્નનું દબાણ કરીશ તો તારા ન્યુડ ફોટો વાયરલ કરી દઈશ કહી ધમકી આપતાં તાલુકા પોલિસ મથકમાં ગુનો નોંધાયો હતો. પોલિસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર ભાવનગર પંથકની ૩૦ વર્ષીય ત્યકતાના વર્ષ ૨૦૨૪ માં લગ્ન થયાં હતા. બાદ તેણીને પતિ સાથે મનમેળ નહિ થતાં થોડા સમયમાં જ બંનેએ છૂટાછેડા લઈ લીધા હતા. જે બાદ ફરી ત્યકતા પોતાના પિયરે રહેવા લાગી હતી. દરમિયાન ગત ડિસેમ્બર, ૨૦૨૫ માં સ્નેપચેટ મારફતે રાજકોટના શ્યામ અમિતભાઈ માંકડીયાનો સંપર્ક થયો હતો. સ્નેપચેટમાં વાત કરતા બંને વચ્ચે પરિચય આગળ ધપ્યો હતો અને મોબાઈલ નંબરની આપ-લે થઈ હતી. જે બાદ શ્યામ માંકડીયાએ ત્યકતાને લગ્નની લાલચ આપી હતી. જે બાદ શ્યામએ મળવા બોલાવતા સ્નેપચેટમાં પરિચય થયાંના ૧૨ માં દિવસે જ ત્યકતા રાજકોટ ખાતે હવસખોરને મળવા પહોંચી હતી. અહીં શ્યામ તેણીને કાલાવડ રોડ પર આવેલી નોવા બ્લિસ હોટેલ ખાતે લઈ ગયો હતો અને લગ્નની લાલચે શારીરિક સંબંધ બાંધ્યો હતો. દરમિયાન શ્યામએ ત્યકતાના ન્યુડ ફોટો પણ પાડી લીધા હતા. ત્યારબાદ ત્યકતા ભાવનગર જતી રહી હતી. બાદ એક સપ્તાહ પછી ત્યકતા ફરીવાર રાજકોટ ખાતે શ્યામને મળવા આવી હતી. ત્યારે શ્યામએ ફરીવાર તેણીનું જાતીય શોષણ કર્યું હતું. જે બાદ ત્યકતાએ લગ્ન અંગે પૂછતાં 'હું મારા માતા-પિતાનો એક જ સંતાન છું, મારા માતા-પિતા આપણા લગ્ન માટે માનશે નહિ એટલે હું લગ્ન નહિ કરી શકું' તેમ કહી દીધું હતું. વધુમાં જો તું લગ્ન માટે દબાણ કરીશ તો હું તારા ન્યુડ ફોટો વાયરલ કરી દઈશ તેમ કહી ધમકી આપી ત્યકતાનું જાતીય શોષણ કરી શ્યામ માકડીયાએ તરછોડી દીધી હતી.

મામલામાં ત્યકતાની ફરિયાદ પરથી તાલુકા પોલિસે શ્યામ અમિતભાઈ માકડીયા વિરુદ્ધ બીએનએસની કલમ ૬૯ અને ૩૫૧(૨) હેઠળ ગુનો નોંધી હવસખોરની શોધખોળ આદરી હતી.


**સ્ટાફ જોઇએ છે** | **PRINCIPAL - 1**

**ASSISTANT PROFESSOR**

| | | | |
|---|---|---|---|
| B.S.W. | 04 | M.S.W. | 03 |
| B.C.A. | 04 | B.SC (IT) | 04 |
| B.COM. (A/C & FIN.) | 03 | B.COM. (Commerce) | 03 |

લાયકાત - UGC, AICTE તથા ગુજરાત સરકાર અને સૌ. યુનિ. નાં નીતી નિયમો મુજબ
ઉપરોક્ત લાયકાત ધરાવતા ઉમેદવારોએ દિવસ-15 સુધીમાં રજીસ્ટર એડી થી અથવા રુબરુ અરજી કરવી.

ESTD 2007 તેજસ્વી નાવધીતમસ્તું
**ક્રિએશન કોલેજ** કર્મયોગી એજ્યુકેશન ઝોન
ન્યુ માયાણી નગર-1, સરદાર પટેલ ભવનની બાજુમાં, મવડી પ્લોટ, રાજકોટ. મો. 78 78 78 77 68



HINDUJA HOUSING FINANCE

કોર્પોરેટ ઓફિસ : નં. ૧૬૭-૧૬૯, બીજો માળ, અન્ના સલાઈ સૈંદાપેટ, ચેન્નાઈ-૬૦૦૦૧૫
બ્રાન્ચ ઓફિસ : ત્રીજો માળ, ઈફ્કો ભવન, મારૂતિ કોમ્પલેક્ષ પાછળ,
પીન્ટુ ગાર્મેન્ટ પાછળ, શિવરંજની ચાર રસ્તા પાસે સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.
સૌરભકુમાર નાપીત મો. ૮૭૯૦૦૨૯૩૮૪, વિકાસ સાવરીયા મો. ૭૯૮૪૯૮૨૯૦૪, હીતેષકુમાર પટેલ મો. ૭૦૪૮૩૩૬૬૦૧
હર્ષિલ ત્રિવેદી મો. ૭૯૮૪૦૮૯૧૩૮, કરણ દુલા મો. ૯૨૬૫૮૩૯૭૩૨, નિતીન સમુદ્રે મો. ૮૧૨૮૩૧૦૬૭૮,
શિવમ મિશ્રા મો. ૯૦૩૩૦૧૫૨૭૭, ઇ-મેલ: auction@hindujahousingfinance.com

**ધી સિક્યોરિટાઈટેઝશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્શિયલ એસેસ્ટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ ડિમાન્ડ નોટિસ**

આથી જાહેર નોટિસ આપવામાં આવે છે કે નીચે જણાવ્યા મુજબ ના ઉધારકર્તા/સહ-ઉધારકર્તાઓ દ્વારા હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (હવે પછીથી સદરહુ કંપની તરીકે સંબોધવામાં આવશે) ખાતેથી લોન મેળવેલ છે અને તે લોન પેટેના તેમના માસિક હપ્તાની (EMI) ચુકવણી કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી સદરહુ કંપની દ્વારા આર. બી.આઇ./નેશનલ હાઉસિંગ બોર્ડ દ્વારા બહાર પાડવામાં માં આવેલ વખતો વખત ના નિયમને આધીન નીચે દર્શાવેલ ઉધારકર્તા/સહ-ઉધારકર્તાનું લોન ખાતું એન.પી.એ. (N.P.A.) જાહેર કરવામાં આવ્યું છે અને નીચે મુજબના ઉધારકર્તા/સહ-ઉધારકર્તા ઉપર ધી સિક્યુરાઈટેઝન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્શ્યલ એસેસ્ટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સેક્યુરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ મુજબ સદરહુ કંપનીના ઓથોરાઇઝડ ઓફિસર દ્વારા કાયદેસરની કાર્યવાહી ચાલુ કરવામાં આવી છે અને તે કાર્યવાહી ના ભાગરુપે સદરહુ કંપનીના ઓથોરાઇઝડ ઓફિસર દ્વારા નીચે દર્શાવેલ ઉધારકર્તા/સહ-ઉધારકર્તાના છેલ્લા સરનામાં ઉપર આર.પી.એ.ડી. દ્વારા ઉપરોક્ત કાયદા ની કલમ - ૧૩(૨) હેઠળની ડિમાન્ડ નોટિસ પાઠવામાં આવેલ હતી જે નોટિસ બજ્યા વગર ની સદરહુ કંપનીના ઓથોરાઇઝડ ઓફિસર ને પરત મળેલ હતી અને સદરહુ કંપનીના ઓથોરાઇઝડ ઓફિસરની પાક્કી માહિતી મુજબ નીચે દર્શાવેલ ઉધારકર્તા/સહ-ઉધારકર્તા જાણી જોઈને ઉપરોક્ત મુજબની નોટિસની બજવણી કરવા દેવા નો માંગતા હોય, તેથી કરીને આ જાહેર નોટિસ આપવાની ફરજ પડેલ છે. આ નોટિસ દ્વારા નીચે દર્શાવેલ ઉધારકર્તા/સહ-ઉધારકર્તાને ઉપરોક્ત કાયદા ની કલમ - ૧૩(૨) હેઠળની જોગવાય મુજબ નીચે મુજબના કોષ્ઠક માં દર્શાવેલ રકમ ભવિષ્યના વ્યાજ અને ખર્ચ સહિત ૬૦ દિવસ માં ભરી જવા સુચવામાં આવે છે. જો નીચે દર્શાવેલ ઉધારકર્તા/સહ-ઉધારકર્તા નીચે દર્શવયા મુજબ ની સંપૂર્ણ રકમ નોટિસ ની તારીખ થી ૬૦ દિવસ ની અંદર ભરપાઈ ન કરે તો સદરહુ કંપનીના ઓથોરાઇઝડ ઓફિસરની સદરહુ કાયદાની કલમ ૧૩(૪) અને ૧૪ હેઠળ આપેલ એવા બધાજ હકો નો ઉપયોગ કરવા સ્વતંત્ર છે જેમાં મોર્ગેજ મિલકતો/મુકરર અકસયામતો નો કબજો લઈ વેચાણ કરવાની સત્તા માટે સમક્ષ છે. વધુમાં ઉધારકર્તા/સહ-ઉધારકર્તા ને સુચવામાં આવે છે કે આ નોટિસ મળ્યા પછીથી સરફેશિ કાયદા ની કલમ ૧૩ ની પેટા કલમ ૧૩ ની હેઠળ મુકરર મિલકત વેચાણ, ભાડે, કે કોઈ રીતે મુકરર લેણદાર ની લેખિત પરવાનગી સિવાય તબદીલ કરવાની મનાઈ ફરમાવે છે. ઉપરોક્ત કાયદાની કલમ ૧૩ ની પેટા કલમ ૮ મુજબ ઉધારકર્તાઓ તેમની મુકરર મિલકત સંપૂર્ણ દેવા, નીચે જાહેર હરાજી ની નોટિસ માં પ્રદર્શિત થાય તે પહેલા ભરીને છોડાવી શકે છે જે ત્યાર પછી ભરી શકાશે નહીં. ઉપરોક્ત જણાવેલ સૂચના/આદેશોનો ભંગ સદરહુ કાયદા ની કલમ -૨૯ મુજબ જૈલની સજા અથવા/અને દંડ ને પાત્ર ગુનો બને છે જેની જાણ આથી કરવામાં આવે છે. ઉધારકર્તા/સહ-ઉધારકર્તા ની વિગત નીચે મુજબની છે :

| | ઉધારકર્તા(ઓ), અને સહ-ઉધારકર્તાઓ અને જામીનદારોના નામ | ડિમાન્ડ નોટિસ તારીખ, રકમ અને લોન ખાતા નંબર | મિલકત નું વર્ણન |
|---|---|---|---|
| 1 | ઉધારકર્તા :<br>(૧) શ્રી જયંત ધનરાજાણી<br>સહ-ઉધારકર્તા:<br>(૨) શ્રીમતી ઉષાબેન ધનરાજાણી | Dt. 13/02/2026 &<br>Rs. 13,35,950/- &<br>A/C No.<br>GJ/RJS/RAJK/A000000036 | ગુજરાત રાજ્યના **તાલ અને જિલ્લો રાજકોટ** રૈયા ખાતે સ્થિત સ્થાવર મિલકતના તે બધા ટુકડાઓ અને પાર્સલ જેમાં રહેણાંક મિલકતનો સમાવેશ થાય છે જેમાં ફ્લેટ નં. ૪૦૨, ૮૧૫-૨૨ ચો.મી. બિલ્ટ-અપ |
| | એરિયા છે જે "શ્રીજી એપાર્ટમેન્ટ" તરીકે ઓળખાતી બિલ્ડીંગના વિંગ-એ ના ચોથા માળે એનએ જમીન વિસ્તાર રૈયા રેવન્યુ સર્વે નં. ૨૨૧ પૈકીના પ્લોટ નં. ૧૮૫ થી ૧૯૨, જે "શાંતિનગર" તરીકે ઓળખાતા વિસ્તાર જે શ્રીમતી ઉષા જયંત ધનરાજની અને શ્રી જયંત ઇન્દ્રકુમાર ધનરાજનીની માલિકી અને કબજા હેઠળ છે, જેની ચતુ:સીમાઓ આ મુજબ છે:- ઉત્તર:- આ બિલ્ડીંગની માર્જિન સ્પેસ પછી ૩૦-૦૦ મીટર રોડ, દક્ષિણ: વિંગ-એ ના ફ્લેટ નં. ૪૦૧, પૂર્વ:- કોમન પેસેજ અને ફ્લેટ પ્રવેશદ્વાર, પશ્ચિમ:- વિંગ-બી ના ફ્લેટ નં. ૪૦૩. | | |
| 2 | ઉધારકર્તા : (૧) શ્રી રાહુલ જેઠવા<br>સહ-ઉધારકર્તા:<br>(૨) શ્રીમતી રેખાબેન જેઠવા<br>(૩) શ્રી માવાભાઈ જેઠવા | Dt. 13/02/2026 &<br>Rs. 10,12,276/- &<br>A/C No.<br>GJ/RJS/GDRD/A000000005 | ગુજરાત રાજ્યના તા. અને **જિ. રાજકોટ** નાગલપર ખાતે સ્થિત "કલરવ પાર્ક-૨" તરીકે ઓળખાતા વિસ્તારના નાગલપર રેવન્યુ સર્વે નં. ૨૦૮ ના પ્લોટ નં. ૯૫ ના રહેણાંક બ્લોક નં. ૮૪ થી ૯૬/૦૩ સુધીના |
| | સ્થાવર મિલકતના તે બધા ટુકડાઓ અને પાર્સલ. જે શ્રી રાહુલ માવજીભાઈ જેઠવાની માલિકી અને કબજા હેઠળ છે જેની ચતુ:સીમા આ મુજબ છે:- ઉત્તર:- બ્લોક નં. ૮૪ થી ૯૬/૯૨ પ્લોટ નં. ૯૪, દક્ષિણ: બ્લોક નં. ૮૪ થી ૯૬એ/૯૪ પ્લોટ નં. ૯૬/એ. પૂર્વ:- બ્લોક નં. ૬૯ થી ૮૩/૯૦ પ્લોટ નં. ૭૨. પશ્ચિમ:- ૦-૦૦ મી રોડ. | | |

જો ઉપરોક્ત ઉધાર લેનારાઓ ઉપરોક્ત મુજબ એચએચએલએફને ચૂકવણી કરવામાં નિષ્ફળ જશે, તો એચએચએલએફ અધિનિયમની કલમ ૧૩(૪) અને લાગુ નિયમો હેઠળ ઉપરોક્ત સુરક્ષિત અસ્કયામતો સામે કાર્યવાહી કરશે, સંપૂર્ણપણે ખર્ચ અને પરિણામોના જોખમે ઉધાર લેનારાઓના જોખમો પર. આ ઉધાર લેનારાઓને કલમ ૧૩(૧૩) અધિનિયમ હેઠળ ઉપરોક્ત અસ્કયામતો ટ્રાન્સફર કરવા પર પ્રતિબંધ છે, પછી ભલે તે વેચાણ, લીઝ અથવા અન્ય રીતે એચએચએલએફ ની પૂર્વ લેખિત સંમતિ વિના હોય. કોઈપણ વ્યક્તિ જે ઉક્ત અધિનિયમની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે અથવા તે હેઠળ બનાવેલા નિયમોનું ઉલ્લંઘન કરે છે, તે કલમ ૨૯ ની જોગવાઈ મુજબ જેલ અને/અથવા દંડ સાથે કાયદા હેઠળ જોગવાઈ માટે જવાબદાર રહેશે.

**સ્થળ : રાજકોટ** **અધિકૃત અધિકારી,**
**તારીખ : ૦૩/૦૩/૨૦૨૬** (નોંધ : વિવાદની સ્થિતિમાં અંગ્રેજી આવૃત્તિમાં પ્રકાશિત થયેલ નોટીસ માન્ય ગણાશે.) **હિન્દુજા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**



સોળમી પુણ્યતિથિએ

**શ્રદ્ધાંજલી**

**ગૌ.સ્વ.સોની મથુરભાઈ ભનુભાઈ ઝીંઝુવાડીયા**
સ્વ.તા.૪-૩-૨૦૧૦ (બાબરાવાળા)



**એક મહાન યુગનો અંત થયો છે,**
**પરંતુ તેમના વિચારો અને મુલ્યો સદાય અવિનાશી રહેશે.**
**તેમનું જીવન અમારે માટે પ્રેરણાસ્તોત્ર બની રહેશે.**

SARJAN

RADHIKA
CRAFTING ETERNAL ELEGANCE

**અશોકભાઈ મથુરભાઈ ઝીંઝુવાડીયા**
**હરેશભાઈ મથુરભાઈ ઝીંઝુવાડીયા**

તંત્રી લેખ

# ઈરાન-ઈઝરાયેલ યુદ્ધઃ વૈશ્વિક અર્થતંત્ર ડામાડોળ થવાના આરે

યુદ્ધમાં ખતરો માત્ર બે-ચાર દેશો પૂરતો સીમિત નથી. ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલો તણાવ હવે સીધા યુદ્ધમાં પરિણમ્યો છે, જેની ભયાનક અસરો આખી દુનિયાએ ભોગવવી પડશે. આ સંઘર્ષ હવે કોઈ એક ભૌગોલિક પ્રદેશની સમસ્યા નથી રહ્યો, પરંતુ સમગ્ર વિશ્વની શાંતિ અને આર્થિક સ્થિરતા માટે એક મોટો પડકાર બની ગયો છે.

આ યુદ્ધનું સૌથી મોટું અને સીધું પરિણામ વૈશ્વિક ક્રૂડ ઓઈલ માર્કેટ પર જોવા મળશે. આ પ્રદેશ વિશ્વનો સૌથી મોટો ક્રૂડ ઉત્પાદક પ્રદેશ છે. ખાસ કરીને હોર્મુઝની સામુદ્રધુની, જ્યાંથી વિશ્વના કુલ ઓઈલ સપ્લાયનો એક મોટો હિસ્સો પસાર થાય છે, તે આ યુદ્ધના કેન્દ્રમાં છે. જો આ જળમાર્ગ બ્લોક થશે અથવા ત્યાં વહાણો પર હુમલા વધશે, તો ક્રૂડના પુરવઠામાં મોટી અછત સર્જાશે.

ક્રૂડ ઓઈલના પુરવઠામાં ખલેલ પડતાં જ આંતરરાષ્ટ્રીય બજારમાં તેલના ભાવો આસમાને પહોંચશે. જ્યારે પણ ઈઝરાયેલ અને ઈરાનના નેતાઓ, તરફથી ઉગ્ર નિવેદનો આવે છે કે હુમલાઓ થાય છે, ત્યારે જ ક્રૂડના ભાવમાં ઉછાળો જોવા મળે છે. ઐતિહાસિક રીતે, અશાંતિ હંમેશા ક્રૂડના ભાવોમાં ભડકો કરે છે, અને આ વખતનો સંઘર્ષ અગાઉના તમામ કરતા વધુ ગંભીર છે.

પેટ્રોલ અને ડીઝલના ભાવ વધતાં જ માલસામાનની હેરફેર મોંઘી બનશે, જેની સીધી અસર આવશ્યક ચીજવસ્તુઓના ભાવ પર પડશે. શાકભાજીથી લઈને અનાજ અને જીવનજરૂરી દવાઓ સુધી દરેક વસ્તુ મોંઘી થશે. વૈશ્વિક સપ્લાય ચેઈન, જે હજુ તાજેતરના વૈશ્વિક આંચકાઓમાંથી માંડ બહાર આવી રહી છે, તેને આ યુદ્ધ વધુ એક મોટો અને જીવલેણ ફટકો આપશે.

ભારત જેવા વિકાસશીલ દેશો માટે આ પરિસ્થિતિ અત્યંત ચિંતાજનક છે. ભારત પોતાની જરૂરિયાતના ૮૦ ટકાથી વધુ ક્રૂડ ઓઈલની આયાત કરે છે. જો ક્રૂડના ભાવ વધે, તો દેશનું આયાત બિલ વધશે, વિદેશી હૂંડિયામણની અનામત ઘટશે અને રૂપિયાનું મૂલ્ય ડોલર સામે ગગડશે. સરકારી તિજોરી પર પડતો આ આર્થિક બોજો આખરે ટેક્સ અથવા મોંઘવારીના રૂપમાં સામાન્ય નાગરિકોના ખિસ્સા પર જ પડશે.

આર્થિક અસરો ઉપરાંત, આ યુદ્ધથી વૈશ્વિક રાજનીતિમાં પણ ભારે ધ્રુવીકરણ જોવા મળી રહ્યું છે. અમેરિકા, રશિયા અને ચીન જેવા મોટા દેશો આ સંઘર્ષમાં પોતાના વ્યૂહાત્મક હિતો જોઈ રહ્યા છે. જો જો બાઈડેન કે અન્ય વૈશ્વિક નેતાઓ આ મામલે યોગ્ય અને તટસ્થ રાજદ્વારી પગલાં નહીં ભરે, તો આ સંઘર્ષ એક મોટા અને વ્યાપક યુદ્ધની ચિનગારી પણ બની શકે છે, જેમાં અનેક દેશો હોમાઈ જશે.

### રૂ.૩.૦૬ કરોડના ખર્ચે નવનિર્મિત

# ટાગોર શાળાનું સાંસદ પરસોત્તમ રૂપાલાના હસ્તે લોકાર્પણ

## સમગ્ર શિક્ષા અભિયાન હેઠળ ૧૬ વર્ગખંડો, કોમ્પ્યુટર લેબ અને લાયબ્રેરી જેવી સુવિધાઓથી સજ્જ ભવ્ય બિલ્ડીંગ વિદ્યાર્થીઓને અર્પણ; ૪૨૦ બાળકોને મળશે ખાનગી શાળા જેવું વાતાવરણ





**અબતક, રાજકોટ**

ગુજરાત સરકાર અને સમગ્ર શિક્ષા અભિયાનની ગ્રાન્ટમાંથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની રવિન્દ્રનાથ ટાગોર પ્રાથમિક શાળા નં. ૬૪બી ના આધુનિક સુવિધાઓથી સજ્જ નવા બિલ્ડીંગનું લોકાર્પણ રાજકોટના સાંસદ પરસોત્તમ રૂપાલાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શહેરના વિવિધ મહાનુભાવોએ ઉપસ્થિત રહી સરકારી શાળાના વિદ્યાર્થીઓને ઉત્તમ પ્રકારનું શૈક્ષણિક વાતાવરણ મળી રહે તે માટે નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી અને શિક્ષણ સમિતિના ચેરમેન વિક્રમ પુજારાએ ઉપસ્થિત મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ તકે સાંસદ પરસોત્તમ રૂપાલાએ સરકારની વિવિધ શૈક્ષણિક યોજનાઓથી પ્રજાજનોને વાકેફ કર્યા હતા. ધારાસભ્ય ડો. દર્શિતા શાહે બાળકોને વધુને વધુ શિક્ષણ મેળવી માતા-પિતાના સ્વપ્નો સાકાર કરવાની શીખ આપી હતી, જ્યારે મેયર નયના પેઢડીયાએ શિક્ષણ સમિતિ દ્વારા બાળકોના હિતમાં કરવામાં આવેલા કાર્યોને બિરદાવ્યા હતા. અંદાજિત ૩ કરોડ ૦૬ લાખ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલી આ શાળામાં ૧૬ વર્ગખંડો, કોમ્પ્યુટર લેબ, લાયબ્રેરી, આચાર્ય ખંડ અને પ્રયોગશાળાની આધુનિક સુવિધા વિકસાવવામાં આવી છે. શાળામાં હાલ ૪૨૦ બાળકો અભ્યાસ કરે છે અને ૧૬ શિક્ષકો કાર્યરત છે. વિદ્યાર્થીઓને અભ્યાસ અનુરૂપ યોગ્ય વાતાવરણ મળી રહે તે માટે ગ્રીન બોર્ડ, પંખા, ટ્યુબ લાઈટ તેમજ કુમાર-કન્યા માટે અલાયદી શૌચાલય વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત શાળાના મેદાનમાં પેવર બ્લોક, મધ્યાહન ભોજન શેડ, પીવાના પાણીની સુવિધા, રેઈન વોટર હાર્વેસ્ટિંગ અને ફાયર સેફ્ટીની અધતન સુવિધાઓ સાથેનું બિલ્ડીંગ તૈયાર કરી સોંપવામાં આવ્યું છે.

આ લોકાર્પણ પ્રસંગે ધારાસભ્ય ભાનુબેન બાબરીયા, રમેશ ટીલાળા, પૂર્વ સાંસદ મોહન કુંડારીયા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષ રાડીયા, શહેર ભાજપ મહામંત્રી વલ્લભ દુધાત્રા સહિતના આગેવાનો અને શિક્ષણ સમિતિના સભ્યો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે શાસનાધિકારી રમેશ જેઠવા દ્વારા આભાર દર્શન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શિક્ષણ સમિતિની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

# બાર કાઉન્સીલના ઉમેદવાર અમૃતા ભારદ્વાજ અને સી. એચ. પટેલને વકીલોનો ઐતિહાસિક અને વ્યાપક ટેકો

## સ્નેહ મીલન અને નાગરિક સહકારી બેંક લી.ના પેનલ એડવોકેટસ દ્વારા વિજય બનાવવા માટે અપીલ





**અબતક, રાજકોટ**

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીમાં શહેર ભાજપ લીગલ સેલ સમર્પિત અમૃતા અભયકુમાર ભારદ્વાજ અને સી.એચ.પટેલ એ ઉમેદવારી નોંધાવેલ છે. મતદાનને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે ભાજપ આગેવાનો, સીનિયર, જુનીયર અને મહીલા વકીલો દ્વારા બંને ઉમેદવારોને જંગી બહુમતીથી વિજય બનાવવા માટે અપીલ કરી બાર કાઉન્સિલ ઓફ ગુજરાતનું સફળ નેતૃત્વ માટે પ્રતિબધ્ધ છે.ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણીમાં ભાજપ લીગલ સેલ દ્વારા સમરસ પેનલ બનાવીને બે ઉમેદવારોને ઉતાર્યા છે. સમરસ પેનલની ચૂંટણી કાર્યાલય ખાતે ઉમેદવારોને સમર્થન આપવા માટે ભાજપ આગેવાનો, ધારાસભ્યો, લીગલ સેલના હોદેદારો, બારના ભૂતપૂર્વ હોદ્દેદારો અને કારોબારી ટીમ સહિત વકીલોના અલગ અલગ સંગઠનોના હોદેદારો દ્વારા શુભેચ્છાઓ પાઠવી અમૃતા ભારદ્વાજ અને સીએચ પટેલને જંગી મતથી વિજય બનાવવા માટે અપીલ કરવામાં આવી છે.સમરસ પેનલના મધ્યસથ કાર્યાલય ખાતે તા. ૨૮ શનિવારે રેવન્યુ પેકટીસનર્સ એસો.ની બેઠક મળી હતી, જેમાં રેવન્યુ પ્રેક્ટીસનર્સ એસો., નોટરી અને રેવન્યુ પેકટીસ કરતા ધારાશાસ્ત્રીઓના લાંબાસમયથી અટકેલા પશ્નો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

આ ઉપરાંત વિવિધ સમાજના સ્નેહ મીલન અને બેઠકો દરમ્યાન રઘુવંશી સમાજ, જૈન સમાજ અને ગુજર ક્ષત્રિય કડીયા સમાજ દ્વારા સીનીયર અને યુવા ધારાશાસ્ત્રીઓ, લીગલ સેલ સમરસ પેનલને સતાવાર ટેકો જાહેર કરી આવ્યો હતો. રાજકોટ નાગરીક સહકારી બેંક લી. ના પેનલ એડવોકેટસ ની મીટિંગ પણ સમરસ પેનલના મધ્યસ્થ કાર્યાલય ખાતે મળી હતી. સમરસ પેનલ ને પેનલ ટુ પેનલ મતદાન કરવા અપીલ કરી સમરસ પેનલ ને જંગી બહુમતીથી જીતાડવા માટે કોલ આપ્યો હતો. દરેક વકીલોને સમાન અવાજ આપવાની નીતી તથા ભાર ના સર્વાંગી વિકાસ માટે સમરસ પેનલ ને દરેક સમાજનો વ્યાપક સમર્થન પ્રાપ્ત થયેલ હતો.

આ પ્રસંગે ભાજપ પ્રમુખ માધવભાઈ દવે, બારના પૂર્વ પ્રમુખ લલિતસિંહ શાહી, સેક્રેટરી દિલીપભાઈ જોશી કિશોરભાઈ સખીયા, પીયુષભાઈ શાહ, કમલેશભાઈ ડોડીયા, જયેશભાઈ બોઘરા, કિશનભાઈ ટીલવા, વિક્રમભાઈ પુજારા, કોર્પોરેટર નેહલભાઈ શુકલા, અંશભાઈ ભારદ્વાજ, સીનીયર વકીલ ગીરીશભાઈ ભટ્ટ, મહર્ષિભાઈ પંડ્યા, પ્રવીણભાઈ કોટેચા, એન જે. પટેલ, જી. એલ. રામાણી, જે. એફ. રાણા, ભગીરથસિંહ ડોડીયા, ઈન્દ્રસિંહ ઝાલા, સંજયભાઈ વ્યાસ, નરેન્દ્રભાઈ ભુસા, પુર્વ પ્રમુખ અર્જુનભાઈ પટેલ, મહિલા એડવોકેટ રંજનબા રાણા, અલ્કાબેન પંડ્યા, પરેશ ઠાકર, અજયભાઈ જોશી, અશ્વિનભાઈ ગોસાઈ, હેમાંશુભાઈ પારેખ, હર્ષિલ શાહ, પારસભાઈ શેઠ, મોહિત ઠાકર, નિવિદ પારેખ, મિલન જોષી, અશ્વિનભાઈ મહાલીયા, જીગ્નેશ સભાડ, રાહુલભાઈ મકવાણા, રવિરાજસિંહ રાઠોડ, જયપાલસિંહ સોલંકી, રાજભા ઝાલા, વિજય ભટ્ટ, ડી. ડી. મહેતા, શૈલેષ ભટ્ટ, મેહુલ મેહતા, આર. ડી. ઝાલા, ડી. બી. બગડા, ઉપસ્થિત રહ્યા હતા.

### લીગલ સેલની સમરસ પેનલનું ગુરૂવારે વિજય વિશ્વાસ સંમેલન

લીંગલ સેલની સમરસ પેનલ દ્વારા “ તા.૫ ગુરુવારે વિજય વિશ્વાસ સંમેલન નુ કાઠીયાવાડ જીમખાના, ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ સંમેલનમાં મોટી સંખ્યામાં સિનિયર જુનિયર અને મહિલા વકીલોએ ઉપસ્થીત રહી સમરસ પેનલ પ્રત્યેના વિશ્વાસને વધુ મજબૂત બનાવશે, આવનાર ચૂંટણીમા વિજયની દીશામા એક્તા અને સંકલનનુ પ્રદર્શન વિજય વિશ્વાસ સંમેલનની સમગ્ર વકીલ વર્ગમાં એક જ ચર્ચા છે. ગુજરાત બાર એસો. ના ઈતિહાસમા નવી અને સકારાત્મક દિશા આપનાર સાબીત થશે.

# યાત્રા પ્રવાસના વ્યાજબી બજેટ માટે અનુકૂળ 2x2 સ્લીપર કોચના બંધ કરાયેલા ફિટનેસ સર્ટિફિકેટ પુનઃ શરૂ કરવા માંગ



## યાત્રી પ્રવાસી એન્ડ ટુર ઓપરેટર દ્વારા સાંસદ પરસોતમભાઈ રૂપાલાને મળી કરી રજૂઆત

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રમાં યાત્રા પ્રવાસના આયોજનમાં મીડીયમ બજેટ અને વ્યાજબી ભાવથી કરાવવામાં આવતી યાત્રા માટે ટુ બાય ટુ સ્લીપર બસ ખૂબ જ અનુકૂળ રહે છે પરંતુ અત્યારે આ બસનું પાસે આરટીઓ કચેરીમાં બંધ કરી દેવાયું છે.

યાત્રી પ્રવાસી એન્ડ ટુર ઓપરેટર ના પ્રમુખ વેકુંઠ ભાઈ નિમાવત અને આગેવાનોએ રાજકોટ આરટીઓ અધિકારીને પત્ર પાઠવી ટુ બાય ટુ સ્લીપર બસ મધ્યમ અને વ્યાજબી બજેટમાં ખૂબ જ અનુકૂળ હોય આ બસનું હાલમાં ફિટનેસ સર્ટિફિકેટ પાસિંગ બંધ કરી દેવામાં આવ્યું છે જેનાથી ૪૯૫ થી ૫૦૦ બસ સૌરાષ્ટ્રમાં થંભી જવા પામી છે આ બસ પર નિર્ભર ડ્રાઈવર કંડકટર બસ માલિક પૂર્વ ઓપરેટરો ગાઈડ હોટલ ધરમશાળા ના સંચાલકો ની રોજીરોટી પર પ્રશ્નાર્થ સર્જાયો છે.

ટુ બાય ટુ લકઝરી સ્લીપર કોચની બસ નું બંધ કરી દેવાયેલ ફિટનેસ સર્ટિફિકેટ પાસિંગ ફરીથી શરૂ કરવા અને અન્ય રાજ્યોનીબસ ગુજરાતમાં ટ્રાન્સફર કરી આપવા આરટીઓમાં યોગ્ય ધારા ધોરણ સુધારી બસોના ફિટનેસ સર્ટિફિકેટ પુનઃ શરૂ કરવાયાત્રી પ્રવાસી ટુર ઓપરેટર સંગઠન દ્વારા માંગ કરવામાં આવી છે પ્રમુખ વેકુંઠ ભાઈ નિમાવત અને આગેવાનોએ રાજકોટ કમલમ ખાતે સાંસદ પરસોત્તમભાઈ રૂપાલાને રૂબરૂ મળી ૨ / ૨ બસ સ્લીપર કોચ ને ફરીથી ફિટનેસ સર્ટિફિકેટ આપવાનું શરૂ કરાવવા રજૂઆત કરી હતી.

# બજરંગ ગ્રુપ દ્વારા રઘુવંશી સમાજના દીકરા-દીકરીઓ માટે રવિવારે યોજાશે દ્વિતીય પરિચય પસંદગી મેળો

## અબતકની મુલાકાતમાં પરિચય પસંદગી મેળા અંગે બજરંગ ગ્રુપના આગેવાનોએ વિગતો આપી-રઘુવંશી વાલીઓને લાભ લેવા કરી “અપીલ”



**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર ગુજરાત અને દેશ વિદેશના રઘુવંશી પરિવારના સંતાનોના સમયસર સુપાત્ર સાથે વેવિશાળ થાય તે માટે કાર્યરત બજરંગ ગ્રુપ દ્વારા આઠમી માર્ચ ના રોજ દ્વિતીય પરિચય પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે .

અબતકની મુલાકાતે આવેલા બજરંગ ગ્રુપના આગેવાનો કિશોરભાઈ કારીયા, હસુભાઈ ગણાત્રા, જતીનભાઈ ભીંડોરા, જયંતભાઈ બુધદેવ, પ્રવીણભાઈ વિઠલાણી, પરેશભાઈ સેજપાલ, વિનુભાઈ બુધદેવ દિનેશભાઈ તન્ના, હર્ષભાઈ માત્રવડીયા, આશાબેન સેદાણી, શોભનાબેન કક્કડ, મીનાબેન છાગાણી નેત્રુત્તીબેન કક્કડ, અલકાબેન ખંગરામ જાગૃતીબેન ખીમાણી જયોતિબેન ભટ્ટ સહિતના આગેવાનોએ જણાવ્યું હતું કે બજરંગ ગ્રુપ દ્વારા આત્મીમ માર્ગ ના રોજ સરસ્વતી શિશુ મંદિર મારુતિ નગર એક એરપોર્ટ ફાટક પાસે રેસકોર્સ નજીક બપોરે ૨વાગ્યાથી સાંજના ૭ વાગ્યા સુધી પરિચય પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પરિચય મેળામાં દેશભરના અને કેટલાક વિદેશી દીકરા દીકરીઓ ના બાયોડેટા મળ્યા છે અને તેમના વાલીઓ અને પાત્રો ની પરિચય વ્યવસ્થા રાખવામાં આવી છે ૧૯૯૦થી ૨૦૦૫ સુધીના જન્મ તારીખ ધરાવતા રઘુવંશી સમાજના યુવક યુવતીઓ માટે દ્વિતીયપરિચય પસંદગી મેળો માં ભાગ લેનાર તમામ યુવક યુવતીને સંસ્થા તરફથી આકર્ષક ભેટ આપવામાં આવશે ,અને પરિચય પસંદગી મેળા માં સ્થળ પર રજીસ્ટ્રેશન કરાવનારને ડ્રોનો લાભ અને ભેટ વસ્તુઓ અપાસે, પરિચય પસંદગી મેળામાં જરૂરી એન્ટ્રીઓ પૂર્ણ થઈ ગયેલ હોય ,શક્ય હશે તો પોસ્ટ એન્ટ્રી સ્વીકારવામાં આવશે .તેના માટે સ્થળ પર હાજર રહેવું જરૂરી છે જે ઉમેદવારોએફોર્મ ભરેલા છે તેમને ફોર્મની રીસીપ્ટની કાપલી સાથે લઈ આવવાનું જણાવ્યું છે ,સંતાનો સાથે બે વાલીઓને એન્ટ્રી આપવામાં આવશે બજરંગ ગ્રુપ દ્વારા ૮વર્ષથી ગરેડીયા કુવા રોડ ઉપર હનુમાનજીની ડેરી સામે વેવિશાળ માહિતી કેન્દ્ર ચલાવવામાં આવે છે દર રવિવારે બપોરે ૪/૩૦થી ૬/૩૦દરમિયાન બાયોડેટા અને બે પાસપોર્ટ સાઈઝનાફોટા સાથે રજીસ્ટ્રેશન કરાવવાની અપિલ કરવામાં આવી છે આ કાર્યક્રમનો લાભ લેવા રઘુવંશી પરિવારને યુવક યુવતીઓ અને પોતાના વાલીઓ સાથે સ્થળ પર સમયસર પહોંચી જવા પ્રોજેક્ટ ડાયરેક્ટર જતીનભાઈ ભીંન્ડોરા એ અનુરોધ કર્યો છે.

# સ્વાદ અને સ્વાસ્થ્યનો સંગમઃ હરિવંદના કોલેજમાં શનિવારે ‘મિલેટ્સ ફૂડ કાર્નિવલ’

## રાગી ઢોસાથી લઈને મિલેટ્સ પિઝા સુધીની વાનગીઓ બનશે આકર્ષણનું કેન્દ્ર; પ્રાચીન ધાન્ય પ્રત્યે જાગૃતિ લાવવા સંસ્થાની અનોખી પહેલ

**અબતક, રાજકોટ**

પ્રાચીન ભારતીય ધાન્યના મહત્વને ઉજાગર કરવા અને આરોગ્યપ્રદ આહાર શૈલીને પ્રોત્સાહન આપવાના હેતુથી રાજકોટની ખ્યાતનામ હરિવંદના કોલેજ દ્વારા આગામી ૭ માર્ચ ૨૦૨૬, શનિવારના રોજ 'મિલેટ્સ ફૂડ કાર્નિવલ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. 'ઈન્ટરનેશનલ યર ઓફ મિલેટ્સ' અંતર્ગત યોજાનારા આ મહોત્સવમાં સવારે ૯:૦૦ કલાકથી વિદ્યાર્થીઓ અને વાનગી નિષ્ણાતો દ્વારા તૈયાર કરવામાં આવેલી પૌષ્ટિક વાનગીઓનું પ્રદર્શન અને રસાસ્વાદ યોજાશે.

આ ફૂડ કાર્નિવલમાં પરંપરાગત અને આધુનિક રસોઈકળાનો અદભૂત સમન્વય જોવા મળશે. જેમાં ખાસ કરીને રાગી ઢોસા, પૌષ્ટિક બાજરીના રોટલા, જુવારની ખીચડી તેમજ યુવા પેઢીમાં લોકપ્રિય એવા મિલેટ્સ પિઝા, મિલેટ્સ કોડકિડ્સ અને વિવિધ પ્રકારના શકિતવર્ધક લાડુ જેવી વાનગીઓ મુખ્ય આકર્ષણ રહેશે. આ આયોજન દ્વારા બાજરી, જુવાર અને રાગી જેવા વિસરાતા જતાં ધાન્યને દૈનિક આહારમાં ફરી સ્થાન અપાવવાનો પ્રયાસ કરવામાં આવશે. અબતક ચેનલ અને ડિજિટલ પ્લેટફોર્મ ના મીડિયા પાર્ટનર થકી આજના જંક ફૂડના યુગમાં નવી પેઢી કુદરતી અને મિનરલ્સથી ભરપૂર એવા ધાન્યનો ઉપયોગ કરે તે ખૂબ જરૂરી છે તે સમજાવશે. હરિવંદના કોલેજ આ કાર્યક્રમ દ્વારા રાજકોટની જનતાને સ્વાદની સાથે સ્વાસ્થ્યની જાળવણીનો સંદેશ આપવા માંગે છે. આ અનોખા ફૂડ કાર્નિવલમાં સહભાગી થવા માટે કોલેજ પરિવાર દ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# અંબિકા ધામ મંદિરે “હોલી ઉત્સવ”



અંબિકા ટાઉનશીપમાં આવેલ અંબાધામ મંદિરે “હોલી ઉત્સવ”નું આયોજન કરેલ હતું. આસપાસના વિસ્તારોના હજારો શ્રદ્ધાળુ તથા મંદિરના ધર્મપ્રેમીભાઈઓ જોડાયા હતા. યુવા કાર્યકરોની ટીમે સુંદર વ્યવસ્થા જાળવીને આયોજનને ચાર ચાંદ લગાડ્યા હતા. પ્રારંભે શાસ્ત્રોક્ત વિધી બાદ હોળીને પ્રગટાવી ત્યારે જનમેદની ભાવવિભોર બની હતી.

# વિશ્વ શાંતિ માટે ગુંજ્યો નવકાર મંત્રઃ પ૨૦થી વધુ સાધર્મિકોએ ૭૦,૦૦૦થી વધુ મહામંત્રના જાપ કરી ઐતિહાસિક સિદ્ધિ મેળવી

## જેબીઓ ફાઉન્ડર હર્ષિલ શાહની પ્રેરણાદાયી પહેલને જૈન સમાજનો અભૂતપૂર્વ પ્રતિસાદઃ ૫૪,૦૦૦ના લક્ષ્યાંક સામે ભક્તિભાવ સાથે લક્ષ્યાંક પાર કરી નવો સંકલ્પ લેવાયો



**અબતક, રાજકોટ**

સમગ્ર વિશ્વમાં વ્યાપેલી અરાજકતા અને યુદ્ધ જેવી પરિસ્થિતિઓ વચ્ચે વિશ્વશાંતિ અને વિશ્વકલ્યાણની પવિત્ર ભાવના સાથે જેબીઓ મણિભદ્ર ગ્રુપ દ્વારા એક ભવ્ય નવકાર મહામંત્ર મહાજાપનું ઐતિહાસિક આયોજન કરવામાં આવ્યું હતું. ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬ના પાવન દિવસે સુપાર્શ્વનાથ જૈન દેરાસર ખાતે આયોજિત આ કાર્યક્રમમાં જૈન સમાજની અતૂટ શ્રદ્ધા અને સંગઠનશક્તિના દર્શન થયા હતા.

જેબીઓફાઉન્ડર હર્ષિલ શાહની દ્રઢ સંકલ્પશક્તિ અને ધાર્મિક સમર્પણને કારણે આ આયોજનને અદ્વિતીય સફળતા મળી હતી. પ્રારંભમાં માત્ર ૧૦૦ સાધર્મિકોની ઉપસ્થિતિની ધારણા હતી, પરંતુ તેની સામે ૫૨૦થી વધુ સાધર્મિકો ઉમટી પડ્યા હતા. તપાગચ્છ જૈન સંઘના પ્રમુખ જીતુભાઈ દેસાઈ (ચાવાળા) ના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં સમગ્ર દેરાસર પરિસર નવકાર મંત્રના નાદથી ગુંજી ઉઠ્યું હતું.

આ કાર્યક્રમમાં ગાયક ધર્મેશ દોશી અને તેમના સાથી સંગીતકારોએ ભાવવિભોર સ્વરે મહામંત્રનો જાપ કરાવ્યો હતો. દરેક ઉપસ્થિત સાધર્મિક સરેરાશ ૧૪૦થી વધુ નવકાર જાપ કર્યા, જેના પરિણામે ૫૪,૦૦૦ ના નિર્ધારિત લક્ષ્યાંક સામે કુલ ૭૦,૦૦૦થી વધુ નવકાર મહામંત્રનો જાપ સંપન્ન થયો હતો. આ સફળતામાં જેબીઓ મહિલા ગ્રુપની સક્રિય ભાગીદારી અને યુવા શક્તિનો ઉત્સાહ પ્રેરણાદાયી રહ્યો હતો.

સમયપાલન અને શિસ્તબદ્ધ રીતે સંપન્ન થયેલા આ આયોજને સાબિત કર્યું કે જ્યારે ઉમદા ઉદ્દેશ્ય સાથે સમાજ એકઠો થાય છે, ત્યારે મોટી સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. કાર્યક્રમના અંતે હર્ષિલ શાહ અને જેબીઓ ગ્રુપ દ્વારા હવે આગામી સમયમાં વધુ વિશાળ સ્તરે ૧,૦૮,૦૦૦ નવકાર મહામંત્રના મહાઅનુષ્ઠાનનો દ્રઢ સંકલ્પ લેવામાં આવ્યો છે.

# યુધ્ધ વધુ ગંભીર બને તે પહેલા વતન પરત લાવવા સરકાર એક્શન મોડમાં

## ઈન્ડિગોની ૧૦ સ્પેશિયલ ફ્લાઈટ્સ અને એર ઈન્ડિયાના વિશાળ 'બોઈંગ ૭૭૭' ઓમાન-સાઉદીના સુરક્ષિત રૂટ પરથી ઉડાન ભરશે ફ્લાઈટ્સ

પશ્ચિમ એશિયામાં ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ફાટી નીકળેલું યુદ્ધ હવે વિનાશક વળાંક પર પહોંચી ગયું છે. અમેરિકા અને ઈઝરાયલના સંયુક્ત હુમલા બાદ ઈરાને વળતો પ્રહાર કરતા સમગ્ર અખાતી દેશોમાં યુદ્ધની જ્વાળાઓ ફેલાઈ છે. સંરક્ષણ નિષ્ણાતો અને આંતરરાષ્ટ્રીય એજન્સીઓના મતે, આગામી ચાર સપ્તાહ આ સંઘર્ષ માટે અત્યંત નિર્ણાયક અને જોખમી સાબિત થઈ શકે છે. પરિસ્થિતિ વધુ વણસે તે પહેલા ભારત સરકારે ઈરાનમાં વસતા ભારતીયોને સુરક્ષિત રીતે વતન પરત લાવવાની પ્રક્રિયા તેજ કરી દીધી છે

ઈરાનમાં ખાસ કરીને જમ્મુ-કાશ્મીર અને કેરળના અંદાજે ૩,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ મેડિકલનો અભ્યાસ કરી રહ્યા છે. શનિવારથી ખોરવાયેલી વિમાન સેવાઓ બાદ સોમવારથી UAEની એમિરેટ્સ, એતિહાદ અને ફ્લાયદુબઈ જેવી એરલાઈન્સે ભારત માટે મર્યાદિત સ્પેશિયલ ફ્લાઈટ્સ શરૂ કરી છે. બીજી તરફ, ભારત સરકારના નાગરિક ઉડ્ડયન મહાનિદેશાલયની સૂચના બાદ એર ઈન્ડિયા અને ઈન્ડિગો પણ મંગળવારથી ઓમાન અને સાઉદી અરેબિયા જેવા સુરક્ષિત એરસ્પેસ પરથી પોતાની સેવાઓ ફરી શરૂ કરી રહી છે.

મુસાફરોને વહેલી તકે પરત લાવવા માટે ઈન્ડિગોએ જેદ્દાહથી ભારત માટે ૧૦ સ્પેશિયલ રિલીફ ફ્લાઈટ્સનું આયોજન કર્યું છે, જ્યારે એર ઈન્ડિયા વધુ મુસાફરોને સમાવવા માટે મસ્કત અને જેદ્દાહ રૂટ પર મોટા 'બોઈંગ ૭૭૭' વિમાનો તૈનાત કરવાની યોજના બનાવી રહી છે. હાલમાં દુબઈ, અબુ ધાબી અને શારજાહ જેવા શહેરોથી ભારત આવવા માટે ચાર્ટર ફ્લાઈટ્સની પણ ભારે માંગ છે. એરલાઈન્સ કંપનીઓ અગાઉથી બુકિંગ ધરાવતા મુસાફરોને પ્રાથમિકતા આપી રહી છે અને ભારતીય દૂતાવાસો સાથે મળીને મુસાફરોની સુરક્ષિત વાપસી માટે સતત કાર્યરત છે.

### અમેરિકાએ તેના નાગરિકોને તાત્કાલિક દેશ છોડવા આપી ચેતવણી

ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે વધતા જતા સૈન્ય સંઘર્ષને પગલે અમેરિકાએ તેના નાગરિકોને મધ્ય પૂર્વના ૧૫ થી વધુ દેશો તાત્કાલિક છોડી દેવા તાકીદ કરી છે. અમેરિકાના વિદેશ મંત્રાલયે ઈઝરાયેલ, ઈરાન, સાઉદી અરેબિયા, યુએઈ, કતાર અને જોર્ડન સહિતના દેશોમાં વસતા અમેરિકનોને ઉપલબ્ધ કોમર્શિયલ ફ્લાઈટ્સ દ્વારા તુરંત નીકળી જવા જણાવ્યું છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સંકેત આપ્યો છે કે ઈરાન વિરુદ્ધની આ સૈન્ય કાર્યવાહી ૪ થી ૫ અઠવાડિયા કે તેથી વધુ સમય સુધી ચાલી શકે છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય ઈરાનની મિસાઈલ ક્ષમતા અને પરમાણુ મથકોને નષ્ટ કરવાનો છે.

### પીએમ મોદીએ સાઉદી ક્રાઉન પ્રિન્સ અને બહેરીનના રાજા સાથે વાતચીત કરી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન અને બહેરીનના રાજા હમાદ બિન ઈસા અલ ખલીફા સાથે ટેલિફોન પર વાતચીત કરી હતી. પીએમ મોદીએ બંને દેશોની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતા પર થયેલા હુમલાઓની સખત નિંદા કરી હતી અને મુશ્કેલ સમયમાં ભારત તેમની સાથે હોવાનું આશ્વાસન આપ્યું હતું. વડાપ્રધાન મોદીએ ખાડી દેશોમાં વસતા આશરે ૯૦ લાખ ભારતીયોની સુખાકારી માટે સાઉદી અને બહેરીનનો આભાર માન્યો હતો.

### ઈઝરાયેલ-અમેરિકી હુમલામાં ખમેનેઈ બાદ હવે તેમની પત્નીનું પણ નિધન

ખામેનેઇના શાસન દરમિયાન તેમની પત્ની, મન્સુરેહ ખોજાસ્તેહ મોટાભાગે જાહેર જીવનમાંથી દેખાતા નહતા. તાજેતરના યુએસ હવાઈ હુમલામાં ખામેનેઇ અને તેમના પરિવારના અનેક સભ્યો માર્યા ગયા હતા. હુમલા દરમિયાન ગંભીર રીતે ઘાયલ થયેલી તેમની પત્નીનું પણ સોમવારે અવસાન થયું હતું.ખામેનેઇના મૃત્યુની પુષ્ટિ ઇઝરાયલી પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂ અને યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કરવામાં આવી હતી. જેમાં ઈરાને શરૂઆતમાં દાવાઓને ફગાવી દીધા હતા. ત્યાર બાદ રવિવારે સવારે ઈરાની ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોપ્ર્સ એ તેમના મૃત્યુની પુષ્ટિ કરીને શોક વ્યક્ત કર્યો અને ૪૦ દિવસનો જાહેર શોક જાહેર કર્યો હતો.

### મિડલ ઈસ્ટ વોર અપડેટઃ રિયાધમાં વિસ્ફોટો અને તેહરાન પર ઈઝરાયેલના ભિષણ હુમલા

**અમેરિકી દૂતાવાસ પર હુમલોઃ** સાઉદી અરેબિયાની રાજધાની રિયાધમાં આવેલા ઞજએમ્બેસી પર ડ્રોન હુમલો થયો છે, જેના કારણે ત્યાં આગ લાગી હતી. સાઉદી ડિફેન્સ સિસ્ટમે અન્ય ૪ ડ્રોન તોડી પાડ્યા છે.

**ટ્રમ્પની ચેતવણીઃ** દૂતાવાસ પરના હુમલા બાદ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કડક લહેજામાં કહ્યું છે કે, 'તમને જલ્દી જ ખબર પડી જશે,' જે મોટા વળતા પ્રહારનો સંકેત આપે છે.

**ઈરાનમાં તબાહી, ૭૪૨ મોતઃ** ઈઝરાયેલ અને અમેરિકાએ ઈરાનની મિસાઈલ સાઈટ્સ અને નેવી પર ભીષણ બોમ્બમારો કર્યો હતો. જેમાં નેવી હેડક્વાર્ટર અને સંખ્યાબંધ યુદ્ધજહાજો નષ્ટ થયા હોવાનો દાવો અમેરિકાએ કર્યો છે. બંને પક્ષે મૃતકોની સંખ્યા વધી રહી છે ત્યારે ઈરાનમાં ૭૪૨ લોકોનાં મોત થયા છે જેમાં ૧૭૬ બાળકો હતાં.

# હિંગળાજનગરમાં પૈસાની બોલાચાલીમાં પિતાની હત્યામાં પુત્રને પાંચ વર્ષની જેલ

## ફરિયાદી માતા કોર્ટમાં ફરી ગયા છતાં ફોરેન્સિક રિપોર્ટ, વૈજ્ઞાનિક પુરાવાની, તપાસ અહેવાલની દલીલો માન્ય રહી

**અબતક, રાજકોટ**

શહેરના અમીન માર્ગ પર હિંગળાજ નગર આવાસ યોજનાના ક્વાર્ટરમાં રહેતા પિતા પુત્ર વચ્ચે પૈસાના મામલે થયેલી બોલાચાલી દિવાલ સાથે માથું અથડાવી પિતાને મોતને ઘાટ ઉતારવાના કેસમાં ચાલી જતા અદાલતે કલમ ૩૦૪ (૨) પાર્ટ માની પુત્રને પાંચ વર્ષની સજા અને દંડ ફટકારતો હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ, શહેરના કાલાવડ રોડ - અમીન માર્ગ નજીક આવેલા હિંગળાજનગર આવાસ યોજનાના ક્વાર્ટરમાં રહેતા વજુભાઈ ચોટલીયા નામના પ્રૌઢ પુત્ર રવિ ચોટલીયા પાસે અવારનવાર રૂપિયાની માગણી કરતા હોય આ મામલે પિતા પુત્ર વચ્ચે થયેલી બોલાચાલીમાં ઉશ્કેરાયેલા પુત્ર રવિએ પિતા વજુભાઈને માર મારી માથું દિવાલ સાથે અથડાવી ગંભીર ઈજા પહોંચાડી મોતને ઘાટ ઉતાર્યા અંગેની મૃતકના પત્ની મનીષાબેન ચોટલીયાએ પુત્ર રવિ ચોટલીયા સામે માલવીયાનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે રવિ ચોટલીયા સામે હત્યા સહિતની કલમ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી હતી. બાદ તપાસનીશ દ્વારા અદાલતમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવતા સેશન્સ કોર્ટમાં કેસની સુનાવણી ચાલવા પર આવી હતી, જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ સરકાર પક્ષ દ્વારા ૨૧ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવ્યા હતા. આ કેસમાં કોર્ટમાં ફરિયાદી માતા ફરી ગયા છતા, મૃતકનું પીએમ કરનાર તબીબ અને પંચ વીટનેશ સાહેદો તેમજ તપાસ કરનાર અધિકારી સહિત અલગ અલગ ૧૩ સાહેદોની જુબાની કોર્ટ સમક્ષ લેવામાં આવી હતી. ત્યાર બાદ સરકારી વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને દસ્તાવેજી પુરાવા અને હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ટાંકેલા ચુકાદાઓને ધ્યાને લઈ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ જે. આર. શાહે આરોપીને કલમ ૩૦૪(૨) હેઠળ તકસીરવાર ઠરાવી પાંચ વર્ષની સખત કેદની સજા અને ૫,૦૦૦નો દંડ, જો દંડ ન ભરે તો વધુ એક માસની સજાનો હુકમ કર્યો છે. આ કામે સરકાર તરફે સરકારી વકીલ કમલેશભાઈ ડોડીયા અને સહાયક ઉર્વી આચાર્ય રોકાયા હતા.

# પરિણીત પ્રેમિકાને મળવા આવેલા ફલ્લાના યુવક પર હુમલો, ગંભીર રીતે ઘવાયો

## માથે શરીરે ગંભીર ઈજાઓ થતા સિવિલ હોસ્પિટલ ખસેડાયો, પોલીસે તપાસ હાથ ધરી

**અબતક, રાજકોટ**

ફલ્લાથી રાજકોટ પરણિત સ્ત્રીને મળવા આવેલા યુવકને બેફામ માર માર્યો હતો. તેને મોઢે ગંભીર ઈજા થઈ હતી, હાથ ભાંગ્યો હતો. ઈજાગ્રસ્ત મુકેશ મકવાણાને રાજકોટ સિવિલમાં ખસેડવામાં આવ્યો છે. પ્ર.નગર પોલીસે તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, જામનગરના ફલ્લા ગામે રહેતો અને સફાઈ કામ તેમજ ઢોલ વગાડવાનું કામ કરતો મુકેશ માધવજી મકવાણા (ઉં.વ. ૨૪)ગઈકાલે હોળીના પર્વ નિમિત્તે રાજકોટના ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલા લાખના બંગલા પાસે ઢોલ વગાડવાના કાર્યક્રમમાં આવ્યો હતો. આ દરમિયાન તેને રાજકોટના પોપટપરા વિસ્તારમાં રહેતી પરિણીત મહિલાનો ફોન આવ્યો હતો અને તેને મળવા બોલાવ્યો હતો.

રાત્રિના આશરે ૧૨:૩૦ વાગ્યાની આસપાસ જ્યારે મુકેશ મહિલાના ઘરે પહોંચ્યો ત્યારે અંધારામાં મહિલાનો ૧૮ વર્ષીય પુત્ર તેને જોઈ ગયો હતો. પુત્રએ મુકેશને પકડી પાડી ઝઘડો શરૂ કર્યો હતો, જેમાં ઘરના અન્ય સભ્યો પણ જોડાઈ ગયા હતા. ઉશ્કેરાયેલા સભ્યોએ મુકેશને પ્લાસ્ટિકના ધોકા વડે ઢોર માર માર્યો હતો. આ હુમલામાં મુકેશને મોઢાના ભાગે ગંભીર ઈજાઓ થઈ છે. આંખની ઉપર કપાળના ભાગે ઘા વાગ્યા છે. એક હાથ ભાંગી ગયો છે.

ઈજાગ્રસ્ત મુકેશે જણાવ્યું હતું કે, આશરે પાંચ મહિના પહેલા એક મરણ પ્રસંગની ઉત્તરક્રિયા વિધિ દરમિયાન તેની મુલાકાત આ મહિલા સાથે થઈ હતી. ત્યારબાદ બંને વચ્ચે મોબાઈલ પર વાતચીત થતી હતી. હુમલા બાદ મુકેશે તેના ભાઈને ફોન કરી બોલાવતા તેને તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતા પ્ર.નગર પોલીસે હોસ્પિટલ પહોંચી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# જુગારના ત્રણ દરોડામાં કુખ્યાત બુટલેગર સહિત આઠ ને ઝડપતી એ ડિવીઝન પોલીસ

## હાથીખાના, બસ સ્ટેન્ડ અને બેડીનાકા નજીક પોલિસ ત્રાટકીઃ રૂ.૯૬૭૦ની રોકડ કબ્જે

**અબતક, રાજકોટ**

શહેરની એ ડિવિઝન પોલીસની ટીમે જુગારના ત્રણ દરોડા પાડી કુખ્યાત બટલેગર સહિત આઠ શખ્સોને રૂ. ૯૬૭૦ ની રોકડ સાથે ઝડપી લીધા હતા.

જુગારના પ્રથમ દરોડાની પ્રાપ્ત વિગત અનુસાર એ ડિવિઝન પોલીસની ટીમે હાથીખાના શેરી નં.-૭ માં દરોડો પાડી જાહેરમાં જુગાર રમતા કુખ્યાત બુટલેગર હર્ષદ માણેકલાલ માંડલિયા ઉર્ફે મહાજન, ઈમરાન જાવીદ સમા અને અક્રમ સલીમ કંડિયાને રૂ.૭૮૩૦ ની રોકડ સાથે જુગાર રમતા ઝડપી પાડ્યા હતા.

જ્યારે જુગારના બીજા દરોડામાં પોલીસની ટીમે બસ સ્ટેન્ડ સામે ફૂટપાથ પર જાહેરમાં પત્તા ટીચતા મુકેશ કિશોરભાઈ દાવડા, ફિરોજ અબ્દુલભાઈ મીનીવાડીયા અને સાગર વિજયભાઈ સોજીત્રાને રૂ ૧૩૮૦ની રોકડ સાથે પકડી પાડ્યા હતા. જુગારના ત્રીજા દરોડામાં એ ડિવિઝન પોલીસની ટીમેં બેડીનાકા રોડ પર રાણીમાં રૂડીમાં મંદિર નજીક દરોડો પાડી અમિત લાલજીભાઈ આડેસરા અને કિશન દિલીપભાઈ સોલંકીને રૂ.૪૬૦ ની રોકડ સાથે દબોચી લીધા હતા. જ્યારે પોલીસના દરોડામાં નાસી જનાર અન્ય પાંચ શખ્સોની શોધખોળ શરૂ કરી હતી.

# નવલનગરમાં સંતાન ન થવાના દુઃખમાં દિવ્યાંગ પરણીતાએ જીવન ટૂંકાવ્યું

## પરણીતાએ વંદા મારવાનો સ્પ્રે પી લેતા સિવિલ હોસ્પિટલ ખસેડતા સારવારમાં દમ તોડ્યો

**અબતક, રાજકોટ**

શહેરના નવલનગર-૯ વિસ્તારમાં રહેતી ૨૫ વર્ષીય પરણીતાએ સંતાન ન થવાના દુઃખમાં ઝેરી દવા પી લેતા ચકચાર મચી ગઈ છે. ગત ૨૬ ફેબ્રુઆરીના રોજ વંદા મારવાનો સ્પ્રે ગટગટાવી લેનાર પરણિતાનું આજે સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. આ બનાવને પગલે પરિવારમાં અરેટાટી વ્યાપી ગઈ છે. પ્રાપ્ત વિગતો મુજબ, મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ રાજકોટના નવલનગર-૯માં રહેતા ચાંદનીબેન (ઉ.વ. ૨૫) પોતે માનસિક દિવ્યાંગ હતા. તેમના પતિ મુન્નાભાઈ શર્મા પણ માનસિક દિવ્યાંગ હોવાનું જાણવા મળ્યું છે. મુન્નાભાઈ મેટોડા જીઆઈડીસીમાં એક કારખાનામાં કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ચાંદનીબેન અને મુન્નાભાઈના લગ્નને ચાર વર્ષ જેટલો સમય વીતી ગયો હતો. જોકે, લગ્નજીવનના લાંબા સમય બાદ પણ તેમને સંતાન સુખ પ્રાપ્ત ન થતા ચાંદનીબેન સતત માનસિક રીતે વ્યથિત રહેતા હતા. આ જ દુઃખમાં ગત ૨૬ ફેબ્રુઆરીએ જ્યારે તેઓ ઘરે એકલા હતા ત્યારે તેમણે વંદા મારવાનો સ્પ્રે પી લીધો હતો. પરિવારજનોને જાણ થતા તેમને તાત્કાલિક અસરથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ચાલુ સારવાર દરમિયાન આજે તેમનું મોત નીપજ્યું હતું. પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પારૂલ બગીચા પાસે 'સામું કેમ જુએ છે?' તેમ કહેતા યુવક પર છરી-પથ્થરોથી હુમલો

## પરિવાર સાથે જમવા આવ્યો હતો ત્યારે સામું જોવા બાબતે ઝઘડો થતા યુવકને માર માર્યો, હુમલામાં ઘવાયેલા આકાશને સિવિલ હોસ્પિટલ ખસેડાયો

**અબતક, રાજકોટ**

શહેરના રણછોડનગર વિસ્તારમાં આવેલા પારુલ બગીચા પાસે પરિવાર સાથે જમવા ગયેલા ૨૬ વર્ષીય યુવક પર અજાણ્યા શખ્સોએ ''કેમ સામું જુએ છે'' તેવી નજીવી બાબતે ઉશ્કેરાઈને છરી અને પથ્થર વડે હુમલો કરતા ચકચાર મચી જવા પામી છે. ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. પ્રાપ્ત વિગતો મુજબ, શહેરના આરટીઓ ગેટ, હુડકો ક્વાર્ટર (માર્કેટ યાર્ડ પાસે) રહેતો અને ડુંગળી-બટાકા વેચવાનું કામ કરતો આકાશ જયેશભાઈ નથવાણી (ઉં.વ. ૨૬) ગઈકાલે રાત્રે ચાર પરિવારો સાથે રણછોડનગર પાસે આવેલા પારુલ બગીચા નજીક જમવા માટે ગયો હતો. રાત્રિના આશરે ૧૨:૩૦ વાગ્યાની આસપાસ અજાણ્યો શખ્સ તેની સામે જોઈ રહ્યો હતો. આકાશે પેલા શખ્સને પૂછ્યું હતું કે, ''તું મારી સામું કેમ જોવસ?'' બસ, આટલું કહેતા જ પેલો શખ્સ ઉશ્કેરાઈ ગયો હતો. તેની સાથેના અન્ય શખ્સો પણ દોડી આવ્યા હતા અને આકાશ સાથે ઝઘડો શરૂ કર્યો હતો. જોતજોતામાં મામલો બિચક્યો હતો અને હુમલાખોરોએ આકાશને પથ્થર તથા છરી વડે માર માર્યો હતો. આ હુમલામાં આકાશને હાથે અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

હુમલા બાદ હુમલાખોરો નાસી છૂટ્યા હતા. તેમજ આકાશને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, આકાશ પાંચ ભાઈ અને બે બહેનોમાં ચોથા નંબરનો છે અને તેને સંતાનમાં એક દીકરો છે. આ મામલે સ્થાનિક પોલીસે ગુનો નોંધી અજાણ્યા શખ્સોની શોધખોળ અને વધુ તપાસ હાથ ધરી છે.

# યુથ હોસ્ટેલ દ્વારા નડાબેટ, ધોડાવીરા અને ધોરડો ટ્રેકીંગ કેમ્પનું આયોજન

**અબતક, રાજકોટ**

યુથ હોસ્ટેલ રાજકોટ દ્વારા તા. ૧૪ તથા ૧૫-૩ દરમ્યાન નડેશ્વરી માતાજી મંદિર સરહદ ને ઓળખો અંતર્ગત નડાબેટ પોઈન્ટ પાકિસ્તાન બોર્ડર, હડપ્પા સંસ્કૃતિ ધોળાવીરા, રોડ ટુ હેવન કચ્છ તથા સફેદ રણ ધોરડો ફેમીલી કેમ્પ અને ટ્રેકીંગનું આયોજન કરેલ છે. લિમિટેડ સંખ્યા લેવાની હોય યુથ હોસ્ટેલ્સ ના સભ્યો તથા ઈચ્છુક વ્યકિતઓ વહેલો તે પહેલો ના ધોરણે પોતાનું રજીસ્ટ્રેશન કરાવી જવું વધુ માહીતી સાંજે ૬.૩૦ થી ૭.૩૦ રેસકોર્સ ખાતેની કચેરીએથી રુબરુ અથવા મો. નં. ૯૭૨૭૮ ૮૪૮૮૪ પર સંપર્ક કરવો.

### તેરા તુજકો અર્પણ કાર્યક્રમ હેઠળ

# સાયબર ક્રાઈમની ટીમે ફ્રોડનો ભોગ બનેલા લોકોને રૂ.૪૬.૭૮ લાખની રકમ પરત અપાવી

## રૂ. ૯.૭૮ લાખની કિંમતના મોબાઈલ ફોન શોધી મૂળ માલિકોને પરત આપતી ક્રાઈમ બ્રાન્ચ

**અબતક, રાજકોટ**

તેરા તુજકો અર્પણ અંતર્ગત સાયબર ક્રાઈમની ટીમે ફેબ્રુઆરી માસમાં ફ્રોડનો ભોગ બનેલા લોકોને રૂ.૪૬.૭૮ લાખની રકમ પરત કરાવી હતી અને સાયબર ફ્રોડથી બચવા અપીલ પણ કરી હતી. જયારે ક્રાઈમ બ્રાન્ચે ચોરાયેલા અને ખોવાયેલા ૫૫ મોબાઈલ ફોન શોધી કાઢી મૂળ માલિકોને પરત આપ્યા હતા. ગુજરાત સરકાર દ્વારા ''તેરા તુજકો અર્પણ'' કાર્યક્રમ અંતર્ગત અરજદારો-ફરીયાદીને તેમનો મુદ્દામાલ સમયસર પરત મળી જાય તે માટે કાર્યવાહી કરવા અભિયાન ચલાવવા આવેલ છે. જેના ભાગ રૂપે શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગરીયા, ડિસીપી (કાઈમ) જગદીશ બાંગરવા અને એસીપી સી.એમ.પટેલ દ્વારા અરજદાર-ફરીયાદીના સાયબર ફ્રોડમા ગયેલ નાણા પરત આપવા માટે આપેલ સુચનાથી સાયબર ક્રાઈમ પોલીસ મથકના પીઆઈ જે.એમ.કૈલા, એમ.એ.ઝણકાત, બી.બી.જાડેજા, એસ.ડી.ગીલવા અને સી.વાય.મહાલેના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા પોલીસ મથકે હેલ્પલાઈન નં. ૧૯૩૦ પરથી આવતી અરજી તપાસના કામે સાયબર ફ્રોડનો ભોગ બનેલા લોકોના નાણા કોર્ટ કાર્યવાહી દ્વારા પરત અપાવવાની કામગીરી કરેલ છે. જે અંતર્ગત ફેબ્રુઆરી ૨૦૨૬ માં સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા સાયબર ફ્રોડના ભોગબનનાર અરજદારોને ફૂલ રૂ.૪૬.૭૮ લાખ રકમ પરત અપાવેલ છે. ખાસ ઓનલાઈન ફ્રોડનો ભોગ બનો ત્યારે સાયબર હેલ્પ લાઈન નંબર - ૧૯૩૦ નો તુરંત જ સંપર્ક કરવાં પોલિસેં અપીલ કરી છે.

જયારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે સીઈઆઈઆર પોર્ટલ મારફતે સતત મોનીટરીંગ કરી ચોરાયેલા અને ખોવાયેલા મોબાઈલ ટ્રેસ કરી તેરા તુજકો કાર્યક્રમ હેઠળ ફેબ્રુઆરી માસમાં રૂ. ૯,૭૮,૪૪૯ ની કિંમતના ૫૫ મોબાઈલ શોધી કાઢી ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ આર ગોંડલીયાના હસ્તે મૂળ માલિકોને મોબાઈલ પરત અપાવ્યા હતા.

# રામવન પાસે વારસાઈ મકાનના વિવાદમાં પ્રૌઢનો આપઘાતનો પ્રયાસ

## મકાન બાબતે અવારનવાર ભાઈ ભાભી સાથેના ઝગડાથી કંટાળી મેપાભાઈએ હાર્પિક પી લીધું

**અબતક, રાજકોટ**

શહેરના સંતકબીર રોડ પર રહેતા અને ખેતી-મજૂરી કામ કરતા પ્રૌઢે વારસાઈ મકાનના વિવાદમાં નાના ભાઈ અને ભાભી સાથે થતા ઝગડાથી કંટાળી આપઘાતનો પ્રયાસ કરતા ચકચાર મચી જવા પામી છે. રામવન પાસે હાર્પિક પી લેનાર પ્રૌઢને રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ, સંતકબીર રોડ પર આવેલી કનકનગર શેરી નંબર-૭માં રહેતા મેપાભાઈ ગોવાભાઈ મેવાડા (ઉં.વ. ૫૫)ગઈકાલે રાત્રે ૧૦ વાગ્યાના અરસામાં રામવન પાસે હતા ત્યારે તેમણે હાર્પિક પી લીધું હતું. ઘટનાની જાણ થતા જ તેમને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા હતા. હોસ્પિટલના બિછાને સારવાર લઈ રહેલા મેપાભાઈએ જણાવ્યું હતું કે, આરટીઓ ઓફિસની પાછળ તેમનું એક વારસાઈ મકાન આવેલું છે. આ મકાન તેમના માતાએ મેપાભાઈના નામે કરી આપ્યું હતું. જો કે, આ બાબત તેમના નાના ભાઈ જિજ્ઞેશ ગોવાભાઈ મેવાડા અને નાના ભાઈની પત્ની (ભાભી) જ્યોતિબેનને મંજૂર ન હોય, તેઓ અવારનવાર મકાન બાબતે ઝઘડો કરી માનસિક ત્રાસ આપતા હતા. ભાઈ-ભાભીના સતત વધતા જતા ત્રાસથી કંટાળીને આખરે તેમણે આ પગલું ભર્યું હોવાનું જણાવ્યું છે.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મેપાભાઈ બે ભાઈ અને એક બહેનમાં મોટા છે. તેમને સંતાનમાં બે દીકરા છે અને તેઓ ખેતી તથા મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. આ મામલે પોલીસે મેપાભાઈનું નિવેદન નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### આજે વિશ્વ શ્રવણ દિવસ

# યુ.એસ.માં ૧૮૧૭માં 'બધિરો' માટે પ્રથમ શાળા શરૂ થઇ હતી

## પ્રથમ અને બીજા વિશ્વયુધ્ધ પછી અવાજને કારણે સાંભળવાની ખોટ ધરાવતા સૈનિકોની સંખ્યા વધી હતી

**અબતક, અરૂણ દવે, રાજકોટ**

આજે વિશ્વ શ્રવણ દિવસ એટલે જીવનભર સુખાકારીની ચાવી શોધવી અને જોડાયેલું જીવન માટે તમારી શ્રવણશકિતનું પોષણ અને રક્ષણ કરવું. ૨૦૦૭થી વિશ્વભરમાં આ દિવસ ઉજવાય



છે, ત્યારે સૌએ પોતાના કાનની સાફ-સફાઈ સાથે તેનું જતન કરવું જરૂરી છે.

યુ.એસ.માં ૧૮૧૭માં 'બધિરો' માટે પ્રથમ કાયમી શાળા શરૂ થઈ હતી. ૧૫૫૦ની સાલમાં ગિરોલોમાં કાર્ડાનોએ બહેરા લોકો માટે દ્રશ્ય સંદેશા વ્યવહારનું વર્ણન કરેલ હતું. ૧૭૬૦માં પેરીસમાં બહેરા બાળકો માટે પ્રથમ મફત જાહેર શાળા શરૂ ખુલ્લી હતી.

૧૯૧૦થી ૧૯૪૦ના દાયકાના યુદ્ધ સમયની ઈજાઓમાંથી આધુનિક શ્રાવ્ય વિજ્ઞાનનો જન્મ થયો હતો. પ્રથમ અને બીજા વિશ્વયુધ્ધ દરમિયાન અને પછી અવાજને કારણે સાંભળવવાની ખોટ ધરાવતા સૈનિકોની મોટી સંખ્યામાં વ્યવસ્થિત શ્રવણ પરિક્ષણ, પુનર્વર્સન કાર્યક્રમો અને ઓડિયોલોજીને એક અલગ ક્ષેત્ર તરીકેનો ઉદ્ભવ અને પ્રોત્સાહન અપાયું હતું. ૧૯૪૭માં ઓડિયોલોજીને વ્યવસાયિક માન્યતા મળી હતી. ૧૯૬૧માં પ્રથમ પહેરી શકાય તેવું શ્રવણ યંત્રની શોધ થઈ હતી. ૧૯૭૨માં પ્રથમ કોકિલયર ઈમ્પ્લાન્ટને મંજુરી મળી હતી.

# દિલીપ પટેલનને સિનિયર જુનિયર વકીલો અને બાર એસોસિએશનનો સમર્થન

## ગુરુવારે સાંજ ૭ કલાકે નાગર બોર્ડિંગમાં ખાતે વિજય સંકલ્પ મહાસંમેલન

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની આગામી તારીખ ૬ ના રોજ યોજનાર ચૂંટણીમાં રાજકોટના જાણીતા સિનિયર ધારાશાસ્ત્રી દિલીપભાઈ પટેલે વધુ એક વખત ઝંપલાવી અને બાર કાઉનશીલ નું પ્રતિનિધિત્વ કરવા માટે ઉત્સાહિત છે ત્યારે સિનિયર જુનિયર વકીલો અને બાર એસોસિએશન સહિત વિવિધ બાર દ્વારા સમર્થન મળી રહ્યું છે .જાણીતા ધારાશાસ્ત્રી , બાર કાઉન્સિલ ઈન્ડિયાના કો-ચેરમેન અને બાર કાઉન્સીલ ગુજરાતના પૂર્વ ચેરમેન દિલીપ પટેલને જીતાડવા માટે પ્રમુખ સુમીત વોરા, નિલેશ પટેલ તથા હોદેદારો, કારોબારી, પૂર્વ પ્રમુખ પરેશભાઈ મારૂ નોટરી એસોસિએશનના પ્રમુખ પ્રકાશસીહ ગોહિલ, યોગેશ ઉદાણી રેવન્યુ બારના પ્રમુખ રમેશભાઈ કથીરિયા વિજય



સંકલ્પ મહાસંમેલન સફળ બનાવવા મહિલા ધારાશાસ્ત્રીઓ, રેવન્યુ બારના રમેશ કથીરિયા અને કલેઈમ બારના પ્રમુખ ગોપાલ ત્રિવેદી, પૂર્વ પ્રમુખ જયદેવભાઈ શુકલા, રાજેશ મહેતા, કપિલ શુકલા, સહિતના વિજય સંકલ્પ મહાસંમેલન માં ૧૫૦૦ વકીલોની ઓછામાં ઓછી સંખ્યાનો ટાર્ગેટ પૂર્ણ કરવાનો અથાગ પ્રયત્ન કરી રહેલ છે.

## (પહેલા પાનાનું ચાલું)

### યુધ્ધ...

રહેતા સામાન્ય લોકો સુરક્ષિત રહી શકે.વર્ષ ૨૦૨૪માં થયેલા યુદ્ધવિરામ બાદ પણ ઈઝરાયલના સૈનિકો લેબેનોનની સરહદે પાંચ ચોક્કસ જગ્યાએ તો હાજર હતા જ, પરંતુ હવે પરિસ્થિતિ ગંભીર બનતા તેમણે ત્યાં સુરક્ષાના સાધનો અને હથિયારોમાં મોટો વધારો કર્યો છે. ટૂંકમાં, ઈઝરાયલ હવે વધુ આક્રમક રીતે પોતાની સરહદનું રક્ષણ કરવા માટે લેબેનોનની અંદર સૈન્ય કાર્યવાહી કરી રહ્યું છે.

બીજી તરફ, ઈઝરાયલના હુમલા સામે હવે લેબેનોનના ઉગ્રવાદી સંગઠન હિઝબુલ્લાહ સંગઠને પણ વળતો પ્રહાર શરૂ કર્યો છે. લેબેનોનના બેરૂત જેવા શહેરો પર થયેલા બોમ્બમારાના બદલામાં, હિઝબુલ્લાહએ ઉત્તર ઈઝરાયલમાં આવેલા મિલિટ્રી એર બેઝ પર ડ્રોન વડે હુમલા કર્યા છે. એટલું જ નહીં, તેમણે ગોલાન હાઈટ્સમાં આવેલા ઈઝરાયલી સૈન્ય મથકો પર પણ રોકેટમારો કરીને મોટું નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કર્યો છે. ઈઝરાયલી કાર્યવાહી સામે હિઝબુલ્લાહ હવે ડ્રોન અને રોકેટના ઉપયોગથી આક્રમક રીતે જવાબ આપી રહ્યું છે.

ઈઝરાયલ સરકાર હાલમાં પીછેહઠ કરવા તૈયાર નથી અને સરહદ પર ભારે તણાવ હોવા છતાં સ્થાનિક લોકોને સ્થળાંતર કરવાની સૂચના આપવામાં આવી નથી. જોકે, સંભવિત હુમલાના જોખમને ધ્યાનમાં રાખીને સમગ્ર વિસ્તારમાં હાઈ એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે.નેતન્યાહૂ સરકારનું આક્રમક વલણ અને સામે પક્ષે હિઝબુલ્લાહ દ્વારા કરવામાં આવી રહેલા ડ્રોન તથા રોકેટ હુમલાઓને કારણે સ્થિતિ વણસી છે. આ બંને પક્ષો વચ્ચેની ટક્કરને લીધે સમગ્ર મધ્ય-પૂર્વ ફરી એકવાર ભીષણ યુદ્ધના ઉંબરે આવીને ઊભું છે.

### ઈરાનની ડિફેન્સ સિસ્ટમ...

નિશાન બનાવવામાં આવ્યા જેઓ આ ડિફેન્સ સિસ્ટમ ચલાવી રહ્યા હતા. ઈઝરાયલે એવો પણ દાવો કર્યો કે તેણે ઈરાનના બેલિસ્ટિક મિસાઈલ ઠેકાણાઓ પર હુમલો કર્યો છે.

### ભૂકંપ...

અને યુરેશિયનની ટક્કરથી જાગ્રોસ ફોલ્ટ થ્રસ્ટ બેલ્ટ બનેલો છે. ગેરાશ આ બેલ્ટનો ભાગ છે. આ વિસ્તારમાં ૪થી ૫ મેગ્નિટ્યૂટનો ભૂકંપ સામાન્ય છે. જોકે, યુદ્ધ વચ્ચે આવેલા ભૂકંપને એક્સપર્ટ શંકાની નજરે જોઈ રહ્યા છે. માનવામાં આવી રહ્યું છે કે, ઈરાન પોતાની ન્યુક્લિયર શક્તિનું પ્રદર્શન કરવા માટે ન્યુક્લિયર ટેસ્ટિંગ કરી શકે છે.

### સોનું...

બજારોમાં પણ ૧૦ ગ્રામ સોનાનો ભાવ નવી સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગયો છે. ક્રિસ વુડના મતે, યુદ્ધ અને અશાંતિના સમયમાં ઓઈલ સ્ટોક્સની સાથે સોનું એકમાત્ર એવું રોકાણ છે જે રોકાણકારોને રક્ષણ પૂરું પાડે છે.

ક્રિસ વુડે ખાસ ભાર મૂક્યો હતો કે સેન્ટ્રલ બેંકો, ખાસ કરીને એશિયા અને અન્ય ઉભરતા બજારોની રિઝર્વ બેંકો, ડોલર પરની પોતાની નિર્ભરતા ઘટાડવા માટે સોનાની ઐતિહાસિક અને આક્રમક ખરીદી કરી રહી છે. રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધ બાદ પશ્ચિમી દેશોએ રશિયાની વિદેશી સંપત્તિ અને અનામત ફ્રીઝ કરી દીધી હતી, જેનાથી અન્ય દેશો સતર્ક બન્યા છે. આ ભૌગોલિક-રાજકીય પરિસ્થિતિએ વૈશ્વિક સ્તરે સોનાને માત્ર એક કિંમતી ધાતુથી વિશેષ, રાષ્ટ્રીય સુરક્ષા માટેના એક અત્યંત મહત્વપૂર્ણ અને સુરક્ષિત અનામત તરીકે પ્રસ્થાપિત કર્યું છે.

આ ઉપરાંત, વૈશ્વિક અર્થતંત્રમાં સતત સતાવી રહેલો ફુગાવો અને અમેરિકન ફેડરલ રિઝર્વની વ્યાજદરો અંગેની નીતિઓ પણ સોનાની લાંબા ગાળાની દિશા નક્કી કરવામાં મોટો ભાગ ભજવી રહી છે. ભલે આગામી ૬ થી ૧૮ મહિના સુધી સોનાના ભાવમાં સામાન્ય ઉતાર-ચઢાવ કે કોન્સોલિડેશન (સ્થિરતા) જોવા મળે, પરંતુ લાંબા ગાળે આર્થિક અનિશ્ચિતતાઓ સોનાને ૧૦,૦૦૦ ડોલર ના ઐતિહાસિક સ્તર સુધી પહોંચાડવા માટે પૂરતું ઈંધણ પૂરું પાડશે. આ જ કારણસર વૈશ્વિક સ્તરના મોટા રોકાણકારો અને ફંડ મેનેજરો હવે સોનાને પોતાના પોર્ટફોલિયોનો એક અનિવાર્ય હિસ્સો માની રહ્યા છે.

બીજી તરફ સંઘર્ષની સીધી અસર ભારતીય અર્થતંત્ર અને ચલણ પર જોવા મળી રહી છે. સોમવારે અમેરિકન ડોલર સામે ભારતીય રૂપિયો ૫૦ પૈસા તૂટીને ૯૧.૪૮ ની સપાટીએ બંધ રહ્યો હતો. છેલ્લા એક મહિનામાં આ પ્રથમ વખત છે જ્યારે રૂપિયો ૯૧ ના આંકડાની નીચે સરકી ગયો છે. પશ્ચિમ એશિયામાં ઈરાન દ્વારા મુખ્ય ઉર્જા સ્ત્રોતો પર કરવામાં આવેલા હુમલાને પગલે ક્રૂડ ઓઈલના ભાવમાં અંદાજિત ૧૦ ટકાનો તોતિંગ ઉછાળો આવ્યો છે. વૈશ્વિક નિકાસકારોએ ઉત્પાદન વધારવાની સાધારણ ખાતરી આપી હોવા છતાં ક્રૂડના ભાવમાં ભડકો થયો છે. વધુમાં, તેહરાન દ્વારા હોર્મુઝની સામુદ્રધુની બ્લોક કરવામાં આવતા એશિયાના નાણાકીય બજારોમાં ભારે અફરાતફરીનો માહોલ છે. આ સ્થિતિ વચ્ચે રોકાણકારો માટે સુરક્ષિત ગણાતા અમેરિકન ડોલર અને કિંમતી ધાતુઓની માંગમાં જંગી ઉછાળો જોવા મળ્યો છે.

નાણાકીય વર્ષ ૨૦૨૬ (FY26) માં એશિયાના સૌથી નબળા પ્રદર્શન કરનાર ચલણ તરીકે રૂપિયો અત્યાર સુધીમાં ડોલર સામે ૬.૪% નો ઘટાડો નોંધાવી ચૂક્યો છે. શુક્રવારે રૂપિયો ૯૦.૯૮ ના સ્તરે બંધ રહ્યો હતો. જો અમેરિકા અને ઈરાન વચ્ચેનો આ સંઘર્ષ લાંબો ચાલશે તો રૂપિયામાં વધુ ધોવાણ થવાની પૂરી શક્યતા છે. જોકે, ટ્રેડર્સને અપેક્ષા છે કે જો રૂપિયો ૯૧.૭૫ ની સપાટી વટાવશે તો રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા દરમિયાનગીરી કરવામાં આવી શકે છે.

ફિનરેક્સ ટ્રેઝરી એડવાઈઝર્સના ટ્રેઝરી હેડ અનિલ ભણસાલીએ જણાવ્યું હતું કે, ‘‘ચલણમાં હજુ વધુ ઘટાડો થવાની ધારણા છે. મંગળવારે ધુળેટીની રજા હોવાથી બજારો બંધ છે, પરંતુ બુધવારે રૂપિયો ૯૧.૨૫ અને ૯૧.૭૫ ની રેન્જમાં ટ્રેડ થવાની મને અપેક્ષા છે.‘‘

અત્રે ઉલ્લેખનીય છે કે રૂપિયાએ ગત ૩૧ જાન્યુઆરીના રોજ ૯૧.૯૮ ની ઐતિહાસિક નીચી સપાટી (રેકોર્ડ લો) નોંધાવી હતી. માર્કેટ નિષ્ણાતો માની રહ્યા છે કે રિઝર્વ બેંકની હાલની મુખ્ય પ્રાથમિકતા રૂપિયાને આ ઐતિહાસિક નીચી સપાટીથી વધુ ગગડતો રોકવાની રહેશે.

## (ત્રીજા પાનાનું ચાલું)

### કોર્પોરેશન...

મારફત સરકારમાં રજૂ કરવામાં આવશે.

શહેરના વોર્ડ નં.૪માં રાજલક્ષ્મી મેઈન રોડ પર બ્રિજ બનાવવા, વોર્ડ નં. ૧માં નાણાવટી ચોકમાં નવી વોર્ડ ઓફીસ બનાવવા, વોર્ડ નં.૭માં ભક્તિનગર સ્ટેશન પ્લોટમાં આવેલી શાળા નં.૨૮માં આંગણવાડી બનાવવા,સેન્ટ્રલ ઝોન કચેરી સ્થિત જૂનું ફાયર સ્ટેશનનું બિલ્ડીંગ દૂર કરી તેના સ્થાને નવું બિલ્ડીંગ બનાવવા, સેન્ટ્રલ ઝોન હેઠળના વોર્ડ નં.૨,૩,૭ ,૧૩ ,૧૪ અને ૧૭ ના વિસ્તારોમાં મુખ્ય રસ્તાઓ ડિઝાઈન રોડ તથા સોસાયટીના રસ્તાઓ પર ડામર કાર્પેટ માટે રિવાઈઝ ખર્ચ મંજુર કરવા, રામવન ખાતે ફૂડ કોર્ટનું સંચાલન આપવા, વોર્ડ નં.૬માં બેડીપરા વિસ્તારમાં સીતારામ રોડ પર સીસી રોડ કરવા વોર્ડ નં.૩ માં નવા ભણેલા વિસ્તારમાં મનહરપુરમાં નવું આરોગ્ય કેન્દ્ર બનાવવા કોઠારીયા હેડ વર્કસનો હયાત જીએસઆર દૂર કરી નવો ૩૦ એમએલડીનો જીએસઆર બનાવવા, વોર્ડ નં.૪માં ટીપી સ્કીમ નં.૧૨માં ૫૦ ફૂટ ડી માર્ટ રોડ પર ફાઈનલ પ્લોટ નંબર ૮૫ માં સ્પોર્ટસ કોમ્પ્લેક્સ ડેવલોપ કરવા ઉપરાંત ઓમ પાર્ક મેઈન રોડ પર બ્રિજ બનાવવા ની દરખાસ્ત પણ રજૂ કરવામાં આવી છે.

આ ઉપરાંત વોર્ડ નં.૯માં ટીપી સ્કીમ નંબર ૧૮ (મુંજકા) માં કોસ્મોપ્લેક્સ પાસેથી ૧૫૦ ફૂટ રીંગ રોડને જોડતા ૧૮ મીટરના રોડને ડેવલપ કરવા, વોર્ડ નં.૧માં ટીપી ૨૨ (રૈયા) ના ફાઈનલ પ્લોટ નંબર ૩૧ /બી માં દ્વારકેશ પાર્ક પાસેના પ્લોટમાં નવું આરોગ્ય કેન્દ્ર બનાવવા, કોર્પોરેશનની એસ્ટેટ શાખા હસ્તકના તમામ ઝોનની મિલકતની હાઉસકીપિંગની કામગીરીનો કોન્ટ્રાકટ આપવા,લાલુભાઈ પારેખ ટાઉનશીપના શોપિંગ સેન્ટરની દુકાનો જાહેર હરાજીથી વેચાણ કરી દસ્તાવેજ કરી આપવા,વિનોદભાઈ શેઠ કોમ્યુનિટી હોલની ડિપોઝિટ અને ભાડાના દર રિવાઈઝ કરવા, રાજકોટ મહાનગરપાલિકાના કર્મચારીઓને મળતી તબીબી આર્થિક નીતિમાં સુધારો કરવા મિલકત અને પાણી વેરાના બાકી લેણા પર ચડત વ્યાજની રકમ માફ કરવા, સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સ્વચ્છ સર્વેક્ષણ અન્વયે ગારબેજ ફ્રી સિટીના સ્ટાર રેટિંગ તથા વોટર પ્લસ સર્ટિફિકેશન માટે મ્યુનિસિપલ કમિશનરને અધિકૃત કરવા, વેસ્ટ ઝોન હેઠળ આવતા વોર્ડ નં. ૧, ૮, ૯ ,૧૦, ૧૧ અને ૧૨ માં ડિઝાઈનર તથા કારપેટ - રિકારપેટ કરવા માટેનો ખર્ચ મંજૂર કરવા, વોર્ડ નં. ૩માં જુબેલી શાક માર્કેટનું રીનોવેશન કરવા વોર્ડ નં.૧૫માં આજી ડેમ ટ્રાફિક પોલીસ સ્ટેશન પાછળના પ્લોટમાં ફાયર સ્ટેશન બનાવવા માટેનો ખર્ચ મંજુર કરવા સહિતની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે.

તેઓએ ઉમેર્યું હતું કે વોર્ડ નં.૮ લક્ષ્મીનગર વિસ્તારમાં પીજીવીસીએલ ઓફિસ સામે વેજીટેબલ માર્કેટ બનાવવા કાલાવડ રોડ અને નાનામાં રોડ વચ્ચેના બાકી રહેતા વિસ્તારમાં ડીઆઈ પાઈપલાઈન નેટવર્કના કામ માટેનો ખર્ચ મંજૂર કરવા સહિતની ૧૧૫ દરખાસ્ત અંગે નિર્ણય લેવામાં આવશે.

## (ચોથા પાનાનું ચાલુ)

### યુવા સ્વિમરોએ...

અને રાષ્ટ્રપ્રેમ મજબૂત કરે છે. એસોસિએશનના પ્રમુખ ઉમેશ રાજ્યગુરુએ જણાવ્યું હતું કે, ‘‘આ સાહસ સાબિત કરે છે કે મર્યાદાઓ માત્ર મનમાં હોય છે, જો હિંમત હોય તો સમુદ્ર પણ નાનો લાગે છે.‘‘

આ ભગીરથ કાર્યને સફળ બનાવવામાં ગુજરાત ટુરિઝમ, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને અનેક પ્રતિષ્ઠિત સંસ્થાઓનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

### ગુર્જર સુતાર જ્ઞાતિ...

રમતો રમાડવામાં આવી હતી. આ તકે નવરંગ નેચર કલબના પ્રમુખ વી.ડી. બાલા સાહેબ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે જ્ઞાતિની આ પ્રવૃત્તિને અનન્ય ગણાવી અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન જ્ઞાતિના અગ્રણીઓ દ્વારા બાલા સાહેબનું ખેસ પહેરાવી સન્માન પણ કરવામાં આવ્યું હતું.

રમતગમત બાદ બાળકો માટે એક ખાસ સરપ્રાઈઝ ‘ધૂળેટી’નું આયોજન કરાયું હતું, જેમાં બાળકોએ સાદા કલરથી હોળીની મજા માણી હતી. બાળકો અને વાલીઓ માટે નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી અને અંતમાં તમામ બાળકોને પ્રોત્સાહન રૂપે લંચ બોક્સની ભેટ આપવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા જ્ઞાતિ પ્રમુખ રસિકભાઈ બદ્રકિયા, અધ્યક્ષ મુકેશભાઈ વડગામા, હર્ષદભાઈ બકરાણીયા અને યુવક મંડળના પ્રમુખ પ્રજેશભાઈ છનીયારા સહિતની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. વાલીઓએ જ્ઞાતિની આ બાળ-ચિંતન પ્રવૃત્તિને હૃદયપૂર્વક બિરદાવી હતી.

### સાળંગપુરધામમાં...

રમઝટ બોલાવી હતી.

ગુજરાત સહિત રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને વિદેશથી આવેલા ભકતોએ સંતોના સાનિધ્યમાં આ ભવ્ય ફુલડોલોત્સવનો આનંદ માણ્યો હતો. મંદિર પરિસરને કલરફુલ કાપડ અને ફૂલોથી સજાવવામાં આવ્યું હતું, જેનાથી સમગ્ર વાતાવરણ ભક્તિમય અને રંગીન બની ગયું હતું. હરિપ્રકાશ સ્વામીએ આ તકે જણાવ્યું હતું કે, દાદાના દરબારમાં ભક્તોની સુખાકારી અને સુરક્ષા સાથેનો આ ઉત્સવ દર વર્ષની જેમ આ વખતે પણ અવિસ્મરણીય રહ્યો છે.

## (૧૧માં પાનાનું ચાલુ)

### એપાર્ટમેન્ટમાં આગ

વીંગના પ્રમુખ ભગવાનજીભાઈ હાજર હતાં. તેમના કહેવા મુજબ વિજ મીટરમાં શોર્ટ સર્કિટથી આગ લાગી હોવાની શંકા સેવાઈ રહી છે. આગમાં ટુ-વ્હીલરો અને સાઈકલો બળી ગયા છે અને પાર્કિંગની દિવાલો, છતમાં નુકસાની થઈ હતી.

રાત્રીના ૧૨:૪૦ વાગ્યે ફાયર બ્રિગેડને કોલ મળતા મવડી ફાયર સ્ટેશન ખાતેથી ફાયર ફાઈટર રવાના કરવામાં આવ્યું હતું. જે ફાયર ફાઈટરે પોણા બે કલાક સુધી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. બનાવને પગલે તાલુકા પોલિસ, એમ્બયુલન્સ અને પીજીવીસીએલની ટીમો પણ દોડી ગઈ હતી.

### ફૂટબોલ ટુર્નામેન્ટ

(ઈન્કમ ટેક્સ), શ્રેષ્ઠ ડિફેન્સ નીરજ કુમાર, શ્રેષ્ઠ મિડફિલ્ડર અમન શાહ અને શ્રેષ્ઠ ફોરવર્ડ જય કાનાણીને પ્રાપ્ત થયું હતું. દરેક શ્રેષ્ઠ ખેલાડીને ટ્રોફી સાથે રૂપિયા ૩,૦૦૦ની રોકડ રકમ આપવામાં આવી.

આ ટુર્નામેન્ટનું ભવ્ય આયોજન દાતાઓને આભારી રહ્યું હતું. જેમાં દર વર્ષોની માફક જ્યોતિ સી.એન સી ઓટોમેશન લી. મેચના મુખ્ય સ્પોન્સર અને અન્ય દાતાઓમાં ઓર્બીટ બેરિંગ્સ ઈન્ડિયા પ્રા. લિ., પેલિકન રોટોફ્લેક્સ પ્રા. લિ., રોલેક્સ રિંગ્સ લિ., રવિ ટેકનોફોર્જ પ્રા. લિ., વિક્રમ વાલ્વસ પ્રા. લિ., મીરા કાસ્ટિંગ, એન્જલ પંપ પ્રા. લિ. જેવી નામાંકિત કંપનીઓનો ઉદારભાવે આર્થીક સહયોગ સાંપડયો હતો. આ સમગ્ર ફુટબોલ ટુર્નામેન્ટના સફળ આયોજન માટે ક્રાઈમ બ્રાન્ચના ડી.સી.પી જગદીશ બાંગરવા સાહેબ, જ્યોતિ સી.એન.સી.ના વિક્રમસિંહ રાણા, કૌશિકભાઈ સોલંકી, રાજકોટ ફુટબોલ એસોસિએશનના હોદેદારો, ગુણવંતભાઈ ડેલાવાળા, બી. કે. જાડેજા, રોહિતભાઈ બુંદેલા, એહસાસ ટ્રસ્ટના નિશ્ચલભાઈ સંઘવી તેમજ સિનિયર ખેલાડીઓ ડિસોઝા સાહેબ, રાજુભાઈ ચૌહાણ, દિપક યશવંતે, શિવરાજસિંહ ચાવડા, રાફેલ ડાભી, ઉપેન્દ્રસિંહ ઝાલા, જીણાભાઈ ભરવાડ અને વાયસીસીના જયેશભાઈ કનોજીયાના માર્ગદર્શનમાં પોલીસ ડીપાર્ટમેન્ટ, એહસાસ ટ્રસ્ટની ટીમના સભ્યો જહેમત ઉઠાવી હતી. આ સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન રમતપ્રેમીઓની બહોળી ઉપસ્થિતિ રહી હતી અને રાજકોટમાં ખેલકૂદનું સકારાત્મક વાતાવરણ નિર્માણ થયું હતું.

એહસાસ ટ્રસ્ટના પ્રમુખ નિશ્ચલભાઈ સંઘવી અને રાજકોટ ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોશિએશનના હોદેદાર બી કે જાડેજાની ખાસ યાદી જણાવે છે કે આગામી ૧૫મી ટુર્નામેન્ટ તા.૦૨ થી ૦૮ જાન્યુઆરી-૨૭ ના દિવસોમાં રમાડવામાં આવશે તેમજ દુનિયામાંથી કોઈપણ ખેલાડી કોઈપણ ટીમમાથી રમી શકશે. તેના માટે સીઆરએસ/ સીએમએસના કોઈ રજીસ્ટ્રેશનની આવશ્યકતા રહેશે નહીં તેમજ ઈનામોની રકમમાં પણ વધારો કરવામાં આવશે. જેનો ઉદેશ વધુમાં વધુ ટીમો ભાગ લઈ શકે અને સારા ખેલાડીઓ રાજકોટમાં રમવા આવે તેનો લાભ દરેક રમતપ્રેમીઓને મળે, આની સર્વે ટીમોએ તથા ખેલાડીએ નોંધ લેવી વધુ વિગત માટે રોહિતભાઈ બુંદેલા તેમજ જયેશભાઈ કનોજિયાનો સંપર્ક કરવો.

## (૧૨માં પાનાનું ચાલુ)

### પાક.ક્રિકેટ બોર્ડ...

સામાન્ય રીતે શિસ્તભંગ તરીકે ગણવામાં આવ્યા છે. જોકે, આ વખતે સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન ટીમમાં કોઈ શિસ્તભંગના મુદ્દાઓ નહોતા, અને દંડ ખાસ કરીને તેમના મેદાન પરના પ્રદર્શનની ગુણવત્તા માટે વસૂલવામાં આવ્યા છે. તે પીસીબી દ્વારા લાદવામાં આવેલા પ્રતિબંધોને ખાસ કરીને સંભવિત અભૂતપૂર્વ બનાવે છે.જોકે, વર્તમાન પીસીબી વહીવટીતંત્ર પાસે મોટી ટુર્નામેન્ટમાં નિરાશાઓને પગલે સજા લાદવાની પદ્ધતિ છે. પાંચ મહિના પહેલા, એશિયા કપ ફાઈનલમાં ભારત સામેની હાર બાદ,પીસીબી એ ખેલાડીઓને આપવામાં આવેલા તમામ નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ થોડા સમય માટે સ્થગિત કરી દીધા હતા જે તેમને શિયાળા દરમિયાન ટી૨૦ લીગમાં ભાગ લેવાની મંજૂરી આપતા હતા. જોકે, તે સસ્પેન્શન તરત જ હટાવી લેવામાં આવ્યું કારણ કે કેટલાક ટોચના ખેલાડીઓ બીબીએલ માટે ઓસ્ટ્રેલિયા ગયા હતા. જ્યારે બધા ખેલાડીઓ પર દંડ લાદવામાં આવશે, ત્યારે પાકિસ્તાનમાં એવા ખેલાડીઓ હતા જેમણે ટુર્નામેન્ટમાં વ્યક્તિગત સફળતાનો આનંદ માણ્યો હતો. સાહિબજાદા ફરહાને ટી૨૦ વર્લ્ડ કપમાં સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ તોડ્યો, અને તે જ ઈવેન્ટમાં બે સદી ફટકારનાર એકમાત્ર ખેલાડી બન્યો.

## (છેલ્લા પાનાનું ચાલુ)

### ભાજપની નવી રણનીતિ...

પ્રદેશ મહામંત્રી પાસે આખા ઝોનની જવાબદારી હોય છે. જે તે ઝોનના આવતા તમામ જિલ્લાનો હવાલો તેઓની પાસે હોય છે. પરંતુ રાજ્યના ચાર મુખ્ય મહાનગરમાં પ્રદેશ મહામંત્રીને પ્રભારી તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. કાર્યકરોમાં થતી ચર્ચા અનુસાર મહામંત્રીઓની સત્તામાં આડકતરી રીતે કાપ મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત મહાનગરોમાં ચાલતા જુથવાદને સંપૂર્ણ પણે ડામી દેવા આ મોટું પગલું પણ મનાય રહ્યું છે.

પ્રદેશ મહામંત્રી ડો. પ્રશાંત કોરાટને સુરત શહેરના, હિતેન્દ્રસિંહ ચૌહાણને વડોદરા શહેરના, અજયભાઈ બ્રહ્મભટ્ટને કર્ણાવતી (અમદાવાદ) શહેરના અને ધારાસભ્ય, મહામંત્રી અનિરૂદ્ધભાઈ દવેને રાજકોટ શહેરના પ્રભારી તરીકે નિયુકત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત રાજેશભાઈ દેસાઈને ડાંગ જીલ્લાના, વિનયભાઈ શુકલને વલસાડ જિલ્લાના શંકરભાઈ અમલીયારને નવસારી જિલ્લાના ગૌતમભાઈ ગેડિયાને સુરત જિલ્લાના, ડો. જગદીશભાઈ પટેલને તાપી જીલ્લાના પરામક્રમસિંહ જાડેજાને ભરૂચ જિલ્લાના અર્જુનભાઈ ચૌધરીને નર્મદા જિલ્લાના ડો. ઋત્વિજ પટેલને વડોદરા જીલ્લાના, હિંમતભાઈ પડશાળાને છોટા ઉદેપુર જીલ્લાના, હર્ષદભાઈ વસાવાને પંચમહાલ જીલ્લાના, નીતીનભાઈ પટેલની મહિસાગર જીલ્લાના, રાજેન્દ્રભાઈ પટેલ (ચૌધરી)ની દાહોદ જીલ્લાના પ્રભારી તરીકે નિયુકતી કરાય છે.

જ્યારે વર્ષાબેન દોશીને આણંદ જીલ્લાના, રમેશભાઈ દેસાઈને ખેડા જીલ્લાના, નિરવ અમીનને ગાંધીનગર શહેરના, રમેશભાઈ સોલંકીને ગાંધીનગર જીલ્લાના, બ્રિજરાજસિંહ ઝાલાને સાબરકાંઠા જિલ્લાના, ડો. સંજય દેસાઈની અરવલ્લીજીલ્લાના, ડો. ભરત ડાંગરને મહેસાણા જીલ્લાના, સત્યેન કુલાબધરને પાટણ જીલ્લાના, ધવલભાઈ દવેની બનાસકાંઠા જીલ્લાના, વિશાલભાળ પટેલની વાવ- થરાદ જિલ્લાના, ફલજીભાઈ ચૌધરીની કચ્છ જીલ્લાના પ્રભારી તરીકે નિયુકિત કરાય છે.

દિલીપભાઈ બારડની જામનગર જીલ્લાના, ભરતભાઈ આર્યની રાજકોટ જીલ્લાના, ગજેન્દ્રભાઈ સકસેનાની મોરબી જીલ્લાના, જીજ્ઞાબેન પંડયાની જુનાગઢ શહેરના, ભાવનાબેન હિરપરાની ગીર સોમનાથ જીલ્લાના, ડો. વિમલ કગથરાની પોરબંદર જીલ્લાના અભયસિંહ ચૌહાણની અમરેલી જીલ્લાના હર્ષદ ગીરી ગોસાઈની ભાવનગર જીલ્લાના દશરથજી ઠાકોરની બોટાદ જીલ્લાના અને રાજેશભાઈ શુકલની સુરેન્દ્રનગર જીલ્લાના પ્રભારી તરીકે નિયુકિત કરવામાં આવી છે.

### આજે ચંદ્રગ્રહણ...

તરીકે ઓળખવામાં આવે છે. ચંદ્ર પર પહોંચતા પહેલા સૂર્યપ્રકાશ પૃથ્વીના વાતાવરણમાંથી પસાર થવાને કારણે લાલ રંગ દેખાય છે.

ભારતમાં ચંદ્રગ્રહણની દશ્યતાઃ ભારતીય માનક સમય એ ભારતમાં ચંદ્રગ્રહણનો સમય છે.

આજે ચંદ્ર ગ્રહણ બપોરે શરૂ થશે અને વહેલી સાંજે સમાપ્ત થશે. તે થોડા કલાકો સુધી ચાલશે.

ગ્રહણ ભારતીય સમય મુજબ બપોરે ૩:૨૦ વાગ્યે શરૂ થશે. ગ્રહણ જોવા માટેનો શ્રેષ્ઠ સમય ભારતીય સમય મુજબ સાંજે ૬:૩૩ થી ૬:૪૦ વાગ્યા સુધીનો રહેશે.

ગ્રહણ ભારતીય સમય મુજબ સાંજે ૬:૪૭ વાગ્યે સમાપ્ત થશે.

### સજોડે આપઘાત...

સારવાર કારગત નીવડે તે પહેલા જ બંને વૃદ્ધોનું કરુણ મૃત્યુ નીપજયું હતું. આ મામલે મયંકભાઈ મગનભાઈ ભીમાણીએ ધ્રોલ પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ધ્રોલ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જે.કે. દલસાણીયા આગળની તપાસ શરૂ કરવામાં આવી છે. એકસાથે પતિ-પત્નીના મોતથી વાંકીયા ગામમાં ગમગીની છવાઈ ગઈ છે.

### ડબ્બા ટ્રેડિંગનું રેકેટ...

તેઓ છેલ્લા ૪ મહિનાથી ડબ્બા ટ્રેડીંગનું કામ કરે છે. તેનો ભાગીદાર મિહિર શેરબજાર અને ડબ્બા ટ્રેડીંગનું કામકાજ સંભાળે છે અને તે મેટા ટ્રેડર ફાઈવ નામની આઈડી મારફત તમામ સોદાઓ કરે છે, જે આઈડી તેઓને હિતેન રવી ખાચર નામના શખ્સે આપી હોવાનું પણ જણાવ્યું હતું. જે સટ્ટાના તમામ લેતી દેતી આંગડિયા પેઢી મારફત હવાલાથી થતી હતી. તેમજ એક અઠવાડિયામાં ૨૦ કરોડથી વધુના વ્યવહાર થતાં હતાં. જે હિસાબ થયે તમામ વિગત ફોન અથવા લેપટોપમાંથી ડીલીટ કરી દેતાં હતાં.તેમજ વધુમાં પોલીસે ઉમેર્યું કે, પકડાયેલ મુખ્ય સૂત્રધાર પાસેથી મળેલ વિગતમાં કમલેશ, અશોક, નટુકાકા અને જયદીપ નામના શખ્સોના નામ પણ ખુલ્યા છે, જેઓ મુખ્ય સૂત્રધાર પાસે ગ્રાહક તરીકે સટ્ટો રમવા આવતાં હતાં. જેથી તમામ ગ્રાહકો અને મુખ્ય સૂત્રધારનો ભાગીદાર મિહિર તેમજ તેઓને શેરબજાર અને ડબ્બા ટ્રેડીંગની આઈડી આપનાર હિતેન ખાચર નામના શખ્સની શોધખોળ હાથ ધરાઈ છે.

જ્યારે મુખ્ય સૂત્રધાર સાથે પકડાયેલ રાકેશ પોપટ અન્ય બે શખ્સો જેમાં મુકેશ વિરડીયા અને મહેશ પરમાર તે ઓફિસમાં કામ કરતાં અને આંગડિયા પેઢીમાંથી હવાલાની લેવડ દેવડનું કામ કરતાં હતા. ઉલ્લેખનીય છે કે, પકડાયેલ મુખ્ય સૂત્રધાર વિરુદ્ધ વર્ષ ૨૦૨૧ માં પણ ડબ્બા ટ્રેડીંગ બાબતનો ગુનો દાખલ થયેલ છે.

# સરિતા વિહાર નજીક ૪૮૦ બોટલ દારૂ ભરેલી કાર ઝડપાઈ : રૂ. ૬.૩૭ લાખનો મુદ્દામાલ કબ્જે

## ઝાયલો કાર અટકાવી ઝડતી કરતા શરાબ મળ્યો : મવડીના ધવલ ડાંગરની ધરપકડ કરતી યુનિવર્સિટી પોલીસ

**અબતક, રાજકોટ**

શહેરના યુનિવર્સિટી પોલીસ મથકના સ્ટાફે રાત્રીના સરિતા વિહાર સોસાયટી નજીક હનુમાનજી મંદિર પાસે દારૂ ભરેલી કાર ઝડપી લીધી હતી. પોલીસે કારમાંથી ૧.૩૬ લાખના દારૂના જથ્થા સાથે મવડીમાં રહેતા શખસની ધરપકડ કરી હતી. દારૂનો આ જથ્થો અને કાર સહિત ૬.૩૭ લાખનો મુદ્દામાલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

શહેરના યુનિવર્સિટી પોલીસ મથકના પીઆઈ હરેશ પટેલ, પીએસઆઈ વી.જી. ડોડીયાની રાહબરી હેઠળ હેડ કોન્સ્ટેબલ વીરદેવસિંહ જાડેજા, ગોપાલસિંહ જાડેજા, કોન્સ્ટેબલ દિવ્યરાજસિંહ જાડેજા, વનરાજભાઈ લાવડીયા, પ્રાદિત્યસિંહ ઝાલા સહિતનો સ્ટાફ હોળી-ધુળેટી પર્વને લઈ ખાનગી વાહનોમાં પેટ્રોલિંગમાં હતો. દરમિયાન રાત્રીના પુષ્કરધામ રોડ પાસે પહોંચતા એવી હકીકત મળી હતી કે એક જાયલો કાર નંબર જીજે૩ ડીજી ૨૮૦૭ જડુસ સર્કલથી યુનિવર્સિટી તરફ આવી રહી છે જેમાં દારૂનો જથ્થો છે.

આ બાતમીના આધારે પોલીસની ટીમે સરીતા વિહાર સોસાયટી પાસે વોચ ગોઠવી હતી દરમિયાન જયલો કાર પસાર થતાં તેને અટકાવી કારચાલકની પૂછતાછ કરતા તેણે પોતાનું નામ ધવલ દિલીપભાઈ ડાંગર (ઉ.વ.૩૦ રહે. શ્રીનાથજી સોસાયટી શેરી નંબર છ મવડી પ્લોટ, રાજકોટ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે કારમાં તપાસ કરતા પાછળની સીટમાં દારૂનો જથ્થો મળી આવ્યો હતો. કારમાંથી અલગ અલગ બ્રાન્ડની કુલ ૪૮૦ બોટલ દારૂ કિ. રૂ. ૧,૩૬,૮૦૦ મોબાઈલ ફોન અને પાંચ લાખની કિંમતની કાર સહિત કુલ રૂપિયા ૬,૩૭,૮૦૦ નો મુદ્દામાલ કબજે કરી કારચાલક સામે પ્રોહિબિશન એકટની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો. આ શખસ દારૂ કોની પાસેથી લાવ્યો હતો અને કોને સપ્લાય કરવાનો હતો તે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.જયારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે અમદાવાદ હાઈવે પર સાત હનુમાન મંદિર નજીક જાહેરમાંથી રૂ. ૨૦,૮૦૦ ની કિંમતની શરાબની ૧૦૪ બોટલ સાથે જયદેવસિંહ રાજેન્દ્રસિંહ જાડેજા(ઉવ ૨૩ રહે. આનંદનગર કોલોની, કાળા પથ્થરના ક્વાર્ટર નં.-૩૬, રાજકોટ)ની ધરપકડ કરી હતી.

# કોર્પોરેશનના કર્મચારી નયન પરીખના પુત્રી માનસી સીએની પરીક્ષા ઉત્તીર્ણ

## મોઢ વણિક સમાજ અને પરીખ પરિવારનું ગૌરવ વધાર્યુંઃ શુભેચ્છાઓ વરસાદ

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના કર્મચારી નયનભાઈ પરીખના પુત્રી માનસીએ સીએની પરીક્ષા પાસ કરને પરીખ કુટુંબ અને મોઢ વણિક સમાજનું ગૌરવ વધાર્યું છે.

તાજેતરમાં લેવામાં આવેલી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી માનસી નયનભાઈ પરીખે પોતાના પરિવાર તેમજ સમાજનું નામ ગૌરવભેર ઉજ્જવળ બનાવ્યું છે.માનસી, રાજકોટ મહાનગરપાલિકાના પૂર્વ સહાયક કમિશનર બી.બી. પરીખની પૌત્રી તથા રાજકોટ મહાનગરપાલિકાના એસ્ટેટ



વિભાગના કર્મચારી નયનકુમાર બંસીકુમાર પરીખની પુત્રી છે. તેમના આ ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ પરીખ કુટુંબમાં આનંદની લાગણી વ્યાપી છે તેમજ મોઢ વણિક જ્ઞાતિમાં ગર્વની લાગણી સર્જાઈ છે.માનસીનો શૈક્ષણિક સફર શરૂઆતથી જ તેજસ્વી રહ્યો છે. ધોરણ-૧૦માં તેમણે બોર્ડમાં નવમો ક્રમ પ્રાપ્ત કરી પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો હતો. પ્રાથમિક શિક્ષણ ધોરણ ૧ થી ૮ સુધી સિસ્ટર નિવેદિતા સ્કૂલમાં લીધું હતું અને ત્યારબાદ ધોરણ-૧૨ સુધી ધોળકિયા સ્કૂલમાં ગુજરાતી માધ્યમમાં અભ્યાસ પૂર્ણ કર્યો હતો. ગુજરાતી માધ્યમમાં ભણ્યા હોવા છતાં સીએ જેવી પ્રોફેશનલ અને અંગ્રેજી માધ્યમની કઠિન પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરવી એ તેમના પરિશ્રમ, એકાગ્રતા અને આત્મવિશ્વાસનું ઉત્તમ ઉદાહરણ છે.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટ :** ગુ.હા. સ.ચા. મોઢ બ્રાહ્મણ જીજ્ઞાબેન પ્રજ્ઞેશભાઈ ત્રિવેદી (ઉ.વ.૫૦) તે સ્વ. મનસુખલાલ માનશંકરભાઈ ત્રિવેદીના પુત્રવધુ, તે શાસ્ત્રી પ્રજ્ઞેશભાઈના પત્ની, તે સ્વ. ગુણવંતભાઈ, ઈન્દુભાઈ, સ્વ. પ્રમોદભાઈ, અશ્વિનભાઈના ભત્રીજા વહુ, શીતલબેન (ગોંધિયા), મોહિતભાઈ, કલ્પનાબેન (જૂનાગઢ), નિશિતાબેન (લંડન), જીજ્ઞાબેન (જામનગર), હર્ષિતભાઈના ભાભી, મંત્રના માતા, ઋત્વીજના ભાભુ , સ્વ. કિશોરચંદ્ર વિશ્વનાથ ત્રિવેદીના પુત્રી, ગૌરાંગભાઈના મોટા બહેનનું તા. ૧ ના રોજ અવસાન થયું છે. સદગતનું ઉઠમણું તથા પીયરપક્ષનું બેસણું તા. ૫ ને ગુરૂવારના રોજ સાંજના ૪:૩૦થી ૫:૩૦, માસ્તર સોસાયટી હોલ, ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિર પાસે, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** અમિતભાઈ હેમંતલાલ માનસાતા (ઉ.વ.૫૩) તે હર્ષાબેન હેમંતભાઈ માનસાતાના પુત્ર, ફાલ્ગુનીબેનના પતિ, ધર્મીનભાઈના પિતા, રાજુભાઈ, રશ્મીભાઈ માનસાતાના ભત્રીજા, જતીનભાઈ, જીગરભાઈના મોટાભાઈ તે રુપાબેન હરેનકુમાર રાડીયા, માલાબેન આશીષકુમાર ચગના ભાઈ, ડો. જેન્તીલાલ હરજીવનદાસ કારીયાના જમાઈ, સ્વ. જમનાદાસ વિઠ્ઠલદાસ ગઢીયા (સાવરકુંડલા) ના ભાણેજનું તા. ૨ ને સોમવારના રોજ થયેલ છે. સદગતનું પક્ષની સાદડી તા. ૫ ને ગુરુવારે સાંજે ૪.૩૦ થી ૬ દરમિયાન નુતનનગર કોમ્યુનીટી હોલ, કાલાવડ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** રાજકોટ નિવાસી મનસુખલાલ ગીરધરલાલ બુધ્ધદેવ (ઉ.વ.૭૯) તે હર્ષાબેનના પતિ, અમિતભાઈ બુધ્ધદેવ), જયશ્રીબેન અતુલકુમાર બગડાઈ (વેરાવળ)તે નિમાબેન રવિનકુમાર આડતીયા (રાજકોટ)ના પિતા, રાખીબેનના સસરા, ઉદય, પુષ્ટિના દાદા, ચુનીલાલ પ્રાગજીભાઈ પોપટના જમાઈનું તા. ૨-૩ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૫-૩ ને સાંજે ૫.૩૦ થી ૬.૩૦ નર્મદેશ્વર મહાદેવ મંદિર, પંચવટી ગૌશાળા, જામનગર ખાતે રાખવામાં આવેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# "વિદ્યા બે પ્રકારની છે એક અપરા વિદ્યા (શબ્દબ્રહ્મ) અને બીજી પરા વિદ્યા (આધ્યાત્મ જ્ઞાન)"

## "ઋષિમુનીઓએ લાંબો સમય વેદોનો અભ્યાસ કરી, તપ અને ચિંતન-મનન કરી જીજ્ઞાસુ લોકો આ જ્ઞાન સમજી શકે અને સાત્વિક જીવન જીવીને મુકિત મેળવી શકે તે માટે ઉપનિષદો રચ્યા છે"

**બ્રહ્મ રહસ્ય**

સનાતન ધર્મનું મુળ ચાર વેદ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ છે. ચારેય વેદ સ્વયં ઈશ્વરીય છે. પરંતુ વિશ્વમાં પ્રગટ ભગવાન બ્રહ્માએ કર્યા છે. પુરાતન-આદિકાળમાં આ ચારેય વેદોનો અભ્યાસ કરી, તપ કરી ચિંતન-મનન કરી આપણા ઋષિમુનીઓએ અલગ અલગ વેદના અલગ અલગ તથ્યો સત્યો તારવીને આમ જનતા અને ખાસ તો જીજ્ઞાસુઓ તે સમજી અને અમલ કરી સાત્વિક, ધાર્મિક અને શાસ્ત્રોકત જીવન જીવીને મુકિત મેળવી શકે તે માટે જુદાજુદા ઉપનિષદો રચ્યા છે.


તે પ્રમાણે મુંડક ઉપનિષદ અથર્વેદમાંથી નિષ્પન્ન થયેલ છે. અથર્વવેદનું જ્ઞાન બ્રહ્માએ પોતાના પુત્ર અથર્વા ને શીખવેલું. અથર્વાએ ઋષિ અંગિરસને અને અંગિરસે પોતાના શિષ્ય શૌનકને શીખવેલું શૌનક તપ સાધના કરી શિષ્યમાંથી ઋષિ બન્યો. તેના મનમાં એ વિચાર ઘોળાયા કરતો કે આ વિશ્વમાં વિવિધ પ્રકારના પ્રાણીઓ અને વનસ્પતિ રહેલા છે. તોઆ સૃષ્ટિની ઉત્પતિના મૂળમાં કોઈ એક તત્વ હોવું જોઈએ. એ તત્વ શું છે? કે જેના વિજ્ઞાનથી બીજી બધી બાબત સમજી અને જાણી શકાય? વળી એ તત્વને કેમ જાણી શકાય? આથી તેમણે ઘણા વર્ષો સુધી તપ કરી ચિંતન-મનન કરી નકકી કર્યુ કે વિદ્યા બે પ્રકારની છે એક બહારની (ભૌતિક) (બાહ્ય વિષયોના શાસ્ત્રની) વિદ્યા, જે વિદ્યા ફકત કહેવા અને સાંભળવાની વસ્તુ છે. જેને અપરા વિદ્યા કે શબ્દ બ્રહ્મ કહેવામાં આવે છે. આ વિદ્યામાં વ્યકિત ગમે તેટલો હોંશિયાર -પારંગત થાય, પરંતુ તેને આ બ્રહ્મ તત્વનું જ્ઞાન થઈ શકતુ નથી ! બીજી વિદ્યા તે પરા વિદ્યા અથવા ઉચ્ચ (આધ્યાત્મ)જ્ઞાન છે, જે ખરેખર અક્ષરબ્રહ્મ ના અનુભવ સાથે સંબંધ રાખે છે. અક્ષરબ્રહ્મ ને જ અજ, અક્ષર, અવ્યય, ઈશ્વરએ નામ વારંવાર રહેવામાં આવ્યા છે. ભગવાનના નામો મુંડકોપનિષદમાંથી જ લેવામાં આવ્યા જણાય છે.

બુધ્ધિમાનોનોએક મત એવો છે કે આ દરેક પ્રાણી પદાર્થોનું ઉત્પતિસ્થાન આ અક્ષર તત્વ છે. તેને કોઈ ઈન્દ્રિયો દ્વારા જોઈ સાંભળી કે સ્પર્શી શકતો નથી. આ તત્વ શાશ્વત (સનાતન) સર્વ વ્યાપક અને સુક્ષ્મથી પણ અતિસુક્ષ્મ છે. જે જ્ઞાની યોગીઓ મનના સંયમ થકી આ તત્વનો સાક્ષાત્કાર કરે છે.

સહજ રીતે એ પ્રશ્ન ઉભો થાય કે જે અક્ષર બ્રહ્મ કોઈ પ્રકારે ઈન્દ્રિયોથી પ્રત્યક્ષ થતુ નથી તો તેમાંથી આ સ્થુળ (ભૌતિક) વિશ્વ કેતી રીતે ઉત્પન્ન થાય? આના જવાબમાં આ ઉપનિષદમાં ત્રણ ઉદાહરણો આપવામાં આવ્યા છે. જેમ કરોળીયો પોતાની અંદરથી લાળ કાઢીને જાળુ બનાવે છે, જેમ પૃથ્વીમાંથી લીલુ ઘાસ અને વૃક્ષ-વનસ્પતિ ઉત્પન્ન થાય છે. અને જેમ મનુષ્યના શરીરમાંથી વાળ-નખ બહાર આવે છે, તેજ પ્રકારે અક્ષર પુરૂષમાંથી મન, પ્રાણ, અને પંચમહાભૂતોથી બનેલો સંસાર ઉત્પન્ન થાય છે. આજ રીતે જીવન સંબંધીત બીજા જેટલા ભાવો છે. તે સૌનું મુળ અક્ષરભાવ જ છે !

જેટલા યજ્ઞો છે તે અક્ષરબ્રહ્મનોજ વિકાસ છે.કર્મકાંડની દ્રષ્ટિએ યજ્ઞના જુદાજુદા અંગ છે. વેદના મંત્રોમાં જે સત્યનું ઋષિઓ એ દર્શન કર્યું તે જ સત્ય યજ્ઞના ત્રણ અગ્નિઓમાં છે.આહવનિય અગ્નિએ દશુ લોક અથવા મન છે. દક્ષિણ અગ્નિએ અંતરીક્ષ અથવા પ્રાણ છે. અને ગાર્હપત્ય અગ્નિએ પૃથ્વી અથવા પંચમહાભૂતો છે. આમાંથી જ એક તરફ અધિદૈવત વિશ્વ (જુદાજુદા દેવતાઓથી પ્રાપ્ત વિશ્વ) બીજી તરફ આધ્યાત્મ શરીર (આત્માથી વ્યાપ્ત શરીર) રૂપી યજ્ઞોનું સ્વરૂપ પૂર્ણ થઈ રહ્યુ છે. પછી યજ્ઞથી બહાર બીજુ શું છે ? આમ યજ્ઞએ અક્ષરબ્રહ્મનો જ વિકાસ છે. જેની વ્યવસ્થા એકદમ નિયમિત અને અતિ સુંદર છે. જીવનની યજ્ઞ રૂપી નૌકા ઉપર પ્રવાસ કરી લોકો આ જીવન રૂપી સમુદ્રપાર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. મુકતી માટેની ખરેખર જીજ્ઞાસા હોય તો આ પરાવિદ્યા કે બ્રહ્મવિદ્યાનોજ સહારો લેવો જોઈએ. કોઈ પણ કર્મના ફળની આસકિતથી કર્મકાંડમાં લાગેલા લોકોની બુધ્ધિ બાળક જેવી ટુંકી કહી શકાય ! તેનાથી બ્રહ્મ (પરા) વિદ્યાનો માર્ગ જાણી શકાતો નથી. પરંતુ તેને બદલે તપ, શ્રધ્ધશ્રા અને વિશ્વાસ સાથે નિષ્કામ કર્મ કરી બ્રહ્મ ઉપાસના કરે તો માનસિક ઉદ્વેગોથી ઉઠીને અમૃત અને શાંતીના માર્ગે ઉર્ધ્વગામી બની શકે. પરંતુ આ માટે તો ખરેખર અનુભવી ગુરૂના શરણે જવું પડે અને ગુરૂ પણ ખુબ શાંત ચિત વાળા, જીતેન્દ્ર, રાગદ્વેષથી રહિત સમદ્રષ્ટિ વાળા શિષ્ય ને જ આ બ્રહ્મ વિદ્યાનો ઉપદેશ આપે છે.જેનાથી પરમની પ્રાપ્તિ થઈ શકે.

આ અક્ષરબ્રહ્મ સ્થૂળદેહમા પ્રગટ છે. અને તેની અંદર હૃદયગૃહામાં ચૈતન્ય રૂપે વિદ્યામાન છે. આ અક્ષરબ્રહ્મ ચૈતન્ય જો હૃદયમાં રહેલું ન હોય તો શું કોઈ ક્યારેય તેનો સાક્ષાત્કાર કરી શકવાનો હતો? શ્વાસોશ્વાસની ક્રિયા અને નિમેષક્રિયા (આંખના પલકારા) આ બંનેનું મુળ તે જ છે સર્વ શ્રેષ્ઠ વિજ્ઞાન તેજ છે. કે જેનાથી તેનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.



લેખક
એસ. બી. ગોહિલ
પૂર્વ આસિ. પોલીસ કમિશનર
મો.૯૯૨૫૫૦૦૦૬૭

યોગવિદ્યા શબ્દોથી પુરેપુરી કહેવી મુશ્કેલ છે. પરંતુ અભ્યાસ અને સાધનાથી તેનો અનુભવ કરી શકાય છે. તે કહેવા સાંભળવાનો વિષય નથી પરંતુ તે પ્રાણ અને મનથી ખૂબજ અત્યંત તીવ્ર સાધનાનો વિષય છે. આ યોગ વિદ્યા આપણી અંદર એક સેતુનું નિર્માણ કરે છે. કે જેનાથી અમૃતના અક્ષર પ્રવાહનું ગ્રહણ કરી શકાય છે.જેમણે યોગ સાધના વડે આવો સેતુ (પૂલ)બનાવ્યો નથી તેનું જીવન વ્યર્થ ચાલ્યું જાય છે.

શરીરમાં જેમ નાડીઓમાં પ્રાણ અથવા ચેતનાનો સંચાર થાય છે તે નાડીઓ હૃદય સાથે જોડાયેલી છે. જ્યાં આ અક્ષરનો નિવાસ છે. જો પ્રણવ (ૐ) દ્વારા તે અક્ષરનું ધ્યાન ધરવામાં આવે તો અજ્ઞાન અને તેની ગ્રંથીથી છુટકારો થતા આ અક્ષરનો અનુભવ કરી શકાય છે. આ અક્ષર બ્રહ્મનું સાચુ સ્વરૂપ આનંદમય અને અમૃતમય છે. આ અક્ષર બ્રહ્મના સ્વરૂપને પુરતા જ્ઞાન, યથાર્થ અનુભવ અને શુધ્ધ બુધ્ધિવાળા જ સખત સાધના દ્વારા પ્રાપ્ત કરી શકે છે.

આ અક્ષરને સમજવા માટે ઋષિ શૌનકે તેને સંસાર વૃક્ષની સાથે સરખાવતું એક સુંદર ઉદાહરણ આપ્યું છે. જેમાં સંસાર રૂપ વૃક્ષ ઉપર બે પક્ષીઓ બેઠેલા છે. જે બંને મિત્ર છે.તેમાંથી એક પક્ષી (જીવાત્મા) વૃક્ષના ફળ ખાય છે. અને બીજુ પક્ષી (પરમાત્મા) કેવળ જોયા કરે છે.અને તે ફળખાનારનું સાક્ષી થઈ ને બેઠું રહે છે. આ બે પક્ષીઓ (જીવાત્મા અને પરમાત્મા) વિશ્વની જે દિવ્ય શકિત છે તેના જ બે રૂપ છે અને આ બે રૂપને જ 'દેવસત્ય' કહેવામાં આવે છે. એક 'દેવસત્ય' વિરાટ (વિશ્વમાં) છે. અને બીજુ અધ્યાત્મ કેન્દ્રમાં છે. આમ જીવાત્માનું અસ્તિત્વ એ કોઈ સાધારણ ઘટના નથી, કેમકે દિવ્ય શકિતઓની સમષ્ટિ (શકિતઓનું એકત્રીકરણ થવાથી બન્યું છે)નું પરિણામ છે. જયારે શરીરમાં ભોકતા ભાવ આવવાથી જીવમાંથી ઈશ્વરની સાત્વિક શકિતઓ જુદી પડી જાય છે. આમ ઈન્દ્રીયો દ્વારા આસકિતપૂર્વક વિષયોનોઉપભોગ જ બંધન અને શોક તથા મોહનનું કારણ બને છે. અને તે મુકિતથી દૂર થાય છે. આ સ્થિતિથી બચવા માટેના ઉપાયો પણ ઋષિ શૌનકે જણાવ્યા છે. સત્ય, તપ, સમ્યક, જ્ઞાન (યથાર્થજ્ઞાન) અને બ્રહ્મચર્યના પાલનથી તેને (અક્ષરને) પ્રત્યક્ષ અનુભવાય છે. જીવાત્માના દોષો દૂર થાય છે. અને તેનું શુભ તેજસ્વી સ્વરૂપ તેને પ્રત્યક્ષ અનુભવાય છે. આધ્યાત્મ તત્વની સૌથી મહત્વની અપેક્ષાએ જ છે કે માણસ સત્ય, તપ, બ્રહ્મચર્ય અને સ્વાધ્યાય વિગેરે સદગુણોને ધારણ કરીને પોતાની અંદર રહેલ પરમાત્વ સ્વરૂપનો સાક્ષાત્ અનુભવ કરી શકે છે. આને જ 'વિરાટ દેવ' અથવા 'અક્ષરબ્રહ્મ' કહેવામાં આવ્યું છે.તેને પ્રાપ્ત કરવા માટેનો એકમાત્ર ઉપાય સત્યનું વ્રત છે. વિશ્વનો અટલ નિયમ છે કે સત્યનો જ વિજય થાય છે. અને અમૃતનો પરાજય (સત્યમેવ જયતે નાનૃતમ) આમ આ વિરાટ અક્ષરબ્રહ્મનું જ્ઞાન લોકોના હૃદયગુહા (આત્મકેન્દ્ર)માં જ આવેલું છે. જેને જાણવામાં ચિત્તની શકિત અથવા સંકલ્પ બળ જ મદદરૂપ થાય છે.વળી પ્રકૃતિનું એ પણ અજ્ઞાત રહસ્ય છે. આત્મજ્ઞાની જે જે કામના કરે છે. તેને પ્રાપ્ત પણ કરી લે છે !

આમ ઋષિ શૌનકે અક્ષરની ઉપાસના અને તેને પ્રાપ્ત કરવાના ઉપાયો વિષે ઘણા સ્પષ્ટ શબ્દોમાં કહ્યુ છે કે જે બુધ્ધિમાન વ્યકિત બ્રહ્મના આ પરમધામને (પરમ તેજને, પરમ સ્વરૂપને) એકાગ્ર મનથી ઉપાસે છે.તેઓ તેને આવશ્ય જાણી શકે છે. અને જે વ્યકિત જે પ્રકારની કામનાઓથી લદાયેલો રહે છે તે તેવો જ જન્મ પામે છે. પરંતુ જે વ્યકિત વિવેક પૂર્વક ઈચ્છાઓને અંકુશમાં રાખી રોકી લે છે, તેની કામનાઓ સંપૂર્ણ પણે લય પામી જાય છે. આવો આત્મા, અતિ વિદ્વતા કે જ્ઞાનથી જાણી શકાતો નથી. જે દ્રઢ નિશ્ચય વગરનો, આળસુ અને બળ વગરનો છે. જે તપ અથવા પધ્ધતિસર (વિધિપૂર્વક) પ્રયત્ન કરતો નથી તેને આત્માના દર્શન થતા નથી.

**વિશ્વ રસઃ "સત્યમે જયતે નાનૃતમ્ ।'**

# સુરતમાં કોસંબા પીએસઆઈ એ.ડી. ધાંધલ સસ્પેન્ડઃ ગૌરક્ષકો પર હુમલા સમયે ગેરહાજર રહેતા એસપીની કડક કાર્યવાહી

## નાઈટ ડ્યુટી હોવા છતાં સ્થળ પર હાજર ન રહેતા પોલીસ વિભાગમાં શિસ્ત અને જવાબદારીના પાઠ ભણાવવા એસપીની લાલ આંખ

**અબતક, રાજકોટ**

સુરત ગ્રામ્ય પોલીસ બેડામાં ફરજ પ્રત્યે ગંભીર બેદરકારી દાખવનાર અધિકારી સામે જિલ્લા પોલીસ વડાએ કડક હાથે કામ લીધું છે. કોસંબા પોલીસ મથકના પીએસઆઈ (PSI) એ.ડી. ધાંધલને ફરજ દરમિયાન ગેરશિસ્ત અને બેદરકારી બદલ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ગૌરક્ષકો પર થયેલા હુમલા જેવી સંવેદનશીલ ઘટના વખતે નાઈટ ડ્યુટી પર હોવા છતાં ગેરહાજર રહેતા આ કાર્યવાહી કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, તાજેતરમાં કોસંબા વિસ્તારમાં ગૌરક્ષકો પર હુમલાની ગંભીર ઘટના બની હતી. આ ઘટના જે રાત્રે ઘટી, તે રાત્રે પીએસઆઈ એ.ડી. ધાંધલની નાઈટ ડ્યુટી હતી. નિયમ અનુસાર, સંવેદનશીલ પરિસ્થિતિમાં વિસ્તારમાં હાજર રહી સુરક્ષા વ્યવસ્થા જાળવવાની તેમની નૈતિક અને કાનૂની જવાબદારી હતી. જોકે, તપાસમાં બહાર આવ્યું છે કે, હુમલા સમયે પીએસાઈ પોતાની ફરજ પર હાજર ન હોતા. તેમણે હેડક્વાર્ટર છોડતા પહેલા કોઈ પણ ઉચ્ચ અધિકારીની પૂર્વ મંજૂરી લીધી ન હોતી. જવાબદાર અધિકારીની ગેરહાજરીને કારણે સ્થળ પર સ્થિતિ વધુ વણસી હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાયું છે.

સુરત જિલ્લા પોલીસ વડા (SP) એ આ મામલાને અત્યંત ગંભીરતાથી લઈ તાત્કાલિક અસરથી સસ્પેન્શનનો કોરડો વીંઝ્યો છે. માત્ર સસ્પેન્શન જ નહીં, પરંતુ તેમની સામે ખાતાકીય તપાસના પણ આદેશો અપાયા છે. પોલીસ વિભાગમાં શિસ્ત અને જવાબદારી સર્વોપરી છે. ફરજમાં બેદરકારી દાખવનાર કોઈપણ કર્મચારી કે અધિકારી સામે કડક પગલાં લેવામાં આવશે." એસપી દ્વારા લેવામાં આવેલા આ આકરા નિર્ણયને પગલે કોસંબા પોલીસ મથક સહિત સમગ્ર સુરત ગ્રામ્ય પોલીસ વિભાગમાં ફફડાટ વ્યાપી ગયો છે. આ કાર્યવાહી અન્ય કર્મચારીઓ માટે એક સખત ચેતવણી સમાન માનવામાં આવી રહી છે.

# ન્યૂયોર્ક સિટીએ પોલીસની ભૂલો સુધારવા ૯૮૦ કરોડથી વધુનો દંડ ચૂકવ્યો

## આ રકમ એવા લોકો માટે ચૂકવવામાં આવી છે જેમના પર ખોટા કેસ થયા હતા, જેમને પોલીસ કસ્ટડીમાં શારીરિક ઈજા પહોંચી હતી

**અબતક, .............**

ન્યૂયોર્ક શહેરે ગયા વર્ષે પોલીસ અને સરકારી વકીલોની ભૂલો અથવા ગેરરીતિઓને કારણે થયેલા ૧,૦૪૪ જેટલા કેસો પતાવવા માટે કુલ રૂ. ૯૮૦ કરોડથી વધુ ચૂકવ્યા છે. આ માહિતી 'લીગલ એઈડ સોસાયટી' દ્વારા બહાર પાડવામાં આવી છે. આટલી મોટી રકમ હોવા છતાં, તે ૨૦૨૪ના વર્ષ (૨૦૬ મિલિયન ડોલર) કરતા લગભગ અડધી છે. આમાંના ઘણા કેસો તો દાયકાઓ જૂના છે, જેમ કે ૧૯૮૭માં થયેલી એક ખોટી ધરપકડ અને સજાનો કેસ પણ અત્યારે સેટલ કરવામાં આવ્યો છે.

ન્યૂયોર્ક સિટીના કાયદા વિભાગ દ્વારા આ રકમ એવા લોકો માટે ચૂકવવામાં આવી છે જેમના પર ખોટા કેસ થયા હતા, જેમને પોલીસ કસ્ટડીમાં શારીરિક ઈજા પહોંચી હતી અથવા જેમને વર્ષો સુધી જેલમાં ખોટી રીતે પૂરી રાખવામાં આવ્યા હતા. ૧૯૮૭નો જે કેસ છે, તેમાં એક વ્યક્તિને દાયકાઓ પછી નિર્દોષ જાહેર કરવામાં આવી, અને તેની જિંદગીના બગડેલા વર્ષોના વળતર રૂપે કરોડો રૂપિયા આપવા પડ્યા.


# રેસકોર્સના તમામ દરવાજાઓ બંધ કરી દેવાયાઃ સિક્યુરિટી ગાર્ડ તૈનાત

## ધુળેટી પર્વએ શહેરીજનો રેસકોર્સ સંકુલમાં રંગે રમવા માટે ઉમટી પડતા હોય તકેદારીના ભાગરૂપે કોર્પોરેશન આજથી જ સતર્ક

**અબતક, રાજકોટ**



આવતીકાલે રંગોનું પર્વ ધૂળેટીની ઉજવણી કરવામાં આવનાર છે.ત્યારે કોર્પોરેશન દ્વારા શહેરના હાર્દ રેસકોર્સ સંકુલના તમામ પ્રવેશ દ્વારા આજથી જ બંધ કરી દેવામાં આવ્યા છે. સાથો સાથ બહાર સિક્યુરિટી ગાર્ડ પણ સુરક્ષા માટે તૈનાત કરી દેવામાં આવ્યા છે.



ધુળેટીના પર્વના દિવસે શહેરભરમાંથી લોકો રેસકોર્સ સંકુલ ખાતે રંગે રમવા માટે ઉમટી પડતા હોય છે.ગત વર્ષે સંકુલની હાલત એટલી બધી ખરાબ થઈ ગઈ હતી કે કલરની સાફ-સફાઈ માટે એક સપ્તાહ જેવો સમય લાગ્યો હતો. જેને ધ્યાનમાં રાખી આ વખતે કોર્પોરેશન દ્વારા આજથી રેસકોર્સ સંકુલની અંદર પ્રવેશવાના તમામ માર્ગો બંધ કરી દેવામાં આવ્યા છે. જ્યાં દરવાજા છે તે દરવાજા પર લોક કરી દેવાયા છે. જ્યાં દરવાજા નથી ત્યાં પતરાની આડશો લગાવી દેવામાં આવી છે. સાથો સાથ તમામ દરવાજા પર સિક્યુરિટી ગાર્ડ પણ તેના કરી દેવાયા છે. જો જરૂર જણાશે તો કાલે રેસકોર્સ સંકુલના તમામ એન્ટ્રી ગેટ પર વિજિલન્સ પોલીસ પણ મૂકી દેવામાં આવશે ટૂંકમાં કોઈ પણ વ્યક્તિ રેસકોર્સમાં રંગે રમી શકે નહીં બહાર રીંગરોડ પર રંગે રમવા માટે મંજૂરી આપવામાં આવશે પરંતુ જો અતિરેક લાગશે તો ત્યાંથી પણ લોકોને હાંકી કાઢવામાં આવશે.

# ઈસ્કોન મંદિરે કાલે હોલીત્સવ ૧૧૦૦ કિલો ફૂલોની થશે પૂષ્પવર્ષા

**અબતક, રાજકોટ**

કાલાવડ રોડ સ્થિત ઈસ્કોન મંદિરમાં ૪ માર્ચ ૨૦૨૬ના ભગવાન ચૈતન્ય મહાપ્રભુના પ્રાગટ્ય દિવસ ગૌર પૂર્ણિમા મહોત્સવ નિમિત્તે ૧૧૦૦ કિલો ફૂલોની હોળી અને મહા અભિષેક થશે. ભગવાન ગૌર-નિતાઈના પવિત્ર પ્રાગટ્ય તિથિ નિમિત્તે ૧૧૦૦ કિલો સુગંધિત અને રંગબેરંગી ફૂલોની હોળી તથા વૈદિક વિધિ અનુસાર મહા અભિષેક યોજાશે. ભગવાન ગૌર-નિતાઈનો વૈદિક વિધિ અનુસાર ભવ્ય મહા અભિષેક કરવામાં આવશે. દૂધ, દહીં, ઘી, મધ, ફળરસ અને પવિત્ર જળથી અભિષેક સાથે મંત્રોચ્ચાર અને હરિનામ સંકીર્તનથી સમગ્ર મંદિર ભકિતમય બની જશે. ચૈતન્ય મહાપ્રભુજીનો ઈ.સ. જન્મ ૧૪૮૬માં નવદ્વીપ (પશ્ચિમ બંગાળ) ખાતે થયો હતો. તેઓ ભગવાન શ્રીકૃષ્ણના અવતાર તરીકે માનવામાં આવે છે. તેમણે "હરે કૃષ્ણ મહામંત્ર"ના જાપ અને સંકીર્તનનો પ્રચાર ભારતભરમાં કર્યો. નિત્યાનંદ પ્રભુ ભગવાન બલરામના અવતાર તરીકે માનવામાં આવે છે. તેઓ અતિ કૃપાળુ અને દયાળુ સ્વભાવના હતા. ભગવાન ગૌર-નિતાઈની દિવ્ય જોડીએ હરિનામ સંકીર્તન આંદોલન દ્વારા વિશ્વને પ્રેમ, એકતા અને આધ્યાત્મિક ઉન્નતિનો અમૂલ્ય સંદેશ આપ્યો. ગૌર-નિતાઈ પ્રભુ પર ફૂલવર્ષા કરવામાં આવશે. સર્વે ભકતજનો અને મહા અભિષેકનો લાભ લેવા હાર્દિક આમંત્રણ છે.

# મહિલા કોંગ્રેસ દ્વારા મેયર ચેમ્બર બહાર ઉગ્ર વિરોધ પ્રદર્શનઃ સૂત્રોચ્ચાર પોકાર્યા

## સરકારી જમણી પર મેયરના પતિદેવના ખડકેલા બાંધકામ મામલે કચેરી ગજવી

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર મહીલા કોંગ્રેસ દ્વારા કોર્પોરેશન કચેરી ખાતે મેયર ચેમ્બરની બહાર ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. મેયરના પતિદેવ દ્વારા સરકારી જમીન પર કરવામાં આવેલા ગેરકાયદેસર બાંધકામના મુદ્દે મહીલા કોંગ્રેસ દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. શહેરમાં વધી રહેલા ભ્રષ્ટાચાર અને સત્તાનો દુરુપયોગ સામે મહિલાઓ રસ્તા પર ઉતરી ન્યાયની માંગ કરી હતી.

શહેર મહીલા કોંગ્રેસ પ્રમુખ દીપ્તિબેન સોલંકીએ જણાવ્યું હતું કે મેયરના પતિદેવ દ્વારા સરકારી જમીન પર ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવ્યું હોવા છતાં આજદિન સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી, જે તંત્રની નિષ્ક્રિયતા અને મળતાવળ દર્શાવે છે. સામાન્ય નાગરિકો દ્વારા નાનામાં નાના નિયમભંગ માટે કાર્યવાહી કરવામાં આવે છે, પરંતુ સત્તાધીશો સાથે જોડાયેલા લોકો સામે કાર્યવાહી કરવામાં આવતી નથી, જે ભ્રષ્ટાચારનું જીવંત ઉદાહરણ છે. ભારતીય જનતા પાર્ટી ના શાસનમાં સત્તાનો દુરુપયોગ થઈ રહ્યો હોય એવું સ્પષ્ટ જણાઈ રહ્યું છે.



તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ સમગ્ર મામલો માત્ર એક ગેરકાયદેસર બાંધકામનો નથી પરંતુ ભ્રષ્ટાચાર અને સત્તાના દુરુપયોગનું પ્રતિક છે. જો સત્તાધીશો સાથે જોડાયેલા લોકો સામે કાર્યવાહી નહીં થાય તો કાયદા પર લોકોનો વિશ્વાસ નબળો પડશે. કાયદો દરેક માટે સમાન હોવો જોઈએ અને કોઈ પણ વ્યક્તિ કાયદાથી ઉપર નથી.

મહીલા કોંગ્રેસના બહેનો દ્વારા ખાસ કરીને આ મુદ્દે કડક વિરોધ નોંધાવવામાં આવ્યો હતો કે મહિલા મેયર તરીકે શહેરની પ્રથમ નાગરિક હોવા છતાં જો તેમના જ પરિવાર દ્વારા ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવે તો મહાનગર પાલિકા માં કેટલો ભ્રષ્ટાચાર થતો હશે? ગેરકાયદેસર કાર્યો સામે કાર્યવાહી ન થવી એ નૈતિક રીતે સ્વીકાર્ય નથી.

રાજકોટ શહેર મહીલા કોંગ્રેસ દ્વારા માંગ કરવામાં આવી હતી. આ ગેરકાયદેસર બાંધકામ પર બુલડોઝર તાત્કાલિક ફરવું જોઈએ અને જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે. મહીલા કોંગ્રેસ દ્વારા ચેતવણી આપવામાં આવી હતી કે જો આ મુદ્દે યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો આવનારા સમયમાં વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં રાજકોટ શહેર મહીલા કોંગ્રેસ પ્રમુખ દીપ્તિબેન સોલંકીની આગેવાનીમાંજયાબેન ચૌહાણ, દીપુ રવિયા હિરલબા રાઠોડ ચંદ્રિકાબેન વરણીયા કંચન બેન વાળા જયાબેન ટાંક મેરૂબેન કુરેશી ભાવનાબેન વાઘેલા વિભૂતિબેન ત્રિવેદી રેણુકાબેન પટેલમીનાબેન ચૌહાણ મહીલા કોંગ્રેસના હોદ્દેદારો તેમજ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ૧૪ પેઢીઓમાંથી ખજૂર, ધાણી, દાળિયા અને હાયડાના નમૂના લેતું કોર્પોરેશન

## શહેરના અલગ-અલગ વિસ્તારોમાં કોર્પોરેશન ફૂડ શાખાનું ચેકિંગ ૨૦ નમુના લઈ પરીક્ષણ અર્થે લેબમાં મોકલાયા

**અબતક, રાજકોટ**

હોળી- ધુળેટીના તહેવારમાં ખજૂર ,ધાણી, દાળિયા અને હાયડા સહિતની ચીજ વસ્તુઓનું વધુ માત્રામાં વેચાણ થતું હોય છે. જેને ધ્યાનમાં રાખી કોર્પોરેશનની ફૂડ શાખા દ્વારા શહેરના અલગ અલગ વિસ્તારોમાં ૧૪ વેપારી પેઢીઓને ત્યાં ચકાસણી હાથ ધરવામાં આવી હતી. ખાદ્ય સામગ્રીના ૨૦ નમૂના લઈ પરીક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હોવાનું જાણવા મળે રહ્યું છે

શહેરના કેનાલ રોડ પર પદ્મકુવરબા હોસ્પિટલની સામે સોના શિંગમાંથી લુઝ દાળિયા, રઘુવીર શિંગમાંથી લુઝ ધાણી અને લુઝ દાળિયા ગુંદાવાડી મેઈન રોડ પર ભારત પ્રોવિઝન સ્ટોર્સમાંથી લુઝ દાળિયા, અમૃત પ્રોવિઝન સ્ટોર્સમાંથી લુઝ હાયડા અને લુઝ ખજૂર, સોરઠીયાવાડી વિસ્તારમાં કિશન પ્રોવિઝન સ્ટોર્સમાંથી લુઝ હાયડા, કોઠારીયા રોડ પર જય ભવાની શિંગ એન્ડ બેકરીમાંથી શગુન ડેટ્સ ,ભોજા ભગત શાક માર્કેટ શોપિંગ સેન્ટરમાં બંસીધર પ્રોવિઝન સ્ટોર્સમાંથી લુઝ હાયડા,રઘુવીર પ્રોવિઝન સ્ટોર્સમાંથી લુઝ ધાણી,જીગ્નેશ ટ્રેડર્સમાંથી લુઝ દાળિયા,આઈશ્રી ખોડીયાર પ્રોવિઝન સ્ટોરમાંથી લુઝ ધાણી અને લુઝ ખજૂર,ગાયત્રીનગર મેઈન રોડ પર ધરતી અનાજ ભંડારમાંથી લુઝ ખજૂર, ગોપાલ જનરલ સ્ટોર માંથી લુઝ ધાણી, સાધુ વાસવાણી રોડ પર ગોપાલ ચોકમાં કિશોર સુપર માર્ટમાંથી વાહ તાજ ખજૂર,જલારામ દાળિયા અને જલારામ મસાલા દાળિયા જ્યારે ચંદન પાર્ક મેઈન રોડ પર પેરેડાઈઝ



હોલ પાસે ગણેશ પ્રોવિઝન સ્ટોરમાંથી લુઝ દાળિયાના નમુના લઈ પરીક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા.

# જે પણ જહાજ અમારા વિસ્તારમાંથી પસાર થશે તેને સળગાવી દેવાશે : ઈરાન

## ઈરાન વિસ્તારમાં હોર્મુઝ ખાડી બંધ થવાથી વિશ્વ વ્યાપાર ઠપ્પ થવાની ભીતિઃ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલ અને ગેસના ભાવોમાં તોતિંગ વધારો તેમજ ખાતર, કેમિકલ્સ અને લાઈમસ્ટોન જેવા મહત્વના કાચા માલની વૈશ્વિક અછત




**અબતક, રાજકોટ**

ઈરાન અને ઈઝરાયેલ-અમેરિકા વચ્ચે વધતા તણાવને કારણે વૈશ્વિક અર્થતંત્રમાં ખળભળાટ મચી ગયો છે. ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સએ હોર્મુઝની સામુદ્રધુની બંધ કરવાની સત્તાવાર જાહેરાત કરી છે હોર્મુઝની સામુદ્રધૂની એ પર્સિયન ગલ્ફ અને ઓમાનના અખાતને જોડતો એક સાંકડો દરિયાઈ માર્ગ છે. તેને વિશ્વનો સૌથી મહત્વનો 'ઓઈલ ચોકપોઈન્ટ' માનવામાં આવે છે

ઈરાનના સૈન્ય સલાહકાર ઈબ્રાહિમ જબારીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, ''જે પણ જહાજ આ માર્ગ પરથી પસાર થવાનો પ્રયાસ કરશે, તેને સળગાવી દેવામાં આવશે.'' રિવોલ્યુશનરી ગાર્ડ્સે દાવો કર્યો છે કે તેમણે અત્યાર સુધીમાં કેટલાક જહાજો પર હુમલો પણ કર્યો છે.

આ માર્ગ ખૂબ જ સાંકડો છે. જોકે તેની પહોળાઈ ૩૩ થી ૫૦ કિમી છે, પરંતુ મોટા જહાજો માટે સુરક્ષિત ગણાતા 'શિપિંગ લેન્સ' (લેન) માત્ર ૪ કિમી જેટલા જ પહોળા છે. ઈરાન આ સાંકડા માર્ગમાં સરળતાથી અડચણ ઊભી કરી શકે છે.

ઈરાન પાસે આ ભૌગોલિક વ્યૂહરચનાનો મોટો ફાયદો છે. ભલે તે આંતરરાષ્ટ્રીય કાયદાઓનું પાલન ન કરતું હોય, પરંતુ તે આ માર્ગનો ઉપયોગ અમેરિકા અને ઈઝરાયેલ જેવા દેશો પર દબાણ લાવવા માટે એક શસ્ત્ર તરીકે કરી રહ્યું છે.

### હોર્મુઝની સામુદ્રધૂની બ્લોક થવાથી વિશ્વ પરની અસરો

હોર્મુઝની સામુદ્રધૂની બંધ થવાથી વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલ અને ગેસના ભાવમાં મોટો ઉછાળો આવશે, જેના કારણે પેટ્રોલ-ડીઝલ મોંઘા થશે. યુદ્ધના જોખમને લીધે દરિયાઈ જહાજોનું વીમા પ્રીમિયમ વધી જશે, જે આંતરરાષ્ટ્રીય વેપારને વધુ ખર્ચાળ બનાવશે. આ ઉપરાંત, વિશ્વના ૩૩% ખાતર અને ૨૯% કેમિકલ્સનો વેપાર આ માર્ગે થતો હોવાથી ખેતી અને ઉદ્યોગોમાં જરૂરી ચીજવસ્તુઓની ભારે અછત સર્જાશે, જેની સીધી માઠી અસર ભારત જેવા દેશોની અર્થવ્યવસ્થા પર પડશે.

### હોર્મુઝની સામુદ્રધુની કેમ મહત્વની છે?

આ જળમાર્ગ વિશ્વના સૌથી વ્યસ્ત અને વ્યૂહાત્મક માર્ગોમાંનો એક છે વિશ્વમાં વપરાતા કુલ તેલનો લગભગ ૨૦% (પાંચમો ભાગ) હિસ્સો અહીંથી પસાર થાય છે. દરરોજ અંદાજે ૨ કરોડ બેરલ તેલ અહીંથી નિકાસ થાય છે.કતાર તેનો મોટાભાગનો લિક્વિફાઈડ નેચરલ ગેસ આ માર્ગે જ મોકલે છે.સાઉદી અરેબિયા, ઈરાક, કુવૈત અને સંયુક્ત આરબ અમીરાત જેવા મોટા તેલ ઉત્પાદક દેશો આ માર્ગ પર નિર્ભર છે.

### ભારત પર શું અસર થશે?

ભારત પોતાની જરૂરિયાતનું મોટાભાગનું તેલ ગલ્ફ દેશોમાંથી આયાત કરે છે.જો આ માર્ગ લાંબા સમય સુધી બંધ રહે, તો કાચા તેલના ભાવ ૧૦૦ ડોલર પ્રતિ બેરલ ને વટાવી શકે છે, જેનાથી ભારતમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો થઈ શકે છે.ભારત અહીંથી ચોખા અને અન્ય ચીજવસ્તુઓની નિકાસ પણ કરે છે, જે અટકી શકે છે.

# કોણ છે આશા જાડેજા જેની ટ્રમ્પ સાથેની બે કલાકની બેઠક પછી યુદ્ધ કરવામાં આવ્યું

## યુદ્ધ પહેલા માર-એ-લાગો ખાતે સ્ટીવ વિટકોફ, રૂબિયો અને હેગસેથ જેવા મોટા અધિકારીઓ સતત 'વોર રૂમ' અને ટ્રમ્પ વચ્ચે દોડધામ કરી રહ્યા હતા

**અબતક,રાજકોટ**

ભારતીય મૂળના જાણીતા વેન્ચર કેપિટલિસ્ટ આશા જાડેજા મોટવાણીએ સોશિયલ મીડિયા પર એક ચોંકાવનારી વિગત શેર કરી છે. તેમણે જણાવ્યું કે અમેરિકાએ જ્યારે ઈરાન પર હુમલો કરવાનો અને તમામ વાટાઘાટો બંધ કરવાનો ઐતિહાસિક નિર્ણય લીધો, તેના ગણતરીના કલાકો પહેલા જ તેઓ પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે માર-એ-લાગો ખાતે હાજર હતા. આશા મોટવાણીએ જણાવ્યું કે જે રાત્રે દુનિયાનો ઈતિહાસ બદલાઈ રહ્યો હતો, તે રાત્રે તેમણે ટ્રમ્પ સાથે ૨ કલાક ગાળ્યા હતા.

આ ઓપરેશનમાં ઈઝરાયેલની સેના મુખ્ય ભૂમિકા ભજવી રહી છે. માર-એ-લાગો ખાતે સ્ટીવ વિટકોફ, રૂબિયો અને હેગસેથ જેવા મોટા અધિકારીઓ સતત 'વોર રૂમ' અને ટ્રમ્પ વચ્ચે દોડધામ કરી રહ્યા હતા. આ યુદ્ધ ઈરાક જેવું લાંબુ નહીં ચાલે, તેમના ૪ લક્ષ્યો છે. કે ઈરાનની મિસાઈલ શકિતને ખતમ કરવી, ઈરાની નૌકાદળને નેસ્તનાબૂદ કરવું, ઈરાન ક્યારેય પરમાણુ હથિયાર ન બનાવી શકે તે જોવું, આતંકવાદી સંગઠનોને મળતી ઈરાનની મદદ રોકવી. અમેરિકા હવે 'નેશન બિલ્ડિંગ' (દેશ સુધારવા) ના બદલે 'ટાર્ગેટેડ એટેક' (ચોક્કસ લક્ષ્ય પર હુમલો) કરવાની નવી નીતિ અપનાવી રહ્યું છે. આશા જાડેજા મોટવાણીએ ખુલાસો કર્યો છે કે, જે રાત્રે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સામે યુદ્ધ છેડવાનો અને તમામ વાતચીત બંધ કરવાનો મોટો નિર્ણય લીધો, તે રાત્રે તેઓ ટ્રમ્પ સાથે જ હતા. ફ્લોરિડાના 'માર-એ-લાગો' રિસોર્ટમાં ટ્રમ્પ અને તેમની ખાસ ટીમ 'વોર રૂમ' માં વ્યસ્ત હતો. આ ઓપરેશનમાં ઈઝરાયેલ મુખ્ય ભૂમિકા ભજવી રહ્યું છે.



### આશા જાડેજા મોટવાણી કોણ છે ?

તેમનો જન્મ અને ઉછેર અમદાવાદ, ગુજરાતમાં થયો હતો. તેમણે પોતાનું પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણ અમદાવાદમાં જ પૂર્ણ કર્યું હતું. ત્યારબાદ તેઓ વધુ અભ્યાસ માટે અમેરિકા ગયા હતા. તેમના પિતા પ્રોફેસર હતા. આશા જાડેજાના લગ્ન સ્વર્ગસ્થ રાજીવ મોટવાણી સાથે થયા હતા, જેઓ સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં પ્રોફેસર હતા અને Google ના સ્થાપકોના ગુરુ અને મેન્ટર ગણાતા હતા. તેઓ સિલિકોન વેલી (અમેરિકા) માં એક અત્યંત શક્તિશાળી વેન્ચર કેપિટલિસ્ટ અને પરોપકારી તરીકે જાણીતા છે. તેઓ ખાસ કરીને ટેકનોલોજી, શિક્ષણ અને ભારત-અમેરિકાના સંબંધોને મજબૂત કરવા માટે કામ કરે છે.

# ઈઝરાયેલ - અમેરિકા અને ઈરાનનું યુદ્ધ હવે વધુ વળાંક લેશે :હિઝબુલ્લાહ

## અમેરિકાએ અત્યાર સુધીમાં ૧,૦૦૦ થી વધુ ઠેકાણાઓ પર બોમ્બમારો કર્યો છે અને હજુ વધુ સૈન્ય મોકલી રહ્યું છે

**અબતક,રાજકોટ**

અમેરિકા અને ઈઝરાયેલે ઈરાન સામે સીધું યુદ્ધ છેડી દીધું છે. ઈરાન તરફથી ખાડી દેશો પર સતત મિસાઈલ અને ડ્રોન હુમલા થઈ રહ્યા છે. આ દરમિયાન લેબનોનના સંગઠન 'હિઝબુલ્લાહ' એ ઈઝરાયેલ પર હુમલો કરતા ઈઝરાયેલે વળતો પ્રહાર કરી લેબનોનને પણ આ યુદ્ધમાં ખેંચી લીધું છે. આ યુદ્ધમાં અમેરિકાના ૪ સૈનિકોના મોત થયા છે, જ્યારે કુવૈતે ભૂલથી અમેરિકાના જ ત્રણ ફાઈટર જેટ તોડી પાડ્યા હતા . અમેરિકાએ અત્યાર સુધીમાં ૧,૦૦૦ થી વધુ ઠેકાણાઓ પર બોમ્બમારો કર્યો છે અને હજુ વધુ સૈન્ય મોકલી રહ્યું છે.

બ્રિટને પણ અમેરિકાને સાથ આપતા તેના સાયપ્રસ સ્થિત બેઝ પર હુમલો થયો છે.અત્યાર સુધી જે સંઘર્ષ છૂટોછવાયો હતો, તે હવે પૂરા સ્તરે મહાયુદ્ધમાં ફેરવાઈ ગયો છે જેમાં અમેરિકા, ઈઝરાયેલ, ઈરાન, લેબનોન અને બ્રિટન જેવા દેશો સીધી રીતે સામેલ થઈ ગયા છે. જે રીતે એક પછી એક દેશો (લેબનોન, બ્રિટન, કુવૈત) આમાં જોડાઈ રહ્યા છે, તે વૈશ્વિક શાંતિ માટે ખતરો છે. લેબનોનમાં સરકાર કરતાં પણ વધુ શકિતશાળી સંગઠન 'હિઝબુલ્લાહ' છે. હિઝબુલ્લાહને ઈરાન તરફથી પૂરેપૂરું સમર્થન, હથિયારો અને પૈસા મળે છે. જ્યારે ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યું, ત્યારે ઈરાનના ઈશારે હિઝબુલ્લાહે ઈઝરાયેલ પર ઉત્તર દિશામાંથી હુમલા શરૂ કર્યા. આના કારણે ઈઝરાયેલે વળતો પ્રહાર લેબનોન પર કરવો પડ્યો. લેબનોન એક દેશ તરીકે કદાચ યુદ્ધ નહોતું ઈચ્છતું, પણ તેના દેશમાં સક્રિય હિઝબુલ્લાહ સંગઠન ઈરાનનું વફાદાર હોવાથી તેણે ઈઝરાયેલ પર હુમલા કર્યા. જવાબમાં ઈઝરાયેલે લેબનોન પર બોમ્બમારો કર્યો, એટલે હવે લેબનોન આ યુદ્ધનું નવું મેદાન બની ગયું છે.

# ઓપરેશન સિંદૂરની જેમ નૂર ખાન ખેદાન મેદાન : અફઘાન તાલિબાનીઓ

**અબતક,રાજકોટ**

પહલગામ હુમલાના જવાબમાં પાકિસ્તાનના એરબેઝ પર મિસાઈલ એટેક કર્યા હતા, હવે તાલિબાન પણ એ જ રસ્તે છે, જે બતાવે છે કે પાકિસ્તાનની હવાઈ સુરક્ષા નબળી છે અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ છે. અફઘાનિસ્તાનના તાલિબાન શાસને દાવો કર્યો છે કે તેમણે પાકિસ્તાનના સૌથી મહત્વના સૈન્ય મથકો, ખાસ કરીને રાવલપિંડીમાં આવેલા નૂર ખાન એરબેઝ પર સચોટ હવાઈ હુમલા કર્યા છે. આ હુમલામાં પાકિસ્તાનને મોટું નુકસાન થયું હોવાનો દાવો છે. ૧ માર્ચના રોજ પાકિસ્તાની ફાઈટર જેટ્સે અફઘાનિસ્તાનના બાગ્રામ એરફિલ્ડ (જે પહેલા અમેરિકાનું હતું) પર બોમ્બમારો કરવાનો પ્રયાસ કર્યો હતો. તાલિબાને દાવો કર્યો કે તેમણે પાકિસ્તાની મિસાઈલોને હવામાં જ તોડી પાડી અને બદલામાં પાકિસ્તાનની અંદર ઘૂસીને હુમલા કર્યા. સોશિયલ મીડિયા પર તાલિબાને વીડિયો શેર કર્યો છે, જેમાં તેમનું 'કામિકાઝે' ડ્રોન પાકિસ્તાનના નૂર ખાન એરબેઝ પર ત્રાટકતું દેખાય છે. આ ઉપરાંત ક્વેટા અને મોહમંદ એજન્સીમાં પણ પાકિસ્તાની સૈન્ય મથકો પર હુમલા થયા છે. અફઘાનિસ્તાને દાવો કર્યો છે કે તેમણે જલાલાબાદ પાસે પાકિસ્તાનનું એક ફાઈટર જેટ તોડી પાડ્યું છે અને તેના પાયલટને જીવતો પકડી લીધો છે. પાકિસ્તાન જે તાલિબાનને અત્યાર સુધી પોતાના સાથી ગણતું હતું, આજે તે જ તાલિબાન પાકિસ્તાનના ઘર સુધી પહોંચી ગયા છે. રાવલપિંડી એ પાકિસ્તાની સેનાનું મુખ્ય મથક છે, ત્યાં હુમલો થવો એ પાકિસ્તાન માટે બહુ મોટી સુરક્ષા ખામી અને શરમજનક બાબત છે. બીજી મહત્વની વાત એ છે કે, આ એ જ એરબેઝ છે જેના પર મે ૨૦૨૫માં ભારત દ્વારા 'ઓપરેશન સિંદૂર' હેઠળ હુમલો કરવામાં આવ્યો હતો. ગયા વર્ષે ભારતે પહલગામ હુમલાના જવાબમાં પાકિસ્તાનના આ જ એરબેઝ પર મિસાઈલ એટેક કર્યા હતા. હવે તાલિબાન પણ એ જ રસ્તે છે, જે બતાવે છે કે પાકિસ્તાનની હવાઈ સુરક્ષા નબળી પડી છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ફરીથી બાગ્રામ એરબેઝ મેળવવા માંગે છે કારણ કે તે ચીનની ન્યુક્લિયર ફેક્ટરીઓની નજીક છે. આ સ્થિતિમાં આ વિસ્તારમાં ફરી મોટું યુદ્ધ ફાટી નીકળવાની ભીતિ છે.પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે હવે 'ખુલ્લું યુદ્ધ' શરૂ થઈ ગયું છે, જેની અસર સમગ્ર દક્ષિણ એશિયાની શાંતિ પર પડી શકે છે.

# ક્રૂડની સાથે ખાદ્ય તેલના ભાવ પણ આસમાને આંબશેઃ મોંઘવારી માઝા મુકશે

## સિંગતેલ, કપાસિયા અને પામ તેલના ડબ્બાના ભાવમાં તોતિંગ વધારો ઝીંકાયો, આગામી દિવસોમાં હજુ પણ ભાવ વધવાની શક્યતા

**અબતક, નવી દિલ્હી**

મોંઘવારીનો માર સહન કરી રહેલી સામાન્ય જનતા અને ગૃહિણીઓને વધુ એક મોટો ફટકો પડ્યો છે. જથ્થાબંધ બજારમાં ખાદ્યતેલના ભાવમાં અચાનક મોટો ઉછાળો જોવા મળ્યો છે. સિંગતેલ, કપાસિયા તેલ, પામ તેલ અને સનફ્લાવર તેલ સહિતના તમામ ખાદ્યતેલોના ભાવ આસમાને પહોંચી ગયા છે, જેના કારણે રસોડાનું બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે.



સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારમાં સર્જાયેલી અછત તેમજ સપ્લાય ચેનમાં વિક્ષેપના કારણે ખાદ્યતેલના ભાવમાં ભડકો થયો હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે. ખાસ કરીને વિદેશથી આયાત થતા પામ તેલ અને સનફ્લાવર તેલના આયાત ખર્ચ અને ડ્યૂટીમાં થયેલા ફેરફારોની સીધી અસર સ્થાનિક બજાર પર જોવા મળી રહી છે. સૌરાષ્ટ્રના ઓઈલ મિલરોના જણાવ્યા અનુસાર, કાચા માલની અછત અને બજારમાં માલની આવક ઘટવાના કારણે પિલાણ માટે પૂરતો માલ મળી રહ્યો નથી.

ખાદ્યતેલના ભાવમાં અચાનક થયેલા આ વધારાથી છૂટક બજારમાં પણ ૧૫ કિલોના ડબ્બા પાછળ સરેરાશ ૫૦ થી ૧૫૦ રૂપિયા સુધીનો વધારો નોંધાયો છે. આગામી સમયમાં આવનારા તહેવારો અને માંગને જોતા જો સરકાર દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં નહીં આવે તો ભાવ હજુ પણ ઊંચા જવાની પૂરેપૂરી શક્યતા છે.

આ ભાવવધારાની સૌથી ખરાબ અસર મધ્યમ વર્ગ અને ગરીબ પરિવારો પર પડી રહી છે. ગૃહિણીઓનું કહેવું છે કે શાકભાજી અને કઠોળ બાદ હવે ખાદ્યતેલના ભાવ આસમાને પહોંચતા ઘર ચલાવવું મુશ્કેલ બની ગયું છે. બીજી તરફ, ફરસાણ, નમકીન અને હોટલ-રેસ્ટોરન્ટના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓ પણ ચિંતામાં મુકાયા છે. તેલના ભાવ વધતા સીધી રીતે જ તૈયાર નાસ્તા અને ફરસાણના ભાવો પર તેની અસર પડવાની ભીતિ સેવાઈ રહી છે, જેનાથી સામાન્ય માણસના ખિસ્સા પર આર્થિક બોજ હજુ વધુ વધશે.

ખાદ્યતેલના આ બેફામ ભાવવધારાને કાબૂમાં લેવા માટે લોકો અને ગ્રાહક સુરક્ષા સંસ્થાઓ દ્વારા સરકાર પાસે તાત્કાલિક હસ્તક્ષેપની માંગ કરવામાં આવી રહી છે. નાગરિકોની અપીલ છે કે સરકાર દ્વારા આયાત ડ્યૂટીમાં ઘટાડો કરવામાં આવે અથવા સસ્તા અનાજની દુકાનો મારફતે રાહત દરે તેલનું વિતરણ શરૂ કરવામાં આવે જેથી સામાન્ય જનતાને થોડી રાહત મળી શકે. આ ઉપરાંત, બજારમાં કોઈ મોટા વેપારીઓ કે સંગ્રહખોરો દ્વારા કૃત્રિમ અછત ઊભી કરીને કાળાબજારી કરવામાં ન આવે તે માટે વહીવટી તંત્ર અને પુરવઠા વિભાગ દ્વારા સઘન ચેકિંગ અને કડક કાર્યવાહી કરવામાં આવે તે પણ અત્યંત જરૂરી બન્યું છે.

### ક્યા તેલમાં કેટલો વધારો આવશે (અંદાજીત)?

**સિંગતેલ (૧૫ કિલો ડબ્બો):** ૫૦થી ૮૦ રૂપિયાનો ઉછાળો
**કપાસિયા તેલ (૧૫ લીટર ડબ્બો):** ૪૦થી ૭૦રૂપિયાનો ઉછાળો
**પામ તેલ (૧૫ લીટર ડબ્બો):** ૮૦થી ૧૨૦ રૂપિયાનો ઉછાળો
**સનફ્લાવર તેલ (૧૫ લીટર ડબ્બો):** ૬૦થી ૧૦૦ રૂપિયાનો ઉછાળો

### વેપારીઓ અને નિષ્ણાતોનું શું કહેવું છે?

જથ્થાબંધ બજારના મોટા વેપારીઓ અને માર્કેટ નિષ્ણાતોના મતે, આંતરરાષ્ટ્રીય સ્તરે ખાદ્યતેલના ઉત્પાદક દેશોમાં વાતાવરણના ફેરફાર અને નિકાસ નીતિઓમાં આવેલા બદલાવને કારણે ગ્લોબલ સપ્લાયમાં ઘટાડો નોંધાયો છે. વધુમાં, સ્થાનિક બજારમાં નવી સિઝનની આવકમાં હજુ વાર હોવાથી માલની શોર્ટેજ ઊભી થઈ છે. સપ્લાય ઓછી અને ડિમાન્ડ વધુ હોવાનું આ સીધું ગણિત ખાદ્યતેલના ભાવવધારા માટે જવાબદાર છે.

# રાજકોટ જિલ્લા ભાજપની કારોબારી જાહેરઃ ૬૯ આગેવાનોને સ્થાન

## પૂર્વ સાંસદ-પૂર્વ ધારાસભ્ય સહિત ૧૫ નેતાઓને વિશેષ આમંત્રીત સભ્ય બનાવાયા

**અબતક,રાજકોટ**

રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા, મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, અને રવિભાઈ માંકડીયાએ જિલ્લા ભાજપના કારોબારી સભ્ય તથા વિશેષ આમંત્રીત સભ્યઓની નિમણુંક કરવામાં આવી છે.

કારોબારી સભ્ય તરીકે રાણીબેન ચંદ્રવાડીયા, લલીતભાઈ પાદરીયા, કિરીટભાઈ જાવીયા, દિલીપસિંહ વાળા, કંચનબેન બગડા, વસંતબેન મકવાણા, હંસાબેન દાફડા, ઈન્દ્રવિજયસિંહ ચુડાસમા, ચંદ્રીકાબેન મકવાણા નિર્મળાબેન તડવી, દિનેશભાઈ અમૃતીયા, મુકતાબેન વઘાસીયા, પ્રવિણાબેન રંગાણી, કિરીટભાઈ સાપરીયા, અજેન્દ્રભાઈ પરમાર, જયોસ્તનાબેન પાનસૂરીયા, મનીષાબેન ગોવાણી, કરણસિંહ જાડેજા, પૂર્વીતાબેન કુબાવત, ભરતભાઈ સિંઘલ, ગોવિંદભાઈ રાણપરીયા, કિશોરભાઈ શાહ, પ્રજ્ઞાબેન કામદાર, બિંદીયાબેન મકવાણા, કાજલબેન ઉંઘાડ, દિનકરભાઈ ગુંદારીયા, લાલજીભાઈ આહું, અસ્મિતાબેન રાખોલીયા, ભગવાનજીભાઈ રામાણી, અમિતભાઈ પડાળીયા, જસમતભાઈ સાંગાણી, રાજુભાઈ સાવલીયા, દક્ષાબેન દુધાત્રા, વિનુભાઈ ઠુંમર, સલીમભાઈ પતાણી, સહદેવસિંહ જાડેજા, સીમાબેન જોશી, મનસુખભાઈ સરધારા, ભાનુબેન મેતા, નીતીનભાઈ ઢાંકેચા, કમલેશભાઈ રોકડ, જયેશ બોધરા, જસ્મીનભાઈ પીપળીયા, જીજ્ઞાબેન પટેલ, કોકિલાબેન બકુલભાઈ જયસ્વાલ, હંસાબેન જીતુભાઈ જીવાણી, બાબુભાઈ નસીત, તળશીભાઈ તાલપરા, પ્રાગજીભાઈ કાકડીયા, મુકેશભાઈ તળપદા, હઠીસિંહ જાડેજા, પરસોતમભાઈ સાવલીયા, ચંદુભાઈ કચ્છી, પંકજભાઈ ચાંવ, રેખાબેન પરમાર, રમાબેન મકવાણા, સોનલબેન વસાણી, ગીરધરભાઈ વેકરીયા, અનસોયાબેન છગનભાઈ ભોજાણી, ભીખાભાઈ રોકડ, ભુપતભાઈ વાળા, મનુભાઈ લાવડીયા, વલ્લભભાઈ રામાણી, ખોડાભાઈ ખસીયા, મનસુખભાઈ રામાણી, ગજેન્દ્રભાઈ રામાણી, ભાવનાબેન રૂપેશભાઈ ઠુંમર, બાબુભાઈ ગોહિલ અને હનુભાઈ ડેરવાળીયાની નિયુકતી કરાય છે.





વિશેષ આમંત્રીત સદસ્ય તરીકે હરિભાઈ પટેલ, પ્રવીણભાઈ માંકડીયા, ચંદુભાઈ શિંગાળા, જયરાજસિંહ જાડેજા, દેવશીભાઈ ટાઢાણી, સત્યજીતકુમાર ખાચર, જશુમતીબેન કોરાટ, મનસુખભાઈ ખાચરીયા, વી.ડી. પટેલ, ડી.કે. સખીયા, નાગદાનભાઈ ચાવડા, ભુપતભાઈ બોદર, ચેતનભાઈ રામાણી, લાખાભાઈ સાગઠીયા અને રવજીભાઈ સરવૈયાની નિયુકતી કરાઈ છે.

# મવડી-કણકોટ રોડ પર ડ્રિમ સિટી એપાર્ટમેન્ટમાં આગ : ૨૫ થી વધુ વાહનો બળીને ખાખ

## પાર્કિંગમાં રાત્રીના ૧૨:૪૦ વાગ્યાં આસપાસ આગ ભભુકતા અફરાતફરી : વૃદ્ધા અને દિવ્યાંગને રેસ્ક્યુ કરાયા, સદનસીબે કોઈ જાનહાની નહિ





### વિજમીટરમાં શોર્ટ સર્કિટ થતાં આગ લાગ્યાનું પ્રાથમિક તારણ : બાદ ઈ.સ્કૂટરમાં ધડાકા થતાં વાહનો-સાઈકલ આગની ચપેટમાં આવી ગયા

**અબતક, રાજકોટ**

મવડી-કણકોટ રોડ પર સ્મશાન નજીક આવેલ ડ્રિમ સીટી એપાર્ટમેન્ટના ઈ-વિંગમાં ગત મોડી રાત્રે ૧૨:૪૦ વાગ્યાં આસપાસ ભીષણ આગ લાગતા રહેવાસીઓમાં નાસભાગ મચી જવા પામી હતી. અગીયાર માળના એપાર્ટમેન્ટના પાર્કિંગમાં લાઈટના મીટર પાસે રખાયેલા બે બાઈકમાં આગ લાગ્યા બાદ ધડાકા થયા હતાં અને બાદમાં આગ આગળ વધી જતાં બીજા વાહનો પણ લપેટમાં આવી જતાં ૨૫ જેટલા ટુવ્હીલર અને ૭ જેટલી સાઈકલો બળી ગયા હતાં. વિજમીટરમાં શોર્ટ સર્કિટથી આગ લાગ્યાનું પ્રાથમિક તારણ સામે આવ્યુ છે. ફાયર બ્રિગેડના સ્ટાફે તાકીદે અહીં પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો. આગ દરમિયાન અહીં રહેતા મહિલા સહિત બે લોકોને ગભરામણ થતા તેમને રેકસ્યુ કરી બહાર કાઢવામાં આવ્યા હતાં.

**ફાયર બ્રિગેડની ટીમે પોણા બે કલાક સુધી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો : પોલિસ, એમ્બયુલન્સ, પીજીવીસીએલની ટીમો પણ દોડી**

આગની આ ઘટના અંગે જાણવા મળતી વિગતો મુજબ, મવડી કણકોટ રોડ પર ડ્રીમ સીટી ઈ-વીંગમાં પાર્કિંગમાં મોડી રાતે વાહનોમાં આગ ભભૂકી ઉઠી હતી. આગની ઘટના અંગે હરેશભાઈ યાજ્ઞિકે કરતાં ફાયર બ્રિગેડને જાણ કરતા મવડી ફાયર સ્ટેશનના અધિકારીઓ, જવાનો તાબડતોબ ફાયર ફાઈટર સાથે પહોંચ્યા હતાં અને ત્રીસથી ચાલીસ મિનીટ પાણીનો મારો ચલાવી આગ બુઝાવી નાંખી હતી. આગમાં ૨૫થી ૩૦ ટુવ્હીલર સંપુર્ણ બળીને ખાખ થઈ ગયા હતાં. જયારે ૫ થી ૭ જેટલી સાયકલો પણ બળી ગઈ હતી.

આગની આ ઘટના દરમિયાન રહેવાસીઓની મદદથી બીજા આઠથી દસ વાહનોને સલામત સ્થળે ખસેડી આગની લપેટમાં આવતા બચાવી લેવાય હતાં. રહેવાસી નવીનભાઈ ત્રિકમલાલ ભેંસદડીયાના કહેવા મુજબ ફાયર બ્રિગેડની ટીમોએ ઝડપથી કામગીરી કરી આગ કાબુમાં લીધી હતી. જેના કારણે સામેની સાઈડમાં પાર્ક કરાયેલી પાંચ સાત કાર બચી ગઈ હતી. અન્ય રહેવાસીઓના જણાવ્યા મુજબ વિજ મીટરમાં શોર્ટ સર્કિટ થવાથી બ્લાસ્ટ થયા બાદ આગ ભભૂકી હતી અને બાજુમાં જ બાઈક પડયા હોઈ તેમાં તણખા જતાં આગની ચપેટમાં આવી ગયા હતા. જોત જોતામાં બીજા વાહનો પણ લપેટમાં આવી ગયા હતાં.

સદભાગ્યે આગની આ ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી. ઈ-વીંગ ૯મા માળે રહેતાં શોભનાબેન બિમાર હોય આગને કારણે ઈલેક્ટ્રીક પાવર સપ્લાય બંધ થતાં તેમને ગભરામણ થતાં અને ૮મા માળે રહેતાં હેન્ડીકેપ પિન્ટુભાઈ કાલરીયાને પણ ગભરામણ થતાં સ્ટ્રેચર મારફત બંનેને રેસ્ક્યુ કરી નીચે ઉતારવામાં આવ્યા હતાં. બનાવ વખતે ઈ-

(અનુ. આઠમા પાને)



### આગ લાગવાનું સચોટ કારણ જાણવા એફએસએલની મદદ લેવાઈ

ડ્રિમ સીટી એપાર્ટમેન્ટમાં વિજ મીટરમાં શોર્ટ સર્કિટ થતાં આગ લાગ્યાનું પ્રાથમિક તારણ હાલ સામે આવ્યું છે. શોર્ટ સર્કિટ બાદ ઈલેક્ટ્રિક સ્કૂટરમાં પણ બ્લાસ્ટ થયો હતો અને પરિણામે આગએ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. જો કે, હવે આગ લાગવાનું સચોટ કારણ જાણવા તાલુકા પોલિસે એફએસએલની મદદ લેવા તજવીજ આદરી છે.

### આગની ઘટના બાદ ભયભીત થયેલા રહેવાસીઓએ હીજરત કરી

ગત રાત્રીના ડ્રિમ સીટી એપાર્ટમેન્ટમાં આગ લાગ્યા બાદ પોણા બે કલાકની જહેમત બાદ આગ પર કાબુ મેળવાયો હતો. જેમાં ૨૫ થી વધુ વાહનો અને પાંચથી વધુ સાઈકલ બળીને ખાખ થઈ ગયા હતા. જો કે, સદનસીબએ કોઈ જાનહાની થઈ ન હતી પણ ભયભીંત થયેલા રહેવાસીઓએ આજે સવારથી જ ફ્લેટ ખાલી કરી હીજરત શરૂ કરી દીધી હતી.

### પંચાયત ચોકમાં ફરસાણની દુકાનમાં વિકરાળ આગ

પંચાયત ચોકમાં આવેલી કૈલાસ ફરસાણ એન્ડ સ્વીટ્સ નામની દૂકાનમાં રાતે સવા ત્રણેક વાગ્યે આગ ભભૂકતાં રજનીકાંતભાઈ પ્રવિણચંદ્રભાઈ સગાણીએ જાણ કરતાં ફાયર બ્રિગેડના તેજસભાઈ, અનિલભાઈ, નવજીતસિંહ, જીગરદાન, રાજેશભાઈ લાલજીભાઈ સહિતે પહોંચી આગ કાબુમાં લીધી હતી. જો કે એ પહેલા મોટી નુકસાની થઇ ચુકી હતી. ત્રીસથી છત્રીસ મિનીટની જહેમત બાદ આગ કાબુમાં આવી હતી. દુકાનમાં ત્રણ એલપીજી ગેસના સિલીન્ડર હતાં જે સમયરસર બહાર કાઢી લેવાયા હતાં. બે માળની આ દુકાનમાં આગને કારણે ઈલેક્ટ્રીક વાયરીંગ, કોમ્પ્યુટર, દુકાનનો તમામ સામાન બળી ગયા હતાં. દુકાન માલિકના કહેવા મુજબ અંદાજે ચારથી પાંચ લાખની નુકસાની થઈ છે. આગ શોર્ટ સરકિટથી લાગી હતી.સદભાગ્યે કોઇ જાનહાની થવા પામી નથી.

# ઓપન ગુજરાત ડે-નાઈટ ફૂટબોલ ટુર્નામેન્ટમાં એઆરએએફસી ટીમ બની ચેમ્પિયન

## ઈન્કમટેક્સ ટીમ રહી રનર્સઅપ: વિજેતા ટીમને એક લાખ અને રનર્સઅપ ટીમને પચાસ હજારનું ઈનામ એનાયત





**અબતક, રાજકોટ**

રાજકોટ ખાતે આયોજિત ૧૪મો ઓપન ગુજરાત ડે-નાઈટ ફૂટબોલ ટુર્નામેન્ટ-૨૦૨૬, રાજકોટ સિટી પોલીસ અને જ્યોતિ સીએનસીના સહયોગથી સફળતાપૂર્વક પૂર્ણ થયો. આ પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટની શરૂઆત વર્ષ ૨૦૧૨માં તે સમયના જે.ટી. સી.પી. કે. એલ. રાવ દ્વારા કરવામાં આવી હતી અને ત્યારથી દર વર્ષે યોજાતી આ ટુર્નામેન્ટ ફૂટબોલ પ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહી છે.

૨૨ ફેબ્રુઆરીથી ૧ માર્ચ ૨૦૨૬ દરમિયાન યોજાયેલી આ ટુર્નામેન્ટમાં કુલ ૧૩ પ્રતિષ્ઠિત ટીમોએ ભાગ લીધો હતો. આ ટુર્નામેન્ટના અંતિમ દિવસે ફાઈનલ મુકાબલો એઆરએ એફસી-અમદાવાદ અને ઈન્કમ ટેક્સ-અમદાવાદની ટીમ વચ્ચે રમાયો હતો. જેમાં ગત વર્ષની ચેમ્પિયન ટિમ એઆરએ એફસી ટીમે ૨-૧થી વિજય મેળવી ચેમ્પિયનશિપ પોતાના નામે કરી હતી. એઆરએ એફસી માટે અમન શાહ અને નીરજ (નોરજ) કુમારે ગોલ નોંધાવ્યા હતા. જ્યારે ઈન્કમટેક્સ અમદાવાદ તરફથી તોતન દાસે એક ગોલ કર્યો હતો. સેમિફાઈનલ સુધી પહોંચનાર અન્ય ટીમોમાં એચ.આર. મેડમ, જામનગર અને સેન્ટ જોસેફ, અમદાવાદનો સમાવેશ થયો હતો.

આ ભવ્ય સમાપન સમારોહ પ્રસંગે રોલેક્સ રીંગ્સના સીએમડી મનીષભાઈ માડેકા, મુખ્ય સ્પોન્સર જ્યોતિ સીએનસી વતી કૌશિકભાઈ સોલંકી, સરગમ કલબના ગુણુભાઈ ડેલાવાળા, ગાર્ડી સ્કૂલના ડી.વી. મહેતા, ડો.અમિત હાપાણી, પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા સાહેબ, એડિશનલ કમિશનર મહેંદ્ર બગરીયા સાહેબ, ડી.સી.પી. જગદીશ બાંગરવા સાહેબ, ડી.સી.પી. હેતલબેન પટેલ અને ડી.સી.પી. સુધીર દેસાઈ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોના હસ્તે વિજેતા ટીમને રૂ.૧,૦૦,૦૦૦ તથા રનર-અપ ટીમને રૂ.૫૧,૦૦૦ની રોકડ રકમ એનાયત કરવામાં આવી. સેમિફાઈનલ સુધી પહોંચનાર ટીમોને રૂપિયા ૭,૦૦૦નું પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત વ્યક્તિગત શ્રેષ્ઠ પ્રદર્શન બદલ ખેલાડીઓને વિશેષ પુરસ્કાર પણ અપાયા હતા. જેમાં શ્રેષ્ઠ ગોલકીપરનું ઈનામ સત્યજીત બારડોલી

(અનુ. આઠમા પાને)

# આત્મીય યુનિવર્સિટીમાં ‘એ.યુ. ઉત્સવમાં’ ૧૭૦૦ વિદ્યાર્થીઓએ કૌશલ્યના કામણ પાથર્યા

## પુસ્તકિયા જ્ઞાનની સાથે વ્યવહારૂ ઘડતર માટે ટેકનિકલ અને બૌદ્ધિક સ્પર્ધાઓનું વિશેષ આયોજન; સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરતો લોકડાયરો બન્યો આકર્ષણનું કેન્દ્ર





**અબતક, રાજકોટ**

વિદ્યાર્થીઓ માત્ર શિક્ષણ જ નહીં, પરંતુ વ્યવહારુ જીવનમાં પણ સુઘડ અને સુદ્રઢ બને તેવા ઉમદા આશય સાથે આત્મીય યુનિવર્સિટી દ્વારા ૨૭ અને ૨૮ ફેબ્રુઆરી દરમિયાન ‘એ.યુ. ઉત્સવ-૨૦૨૬’નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ દ્વિ-દિવસીય મહોત્સવમાં જુદી-જુદી વિદ્યાશાખાના ૧૭૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાની આંતરિક રુચિ અને બૌદ્ધિક ક્ષમતાનું પ્રદર્શન કર્યું હતું. યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને વિવિધ તકનીકી અને બિન-તકનીકી સ્પર્ધાઓ તેમજ જીવંત કાર્યશાળાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મહોત્સવ દરમિયાન યંત્ર અવરોધ સ્પર્ધા, સુરક્ષા કોયડા ઉકેલ, વ્યાપાર સ્પર્ધા, વિજ્ઞાન મોડેલ પ્રદર્શન અને સર્જનાત્મક આલેખન જેવી ૧૧ તકનીકી સ્પર્ધાઓ યોજાઈ હતી. આ ઉપરાંત, બૌદ્ધિક કસોટી, ચર્ચા સભા, કળા પ્રદર્શન અને આહાર મહોત્સવ જેવી ૭ બિન-તકનીકી ઈવેન્ટ્સ દ્વારા વિદ્યાર્થીઓની પ્રતિભાને મંચ પૂરું પાડવામાં આવ્યું હતું. નવીનતમ ટેકનોલોજી અને ઉદ્યોગ સાહસિકતા જેવા વિષયો પર ૫ જીવંત કાર્યશાળાઓ દ્વારા વિદ્યાર્થીઓને પ્રાયોગિક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમના વિશેષ આકર્ષણ તરીકે ભારતીય સંસ્કૃતિ અને પરંપરાને ઉજાગર કરતો નીરવ વાઘેલા પ્રસ્તુત લોકડાયરો પણ યોજાયો હતો.આત્મીય યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ ત્યાગવલ્લભ સ્વામીજીના આશીર્વાદ તેમજ વાઈસ ચાન્સેલર ડો. રાકેશ મુદગલ અને રજીસ્ટ્રાર ડો. ડી.ડી.વ્યાસના માર્ગદર્શન હેઠળ આ મહોત્સવ સફળ રહ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા ડો. હિરેન કાવઠીયા, ઈન્દ્રજિતસિંહ જાડેજા, હાર્દિક પુજારા અને સમગ્ર શૈક્ષણિક સ્ટાફ મિત્રોએ ભારે જહેમત ઉઠાવી હતી. આત્મીય યુનિવર્સિટી દ્વારા સમયાંતરે કરવામાં આવતી આવી પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, નવીનતા અને જીવનના દરેક તબક્કે સુખી થવાની સમજ કેળવાય છે.

## સ્પોર્ટ્સ અબતક

૨૦ ઓવરની મેચ પરંતુ એક-એક દડાથી મેચ જીતાય છે

# શિવમ દુબેની બે બાઉન્ડ્રી સેમસનની ૯૭ની ઈનિંગથી ઓછી આંકી શકાય નહિઃ ગંભીર

**ક્રિકેટ એ વ્યક્તિગત રમત નથી પણ એક સામૂહિક પ્રયાસ છે, અને નાનામાં નાનું યોગદાન પણ જીતમાં મોટી ભૂમિકા ભજવે**



**અબતક, રાજકોટ**

વેસ્ટ ઈન્ડિઝમાં રમાઈ રહેલા ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની રસાકસીભરી સુપર ૮ મેચમાં ભારતે શાનદાર વિજય મેળવીને સેમિફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. વેસ્ટ ઈન્ડિઝ સામે ૧૯૬ રનના સ્કોરનો પીછો કરતી વખતે સંજુ સેમસને ૫૦ બોલમાં અણનમ ૯૭ રનની શાનદાર ઈનિંગ રમી હતી, ગંભીરે આ વિશાળ ઈનિંગની તુલના શિવમ દુબે દ્વારા ફટકારવામાં આવેલા ૨ ચોગ્ગા સાથે કરી છે.

આ મહત્વપૂર્ણ મુકાબલામાં જ્યારે અન્ય ભારતીય બેટ્સમેનો સંઘર્ષ કરી રહ્યા હતા અને કોઈ પણ ખેલાડી ૩૦ રનના આંકડા સુધી પહોંચી શક્યો નહોતો, ત્યારે સંજુ સેમસને એક છેડો સાચવી રાખી ભારતને જીતની નજીક પહોંચાડ્યું હતું. જોકે, મેચની નાજુક ક્ષણોમાં શિવમ દુબેએ મેદાનમાં આવીને માત્ર ૪ બોલ રમ્યા હતા અને ૨ ચોગ્ગાની મદદથી ૮ રન બનાવ્યા હતા. ગંભીરના મતે આ ૮ રન જ મેચનું પાસું પલટાવનારા સાબિત થયા હતા.

મેચ બાદ આયોજિત પત્રકાર પરિષદમાં ગૌતમ ગંભીરે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, ‘‘મારા મતે શિવમ દુબેના એ બે ચોગ્ગા સંજુ સેમસનના ૯૭ રન જેટલા જ પ્રભાવશાળી છે. જો એ સમયે તે બાઉન્ડ્રી ન આવી હોત, તો કદાચ સંજુની આ ઈનિંગ એળે ગઈ હોત અને આપણે પરિણામ વિશે અત્યારે ચર્ચા પણ ન કરતા હોત.‘‘ તેમણે વધુમાં ઉમેર્યું કે ક્રિકેટ એ વ્યક્તિગત રમત નથી પણ એક સામૂહિક પ્રયાસ છે, અને નાનામાં નાનું યોગદાન પણ જીતમાં મોટી ભૂમિકા ભજવે છે.

પોતાની આક્રમક શૈલી માટે જાણીતા ગૌતમ ગંભીરે આંકડાઓ વિશે વાત કરતા કહ્યું કે, ‘‘હું ક્યારેય આંકડાઓમાં કે રેકોર્ડ્સમાં વિશ્વાસ નથી રાખતો. મેં ક્યારેય સ્કોરબોર્ડ પર ધ્યાન આપ્યું નથી કે આંકડાઓ શું કહે છે.

મારા માટે મેદાન પરની પરિસ્થિતિ અને અંતઃપ્રેરણા વધુ મહત્વની છે. રમત હંમેશા મેદાન પરના સંજોગો મુજબ રમાવી જોઈએ, નહીં કે આંકડાઓને જોઈને.‘‘

ભારતીય ટીમ હવે મુંબઈના ઐતિહાસિક વાનખેડે સ્ટેડિયમમાં ઈંગ્લેન્ડ વિરુદ્ધ સેમિફાઈનલ રમવા તૈયાર છે. ઈંગ્લેન્ડની ટીમને વિશ્વસ્તરીય ગણાવતા ગંભીરે કહ્યું કે તેમની પાસે અનેક દિગ્ગજ ખેલાડીઓ છે અને વાનખેડેની પીચ પર પડકાર હંમેશા વધુ હોય છે. ભારતીય ચાહકોને આશા છે કે ટીમ આ ફોર્મ જાળવી રાખીને ફાઈનલમાં સ્થાન નિશ્ચિત કરશે.

# છ ડાબોડી બેટ્સમેન સાથે ભારતે સ્ટ્રેટેજી બદલાવતા સેમિફાઈનલ વધુ રસપ્રદ બનશે?

**અત્યાર સુધીમાં ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે કુલ ૨૯ મુકાબલા રમાયા છે, જેમાંથી ૧૭ મેચમાં ભારતે જીત નોંધાવીને પોતાનું વર્ચસ્વ સાબિત કર્યું, બીજી બાજુ, ઈંગ્લેન્ડ માત્ર ૧૨ મેચમાં જ વિજયી બન્યું છે**

**અબતક, રાજકોટ**

ભારતીય ક્રિકેટ ટીમ અને ઈંગ્લેન્ડ વચ્ચે ટી૨૦ વિશ્વ કપ ૨૦૨૬ ની અત્યંત રોમાંચક સેમિફાઈનલ મેચ આગામી ૫ માર્ચે મુંબઈના ઐતિહાસિક વાનખેડે સ્ટેડિયમ ખાતે રમાવા જઈ રહી છે. સતત બીજી વખત વિશ્વ વિજેતા બનવાનું સપનું પૂરું કરવા અને ૮ માર્ચે રમાનારી ફાઈનલ મેચમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરવા માટે ભારતે આ ’કરો યા મરો’ સમાન મુકાબલામાં ઈંગ્લેન્ડને હરાવવું જ પડશે. આ મેચ માટે દુનિયાભરના ક્રિકેટ પ્રેમીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

ભારતે હવે સ્ટ્રેટેજી બદલી છે અને ટોપમાં રાઈટ-હેન્ડર (જેમ કે સેમસન અથવા સૂર્યકુમાર યાદવને નંબર ૩ પર) લાવે છે, તો સેમિફાઈનલ વધુ રસપ્રદ બની જશે. આ ફેરફારથી વિરોધી ટીમોના ઑફ-સ્પિન આધારિત પ્લાન નિષ્ફળ થઈ શકે છે. ઈંગ્લેન્ડ અથવા અન્ય મજબૂત ટીમ સામે આવો બદલાવ ભારતને વધુ લવચીક અને અણધાર્યું બનાવશે. ટીમના કેપ્ટન સૂર્યકુમાર યાદવ અને કોચિંગ સ્ટાફ પાસે હવે આ તક છે કે તેઓ આ નબળાઈને તકમાં ફેરવીને ટાઈટલ ડિફેન્સ મજબૂત કરે.

વર્તમાન વર્ષ ૨૦૨૬ ના ટી૨૦ વિશ્વ કપમાં ભારત અને ઈંગ્લેન્ડ બંનેનું પ્રદર્શન ખૂબ જ સંતુલિત અને લગભગ એકસમાન રહ્યું છે. બંને ટીમોએ આ ટુર્નામેન્ટમાં અત્યાર સુધી કુલ ૭ મેચ રમી છે અને બંનેને માત્ર ૧ મેચમાં પરાજયનો સામનો કરવો પડ્યો છે. ગ્રુપ રાઉન્ડમાં ભારતીય ટીમ પોઈન્ટ ટેબલ પર પ્રથમ ક્રમે રહી હતી, તો બીજી તરફ ઈંગ્લેન્ડે પણ સુપર ૮ રાઉન્ડમાં પોતાનું વર્ચસ્વ જાળવી રાખીને ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.મુંબઈના વાનખેડે સ્ટેડિયમની પીચ હંમેશાથી બેટ્સમેનો માટે મદદરૂપ રહી છે, તેથી ૫ માર્ચે રમાનારી આ મેચમાં મોટા સ્કોરની અપેક્ષા છે. વર્તમાન ફોર્મ જોતા બંને ટીમો સમાન શક્તિશાળી લાગી રહી છે, પરંતુ જૂના રેકોર્ડ્સ અને આંકડા સ્પષ્ટપણે ભારતીય ટીમની મજબૂત સ્થિતિ દર્શાવે છે.ટુર્નામેન્ટમાં ભારતની આ વ્યૂહરચના બદલી છે અને તેનાથી સેમિફાઈનલ અને તેનાથી આગળના મેચો વધુ ઉત્તેજક અને અણધાર્યા બનશે!





**સેમિફાઈનલમાં જયારે જયારે ભારત-ઈંગ્લેન્ડ ટકરાયું છે ત્યારે અન્ય ટિમ ટુર્નામેન્ટ જીતી નથી!**

### ન હોય...ઈન્ડિયા કે ઈંગ્લેન્ડ જ વર્લ્ડકપ જીતશે?

સેમિફાઈનલમાં જ્યારે જ્યારે ભારત અને ઈંગ્લેન્ડની ટીમો આમને-સામને થઈ છે, ત્યારે તે મેચના વિજેતા ટીમે જ ટુર્નામેન્ટ જીતી લીધું છે! આ એક અજીબ અને રસપ્રદ આંકડો છે, જે ક્રિકેટના ચાહકોમાં ખાસ કરીને ટી-૨૦ વર્લ્ડ કપમાં ખૂબ ચર્ચામાં છે.૧૯૮૩ના વનડે વર્લ્ડ કપમાં ભારતે માન્ચેસ્ટરમાં ઈંગ્લેન્ડને સેમિફાઈનલમાં ૬ વિકેટથી હરાવ્યું હતું. અને પછી કપિલ દેવની કપ્તાની હેઠળ ભારતે પહેલી વખત વર્લ્ડ કપ જીત્યો. ૨૦૨૨ ટી૨૦ વર્લ્ડ કપમાં એડિલેડમાં ઈંગ્લેન્ડે ભારતને સેમિફાઈનલમાં ૧૦ વિકેટથી રગદોળ કરી દીધું. અને પછી ઈંગ્લેન્ડે ફાઈનલમાં પાકિસ્તાનને હરાવીને ટાઈટલ જીત્યું. ૨૦૨૪ ટી૨૦ વર્લ્ડ કપમાં ભારતે ઈંગ્લેન્ડને ૬૮ રનથી હરાવ્યું. અને રોહિત શર્માની કપ્તાનીમાં ભારતે ફાઈનલમાં સાઉથ આફ્રિકાને હરાવીને ચેમ્પિયન બન્યું!આમ, છેલ્લા બે ટી૨૦ વર્લ્ડ કપમાં જ્યાં ભારત-ઈંગ્લેન્ડ સેમિફાઈનલ થઈ છે, ત્યાં તે મેચ જીતનારી ટીમે જ ટુર્નામેન્ટ જીત્યું છે.

# આજથી ઓલ ઈંગ્લેન્ડ ચેમ્પિયનશિપઃ લક્ષ્ય સેન પર નજર

**દુબઈમાં ફસાયેલી સિંધુનું ઓલ ઈંગ્લેન્ડ ચેમ્પિયનશિપમાંથી બહાર રહેવું નિશ્ચિત**



**અબતક, રાજકોટ**

ઓલ ઈંગ્લેન્ડ ચેમ્પિયનશિપમાં ભારતના કેટલાક ખેલાડીઓ ભાગ લેવા પહોંચી ગયા છે જેમાં પુરુષ સિંગલ્સમાં ભારતના સ્ટાર ખેલાડી લક્ષ્ય સેન પર નજર રહેશે. જ્યારે અમેરિકા અને ઈઝરાયલે એ ઈરાન પર કરેલા હુમલા ખાડી દેશોનું હવાઈ ક્ષેત્ર બંધ હોવાથી ભારતીય બેડમિન્ટન ખેલાડી પીવી સિંધુ દુબઈમાં ફસાઈ ગઈ છે.

જેને કારણે આજે મંગળવારથી અહીં શરૂ થઈ રહેલી ઓલ ઈંગ્લેન્ડ બેડમિન્ટન ચેમ્પિનશિપમાંથી બહાર થવું નિશ્ચિત બન્યું છે.પીવી સિંધુનો પ્રથમ રાઉન્ડમાં થાઈલેન્ડની સુપાનિડા કટેથોંગ સામે મુકાબલો હતો પરંતુ હવે સિંધુને ટુર્નામેન્ટમાંથી હટી જવું પડે તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. ઉલ્લેખનીય છે કે, સિંધુ અને તેના કોચ ઈન્ડોનેશિયાના ઈરવાનસ્યાહ આદિ પ્રતામા દુબઈમાં ફસાયેલા છે. તેઓ રોકાયા હતા તે સ્થળની નજીક વિસ્ફોટ પણ થયા હતા. જેથી તેમને સુરક્ષિત સ્થળે લઈ જવાયા છે. વર્લ્ડ બેડમિન્ટન ફેડરેશન પણ આ સ્થિતિ પર નજર રાખી રહ્યું છે અને મોડા પહોંચનારા ખેલાડીઓની મદદ કરવા માટે તૈયાર છે. જોકે, સિંધુનું અત્યારે ટુર્નામેન્ટમાં ભાગ લેવું મુશ્કેલ જણાઈ રહ્યું છે પરંતુ ભારતના અન્ય ખેલાડીઓ સિંગાપુર અને આફ્રિકાના વૈકલ્પિક માર્ગોથી બર્મિંઘમ પહોંચી ગયા છે.ભારતીય પુરુષ ખેલાડી લક્ષ્ય સેન અને યુવા ખેલાડી આયુષ શેટ્ટી બર્મિંઘમ પહોંચી ગયા છે. લક્ષ્યનો પ્રથમ રાઉન્ડમાં ચીનના નંબર વન ખેલાડી શી યુ ચી સામે થશે જ્યારે આયુષ ઈન્ડોનેશિયાના અલવી ફરહાન સામે ટકરાશે. લક્ષ્ય માટે પ્રથમ રાઉન્ડનો મુકાબલો ઘણો કઠિન હશે કારણ કે, ચીનના ખેલાડી સામે છેલ્લા પાંચ પૈકી ચાર મુકાબલામાં હાર મેળવી ચૂક્યો છે. આયુષને પણ ફરહાન સામેના પાંચ પૈકી ૩ મુકાબલામાં હારનો સામનો કરવો પડ્યો છે.

# ફિફા વર્લ્ડકપમાંથી ઈરાન હટી જશે તો કોણ તેની જગ્યા લેશે?





**અબતક, રાજકોટ**

ફૂટબોલ જગતની સૌથી મોટી ટુર્નામેન્ટ ’ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬’ પર યુદ્ધનો પડછાયો મંડરાઈ રહ્યો છે. ઈઝરાયલ અને અમેરિકાના હુમલાઓને કારણે ઈરાન ટુર્નામેન્ટનો બહિષ્કાર કરી શકે છે.

ઈરાન ફૂટબોલ ફેડરેશનના પ્રમુખ મેહદી તાજે કહ્યું છે કે વર્તમાન પરિસ્થિતિમાં નેશનલ ટીમનું અમેરિકા જઈને ફૂટબોલ રમવું અત્યંત મુશ્કેલ છે. વર્લ્ડ કપ ૧૧ જૂનથી ૧૯ જુલાઈ દરમિયાન અમેરિકા, મેક્સિકો અને કેનેડામાં રમાશે. ઈરાનને તેની ત્રણેય મેચ અમેરિકામાં જ રમવાની છે.ઈરાની સ્પોર્ટ્સ વેબસાઈટ ’વર્ઝિશ-૩’ સાથેની વાતચીતમાં મેહદી તાજે કહ્યું, ‘‘આ હુમલા પછી, અમારી પાસેથી એવી અપેક્ષા રાખી શકાય નહીં કે અમે આશા અને ઉત્સાહ સાથે વર્લ્ડ કપ તરફ જોઈએ.

‘‘અમેરિકા અને ઈઝરાયલના હુમલાઓમાં ઈરાનના સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનેઈ માર્યા ગયા. આનાથી સમગ્ર મધ્ય પૂર્વમાં તણાવનું વાતાવરણ સર્જાયું.ઈરાન માટે સ્પોર્ટ્સ ઉપરાંત રાજકીય મુશ્કેલીઓ પણ ઓછી નથી. ટ્રમ્પ સરકારે ઈરાની ચાહકોને દેશમાં પ્રવેશ આપવાનો ઈનકાર કર્યો છે.

આવી સ્થિતિમાં ઈરાની ટીમનું અમેરિકા જઈને ખુલ્લેઆમ રમી શકવું પણ મુશ્કેલ લાગી રહ્યું છે.ઈરાનને વર્લ્ડ કપ માટે ગ્રુપ-જીમાં રાખવામાં આવ્યું છે. શેડ્યૂલ મુજબ, ઈરાનને પોતાની મેચ અમેરિકી શહેરોમાં જ રમવાની છે.

# બહુ થયું... “નાપાક.” ખેલાડી પર રૂ.૫૦ લાખનો દંડ ફટકારતું પાક.ક્રિકેટ બોર્ડ!

**સતત ચોથી વખત આઈસીસી મેન્સ ઈવેન્ટની સેમિફાઈનલમાં પહોંચવાનું ચૂકી જવા બદલ પાક. ક્રિકેટ બોર્ડની કાર્યવાહી**



**અબતક, રાજકોટ**

પાકિસ્તાન ક્રિકેટ ટીમ ૨૦૨૬ના ટી૨૦ વર્લ્ડ કપની સેમિફાઈનલમાં પહોંચવામાં નિષ્ફળ ગઈ.આઈસીસી મેન્સ ઈવેન્ટની સેમિફાઈનલમાં સતત ચોથી વખત પાકિસ્તાન પહોંચવામાં નિષ્ફળ રહ્યું છે જેને કારણે પીસીબીએ ખેલાડીઓ સામે કડક કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો છે. જેમાં દરેક દરેક પાકિસ્તાની ખેલાડીને ૫૦ લાખ પાકિસ્તાની રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. આ વર્લ્ડ કપમાં પાકિસ્તાનની ટીમે તેની છેલ્લી સુપર ૮ મેચમાં શ્રીલંકાને હરાવ્યું હતું પરંતુ નબળા નેટ રન રેટને કારણે તે બહાર થઈ ગઈ હતી.પાકિસ્તાનની ટીમનો ભારત સામે લીગ રાઉન્ડમાં ૬૧ રને પરાજય થયો હતો. તે મેચમાં હાર બાદ તેમને દંડ ફટકારવામાં આવ્યો હતો હતો. તેમને વધુમાં કહેવામાં આવ્યું હતું કે જો પાકિસ્તાન ટુર્નામેન્ટ સેમિફાઈનલમાં પહોંચે તો દંડ માફ થઈ શકે છે. પાકિસ્તાને ત્યારબાદ લીગ રાઉન્ડની બાકીની ત્રણ મેચ જીતી હતી સુપર-૮માં પહોંચ્યું હતું. આમ સતત ત્રીજી વખત પ્રથમ રાઉન્ડમાંથી બહાર નીકળવાનું ટાળ્યું હતું, પરંતુ સુપર આઠ ગ્રુપમાં ન્યૂઝીલેન્ડ સામે વરસાદના પાણીથી બહાર થયા બાદ ઈંગ્લેન્ડ સામે હાર બાદ મુશ્કેલીમાં મુકાયું. બીજી તરફ ન્યૂઝીલેન્ડે શ્રીલંકાને કારમો પરાજય આપતાં તેનો રનરેટ સુધર્યો હતો પરંતુ ઈંગ્લેન્ડ સામે હાર મળતાં પાકિસ્તાનને સેમિફાઈનલમાં પહોંચવાની આશા જન્મી હતી. તેના માટે પાકિસ્તાનને શ્રીલંકા સામેની પોતાની અંતિમ મેચ ઓછામાં ઓછા ૬૪ રને જીતવી જરૂરી હતી પરંતુ પાકિસ્તાન શ્રીલંકા સામે માત્ર પાંચ રને મેચ જીત્યું હતું.આથી ન્યૂઝીલેન્ડની ટીમ સારા રનરેટના આધારે સેમિફાઈનલમાં પહોંચી હતી અને પાકિસ્તાનની ટીમ બહાર થઈ ગઈ હતી. ઉલ્લેખનીય છે કે,પીસીબી ભૂતકાળમાં ખેલાડીઓ પર કડક વલણ અપનાવ્યું છે, જોકે પ્રતિબંધોને

(અનુ. આઠમા પાને)

### કમાણી કરતાં વધુ દંડ!!!

ટી૨૦ વર્લ્ડ કપમાં, પાકિસ્તાને ગ્રુપ સ્ટેજમાં ચાર મેચ રમી હતી. ટીમે સુપર ૮ માં ત્રણ મેચ રમી હતી. આમાંથી એક મેચ વરસાદને કારણે ટોસ પછી રદ કરવામાં આવી હતી. પાકિસ્તાન માટે તમામ સાત મેચ રમનાર ખેલાડીએ ૨૯,૩૦૦,૮૮ પાકિસ્તાની રૂપિયા કમાયા હતા. તેને ૫ મિલિયન રૂપિયાનો ભારે દંડ ભરવો પડશે.

# આઈપીએલ પૂર્ણ થતા જ અફઘાનિસ્તાનની ટીમ ભારતમાં ૧ ટેસ્ટ અને ૩ વન-ડે રમશે

**મુલ્લાનપુર, ધર્મશાલા, લખનૌ અને ચેન્નઈમાં ૬થી ૨૦ જૂન વચ્ચે મેચ**





**અબતક, રાજકોટ**

ભારતીય ક્રિકેટ ટીમ આઈપીએલની ૧૯મી સિઝન પૂર્ણ થયા બાદ જૂન મહિનામાં અફઘાનિસ્તાન સામે એક ટેસ્ટ અને ત્રણ વન-ડે મેચની સિરીઝની યજમાની કરશે.બીસીસીઆઈએ શિડ્યૂલ જાહેર કરતાં જણાવ્યું કે મુલ્લાનપુરમાં ટેસ્ટ મેચથી સિરીઝ શરૂ થશે. પછી ધર્મશાલા, લખનૌ અને ચેન્નઈમાં ૩ વન-ડે રમાશે. બીસીસીઆઈએ મીડિયા રિલીઝમાં જણાવ્યું કે મહારાજા યાદવેન્દ્ર સિંહ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં ૬થી ૧૦ જૂન સુધી ટેસ્ટ મેચ રમાશે. પછી ૧૪ જૂને ધર્મશાલાના સ્ટેડિયમમાં પ્રથમ વન-ડે, ૧૭ જૂને લખનૌના એકાના સ્ટેડિયમમાં બીજી વન-ડે અને ૨૦ જૂને ચેન્નઈના ચેપોક સ્ટેડિયમમાં ત્રીજી વન-ડે રમાશે. તમામ વન-ડે બપોરે ૧.૩૦ વાગ્યાથી શરૂ થશે. જેમાં વિરાટ કોહલી અને રોહિત શર્મા વન-ડે સિરીઝમાં રમતા જોવા મળશે. બંનેએ આ વર્ષે જાન્યુઆરીમાં ન્યૂઝીલેન્ડ સામે છેલ્લી વન-ડે સિરીઝ રમી હતી.અફઘાનિસ્તાને પોતાની ટેસ્ટ કારકિર્દીની શરૂઆત જ ટીમ ઈન્ડિયા સામેની મેચથી કરી હતી. ૨૦૧૮માં બેંગલુરુના મેદાન પર ભારતે એક ઈનિંગ્સ અને ૨૬૨ રનથી મેચ જીતી લીધી હતી. ત્યારથી અફઘાનિસ્તાને ૧૩ ટેસ્ટ રમી છે, જેમાં ૪ જીતી છે અને ૭ ગુમાવી છે. જ્યારે ૨ ડ્રો રહી છે.જ્યારે અફઘાનિસ્તાન અને ભારત વચ્ચે ૪ વન-ડે રમાયા છે. બધા મલ્ટિનેશનલ ટુર્નામેન્ટમાં જ હતા. એશિયા કપમાં બંનેએ ૨ મેચ રમી, ૧માં ભારતને જીત મળી, જ્યારે ૨૦૧૮માં એક મેચ ટાઈ પણ રહી.

૨૦૧૯ અને ૨૦૨૩ના વન-ડે વર્લ્ડ કપમાં પણ બંને વચ્ચે ૨ મેચ રમાઈ હતી અને બંને મેચ ભારત જીત્યું હતું. બંને ટીમ વચ્ચે પહેલીવાર વન-ડે ફોર્મેટની સિરીઝ યોજાવા જઈ રહી છે. ટી૨૦ ઈન્ટરનેશનલમાં બંને ટીમ વચ્ચે ૯ મેચ રમાઈ. ૮માં ભારતને જીત મળી, જ્યારે એશિયન ગેમ્સમાં એક મેચ અનિર્ણિત પણ રહી. બંને ટીમે આ ફોર્મેટની એકમાત્ર સિરીઝ ૨૦૨૪માં રમી હતી, ત્યારે ભારત ૩-૦ થી જીત્યું હતું.

# કોઠારીયા સોલવન્ટમાં બાઈકની બબાલમાં ઘવાયેલા યુવાનનું મોત, બનાવ હત્યામાં પલટાયો

## કેજીએન ચીકન શોપ ખાતે મિત્રને જાનથી મારી નાંખવાની ધમકી આપતાં શખ્સોને સમજાવવાં જતાં ટોળકીએ અંસારી બંધુ પર છરી-ધોકાથી હુમલો કર્યો'તો

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના કોઠારીયા સોલવન્ટમાં બાઈકની બબાલમાં ઘવાયેલા યુવકે સારવાર દરમિયાન દમ તોડી દેતાં બનાવ હત્યામાં પલટાયો છે. મામલામાં આજીડેમ પોલીસે હત્યાની કલમનો ઉમેરો કરવાં તજવીજ આદરી છે.

બનાવની વિગતો પર નજર કરવામાં આવે બરકતીનગર શેરી નં.૧૧ બાલાજી એપાર્ટમેન્ટ વાળી શેરીમાં રહેતાં ફૈઝાન ઈસ્માઈલભાઈ અંસારી (ઉ.વ.૧૯) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે રાહુલ, ઈમરાન, મહેશ અને હરેશ નામના શખ્સનું નામ આપતાં જણાવ્યું હતું કે, તે અને તેનો મોટો ભાઈ હૈદરભાઈ બંને ગુલાબનગર શેરી નં.૨ કોઠારીયા સોલવન્ટ ખાતે કેજીએન ચીકન શોપ નામે નોનવેજની દુકાન ચલાવે છે. બનાવના દિવસે રાત્રીના આઠેક વાગ્યાના આસપાસ યુવક અને તેનો ભાઈ હૈદરભાઈ, મિત્ર આશીફ ત્રણેય દુકાને હતા. ત્યારે ત્યા રાહુલ તથા ઈમરાન બંને આવેલ અને આ બંને મિત્ર આશીફને કહેવા લાગેલ કે, પરમ દીવસે બાઈક કેમ મોડુ પરત કરેલ એમ કહી આ બંને આશીફને ગાળો બોલવા લાગેલ. જેથી યુવક અને તેનો મોટા ભાઈ આ બંનેને ગાળો ન બોલવા સમજાવતા હત. દરમ્યાન ઈમરાન ઉશ્કેરાઈને ચાલ્યો ગયેલ હતો. થોડીવારમાં હાથમા છરી



લઈને પરત આવેલ અને આશીફને છરી મારવાની ધમકી આપવા લાગેલ હતાં. બાદ નોનવેજના ધંધાર્થી ભાઈઓ આરોપીઓને સમજાવતા હતા ત્યારે હરેશે યુવકને માથાના પાછળના ભાગે એક ફડાકો મારી દીધેલ તેમજ મહેશ અને રાહુલે મોટા ભાઈ હૈદરને ધોકા વડે માર મારવા લાગેલ હતાં. જેથી યુવકના પિતા આ બંનેને મારવાની ના પાડતા હતા તે દરમ્યાન હરેશ પણ મોટા ભાઈને ધોકા વડે કાનના ઉપરના ભાગે માથામા મારી નાખવાના ઈરાદે જોરથી ધોકો મારેલ હતો. જેથી યુવકનો ભાઈ ચકકર ખાઈને પડી ગયેલ હતો.

દરમિયાન માણસો ભેગા થઈ ગયેલ જેથી આરોપી ત્યાંથી ભાગી ગયેલ હતાં. જે બાદ ઈજાગ્રસ્ત હૈદરને કાન તેમજ નાકના ભાગેથી લોહી નીકળતુ હોય જેથી તુરંત રીક્ષામા બેસાડી સારવાર અર્થે અહીં ખાનગી હોસ્પીટલ ખાતે લઈ આવેલ હતા.જ્યાં ફરજ પરના તબીબોએ માથામા ખોપરીમાં મલ્ટીપલ ફેકચરની ગંભીર ઈજા થયેલ હોવાનું જણાવ્યું હતું.

બનાવ અંગેની ફરીયાદ પરથી આજીડેમ પોલીસે ગુનો નોંધી પીઆઈ એ.બી.જાડેજા અને ટીમે ત્રણ શખ્સોને પકડી પાડ્યા હતાં, જ્યારે રાહુલ નામનો શખ્સ હજું પોલીસ પકડથી દૂર છે ત્યાં સારવારમાં રહેલ હૈદરભાઈનું મોત નિપજતાં બનાવ હત્યામાં પલટાયો હતો. હાલ પોલીસે તુરંત દોડી જઈ મૃતદેહને ફોરેન્સિક પીએમ અર્થે ખસેડયો હતો અને બનાવમાં હત્યાની કલમનો ઉમેરો કરી ફરાર આરોપીની શોધખોળ આદરી છે.

### ડખ્ખાનું કારણ શું?

ફરિયાદી યુવકે બનાવના કારણ અંગે જણાવ્યું હતું કે, ગઈ તા.૨૪/૦૨ ના સાંજના પાચેક વાગ્યે મિત્ર આસીફ રાહુલનુ બાઈક લઈને ગોંડલ ગયેલ ને બાદ રાજકોટ પરત આવીને રાહુલને તેનુ બાઈક બે કલાક મોડુ પરત કરેલ તે બાબતનો ખાર રાખી આરોપી છરી તેમજ ધોકા લઈને દુકાને આવી છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી જીવલેણ હુમલો કર્યો હતો.

### બે માસના પુત્ર અને દોઢ વર્ષની પુત્રીએ પિતાની છત્રછાયા ગુમાવી

સામાન્ય બાબતમાં છરી ધોકાથી હુમલો કરી યુવકનું માથું ફોડી નખાયું હતું. જે ઘટનામાં ગંભીર રીતે ઘાયલ થયેલા યુવાનને સારવારમાં ખસેડાયો હતો, પરંતુ સારવાર કારગત ન નિવડતા તેમનું મોત નીપજ્યું હતું. જે બનાવવામાં કરુણતા એ સામે આવી હતી કે, તેમને બે મહિનાનો પુત્ર અને દોઢ વર્ષની પુત્રી છે તેમને પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં આક્રમ છવાયો હતો.

**ગંભીર રીતે ઈજાગ્રસ્ત યુવાને ખાનગી હોસ્પિટલમાં દમ તોડતા પરિવારમાં અરેરાટી : હત્યાની કલમનો ઉમેરો કરવાં તજવીજ**

# ચેક રિટર્ન કેસમાં વાવડીના પેટ્રોલિયમ ધંધાર્થીનો નિર્દોષ છુટકારો

## સપના એન્ટરપ્રાઈઝમાંથી ફાઈનાન્સ વખતે લીધેલ ૪ ચેકોનો ફાઈનાન્સર અને ફરિયાદીએ દુરઉપયોગ કર્યાની રજુઆતો માન્ય

**અબતક, રાજકોટ**

સપના ફોર્જીંગમાં નોકરી કરતા કર્મચારીની રૂપિયા ૧૩ લાખના ચેક રિટર્ન થયા અંગેની ફોજદારી ફરિયાદના કેસમાં અદાલતે વાવડીના પેટ્રોલિયમ ધંધાર્થીનો નિર્દોષ છુટકારો ફરમાવ્યો છે.આ કેસની ફરિયાદ મુજબ, મવડી મેઈન રોડ પર રહેતા અને વાવડીમાં એસ.જી. પેટ્રોલિયમના નામે ધંધો કરતા શૈલેષ મનજીભાઈ પોકરે

અને મુકેશ હીરાણીના સપના ફોર્જીંગમાં નોકરી કરતા ફરીયાદી ગિરીશ છગનભાઈ પાંચાણી પાસેથી ધંધાના વિકાસ માટે રૂા. ૧૩ લાખ લીધા હતા, તે રકમ પરત કરવા શૈલેષ પોકરે ગિરીશ પાંચાણીને આપેલ ચેક બેંકમાંથી પરત ફરતા કોર્ટમાં ફરીયાદ દાખલ કરવામાં આવી હતી. આ કેસ ચાલવા ઉપર આવતા ફરીયાદી તરફે એવી દલીલો કરવામાં આવેલ કે ફરીયાદીએ પોતાનો કેસ મજબુત પુરાવાથી પુરવાર કરેલ હોય આરોપીને મહતમ સજા અને દંડ થવા જોઈએ. જે સામે આરોપી શૈલેષ પોકર તરફે એવી રજુઆત કરવામાં આવેલ કે, ફરીયાદી પોતેજ મુકેશ ગોરધનભાઈ હીરાણીના સપના ફોર્જીંગમાં મેતાજી તરીકે નોકરી કરે છે અને મુકેશ હીરાણી શ્રી સપના એન્ટરપ્રાઈઝના નામે ધીરધારનું લાઈસન્સ ધરાવતા તે વખતે આરોપી શૈલેષ પોકરે રૂા. ૫ લાખ લીધેલા તે વખતે વાઉચરોમાં સહી કરાવી સિકયુરીટી પેટે પરીવારના કુલ ચાર ચેકો લીધેલ, જે વ્યવહાર ૨૦૧૭માં પુર્ણ થઈ ગયેલ હોય, જે ચાર ચેકો પૈકી એક ચેક મુકેશભાઈ હીરાણી પોતે તથા બીજો ચેક સંજયભાઈ મુંગરા દ્વારા અને બે ચેકો હાલના ફરીયાદી દ્વારા મોટી રકમના આંકડાઓ ભરી રિટર્ન કરાવી દુરઉપયોગ કરવામાં આવેલ છે. તેમજ ફરિયાદી આરોપીને કોર્ટ રૂમમાં ઓળખી શકેલ નથી. તેથી હાલના ફરિયાદી અને આરોપી વચ્ચે ચેક કે રકમનો વ્યવહાર થયેલ નથી તેમ પુરવાર થતું હોવાનું જણાવ્યું હતું.

વીરેકર્ડ પરના રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓને સમગ્રપણે ધ્યાને લેતા અદાલતે ફરીયાદી આરોપી સામેનો કેસ શંકા રહીત સાબીત કરી શકેલ નથી તેમ ઠરાવી એસ.જી. પેટ્રોલિયમના માલીક શૈલેષ મનજીભાઈ પોકરને નિર્દોષ ઠરાવી છોડી મુકતો હુકમ ફરમાવવામાં આવ્યો છે. આ કેસમાં આરોપી વતી એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા, જસ્મીન દુધાગરા, જય પીઠવા, યુવરાજ વેકરીયા, ભાવીન ખુંટ, સાહીલ કંટારીયા તથા મદદમાં નીરવ દોંગા, આર્યન કોરાટ, જયમલ મકવાણા, રાહીલ ફળદુ રોકાયા હતા.

# પત્ની અને પુત્રીનું ૩૭ હજાર વચગાળાનું ભરણ પોષણ મંજૂર

## સોફ્ટવેર એન્જિનિયર પતિને અદાલતે કર્યો હુકમ

**અબતક, રાજકોટ**

લગ્નજીવનમાં દુ:ખ,ત્રાસ આપી ગર્ભાવસ્થા દરમિયાન પત્નીને તરછોડી દેવાની ભરણપોષણની ફરિયાદમાં ફેમિલી કોર્ટે પરિણીતા અને પુત્રીનું રૂપિયા ૩૭,૦૦૦ વચગાળાનું ભરણપોષણ ચૂકવવા સોફ્ટવેર એન્જિનિયર પતિને હુકમ કર્યો છે.આ કેસની હકીકત મુજબ, યાત્રી ડો./ઓ. દિનેશભાઈ ગઢીયા ( હાલ રહે. નીલકમલ પાર્ક પાછળ, સાધુ વાસવાણી રોડ, રાજકોટ)એ પતિ અંકિત સ./ઓ. ઈશ્વરભાઈ પ્રજાપતિ વિરુધ્ધ રાજકોટ ફેમિલી કોર્ટમાં ભરણપોષણ મેળવવા દાખલ કરેલી અરજીમાં જણાવેલ કે તેમના બંનેના લગ્ન બાદ સામાવાળા પતિ અંકિતભાઈ વિસનગર (જિલ્લો મહેસાણા) ખાતે સંયુકત કુટુંબમાં રહેતા હતા. ત્યારબાદ થોડા સમય પછી વડોદરા મુકામે અને ઓગષ્ટ ૨૦૨૧માં બેંગ્લોર મુકામે સહલગ્નજીવન વિતાવવા તેડી ગયેલા, ત્યારબાદ બેંગ્લોરથી અમદાવાદ મુકામે રહેવા આવેલા. જયાં સંયુક્ત નામે પતિ-પત્નીના જોઈન્ટ પૈસાથી ફલેટ પણ ખરીદેલ. થોડા સમય બાદ અરજદાર પરિણીતાને ખ્યાલ આવેલ કે તેનો પતિ ખુબ જ વિકૃત માનસીકતા ધરાવે છે અને સતત ખોટુ બોલવાની ટેવવાળો છે. જયારે પત્ની પ્રથમથી જ સ્વામીનારાયણ સંપ્રદાય સાથે સંકળાયેલ હોય અને પતિ અરજદાર પત્નીની ધાર્મિક લાગણી દુભાય તેવું વર્તન કરતો હોઈ દરમ્યાન અરજદાર પત્નીને પ્રેગનન્સી રહેલ તે સમયગાળામાં પણ સામાવાળા પતિએ પત્નીને ખુબ જ હેરાન પરેશાન કરી પતિએ પ્રેગનન્સીની અવસ્થામાં પત્નીને તરછોડી દીધેલ સહિતની હકીકતો સાથે ફેમિલી કોર્ટ સમક્ષ વિગતવાર પુરાવા અને વોટસએપ ચેટ રજુ રાખેલ, આ કેસ ચાલવા દરમ્યાન પતિ હાજર થયેલ અને પત્નીએ કેસ ચાલતા દરમ્યાનનું વચગાળાનું ભરણપોષણ માંગેલ તેમાં ચાલુ કેસે અરજદાર પત્નીને પુત્રીનો જન્મ થયેલ છે, તે હકીકત કોર્ટ સમક્ષ જણાવેલ.

ઉપરોકત તમામ હકીકતો રેકર્ડ પરના પુરાવા તથા સામાવાળા પતિની સિસ્કો કંપનીના સોફ્ટવેર એન્જિનિયર તરીકે સહિત માસિક રૂા. ૨.૩૦ લાખની આવક માની વચગાળાનું ભરણપોષણ પત્ની તથા બાળકીનું માસિક રૂા.૩૭ હજાર મંજુર કરવા ઉપરાંત કેસ આગળ ચલાવવા હુકમ કર્યો હતો. આ કામમાં અરજદાર પત્ની વતી રાજકોટના ધારાશાસ્ત્રી મહેશભાઈ ત્રિવેદી, કિરીટભાઈ સાયમન, ક્રિશનભાઈ જોષી, ઘનશ્યામભાઈ અકબરી, હર્ષભાઈ ત્રિવેદી, પાર્થ એચ. વાઘેલા, મયંકભાઈ હર્ષ તથા મૌલિક સિંહ ડોડિયા રોકાયા હતા.

# લોન લેવા જતાં ગઠીયાનો ભેટો: પાંચ મહિલા સહિત છ લોકો સાથે રોકાણના નામે રૂ.૨૬ લાખની ઠગાઈ

## મંડળીમાં રોકાણ કરશો તો સારૂ વળતર અપાવીશ કહી શીશામાં ઉતાર્યા : ગવલીવાડની પરિણીતાએ વિશ્વાસમાં આવી રૂ.૧૨ લાખનું રોકાણ કર્યું'તું

## ચાર બહેનપણી સહિત પાંચ લોકોએ પણ રૂ. ૧૪ લાખ રોકાણ અર્થે આપ્યા'તા : નાણાં મેળવી વિશાલ સોનારાએ હાથ ઉંચા કરી દેતાં ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

શહેરના મોટી ટાંકી ચોક નજીક ગવલીવાડમાં રહેતી મહિલાને ગઠીયાનો ભેંટો થઈ ગયો હતો. બેંકમાં ગીરવે મુકેલા ઘરેણાં છોડાવવા લોન અર્થે મોરબી રોડ પર રહેતા વિશાલ સોનારાનો સંપર્ક કર્યો હતો. જે શખ્સ પોતે મંડળીના એજન્ટ તરીકે કામ કરતો હોય અને રોકાણ પેટે સારૂ વળતર અપાવશે કહી મહિલા પાસે રૂ. ૧૨ લાખ મેળવી ઓળવી ગયો હતો. વધુમાં મહિલાની અન્ય ચાર બહેનપણી સહીત પાંચ લોકો પાસેથી રૂ. ૧૪ લાખ મેળવી વિશાલ સોનારાએ હાથ ઉંચા કરી દેતાં રૂ. ૨૬ લાખની છેતરપિંડી મામલે મહિલાએ ફરિયાદ નોંધાવી હતી.

બનાવ અંગે મોટી ટાંકી ચોક નજીક ગવલીવાડ શેરી નં.-૧૨ માં રહેતા ૪૦ વર્ષીય પરિણીતા સહેનાજબેન અલ્તાફભાઈ દલવાણીએ આરોપી તરીકે વિહાલ પરબતભાઈ સોનારા(રહે. ત્રિલોક પાર્ક, મોરબી બાયપાસ રોડ, રાજકોટ) નું નામ આપતાં જણાવ્યું હતું કે, તેણી ઈમિટેશનના સામાનનો વેપાર કરે છે. જ્યારે પતિ ડ્રાયવિંગ કરે છે. એકાદ વર્ષ પહેલા જામનગર રોડ પર આવેલ ન્યારા ગામમાં મારુ પીયર આવેલ હોય હું મારા પિયર ખાતે ગયેલ હતી. ત્યારે મૂળ ન્યારા ગામ અને હાલ મોરબી રોડ પર રહેત પાંચાભાઈ મેઘાભાઈને મારે લોનની જરૂરીયાત હોવાનું જણાવતા તેમણે મને લોન માટે વિશાલભાઈ પરબતભાઈ સોનારાનો સંપર્ક કરવા જણાવ્યું હતું. જેથી મેં વિશાલ સોનારાને ફોન કરી મેં પોતાના દાગીના બેંકમાં ગીરવે મુકેલ હોય તે છોડાવવા માટે લોનની જરૂરીયાત છે તે બાબતે વાત કરતા વિશાલએ રૂબરૂ મળવા જણાવ્યું હતું.

જે બાદ ગત તા. ૧૦/૦૭/૨૦૨૫ ના રોજ માધાપર ચોકડી ખાતે હું તથા મારી બહેનપણી સબાનાબેન જલાલભાઈ સૈયદ બપોરના સમયે વિશાલ સોનારાને મળવા ગયેલ હતા. ત્યારે વિશાલભાઈએ અમને કહેલ કે, પોતે રાજકોટમાં ૧૫૦ ફૂટ રીંગ રોડ પર શીતલ પાર્ક ચોક ખાતે આવેલ મંડળીમાં એજન્ટ તરીકે કામ કરે છે અને આ મંડળી મારફતે પોતે અલગ-અલગ ફાયનાન્સ/કંપનીમાં રોકાણ કરાવે છે, જેમાં ખુબ જ સારૂ એવું વળતર મળે છે. જો તમે અને તમારા પરીચીત લોકો રોકાણ કરશો તો તમને સારૂ એવું વળતર અપાવીશ તેમ કહેલ હતું. બાદ દાગીના છોડાવવા લોનની જરૂરિયાત હોવાનું કહેતા તેણે કહેલ કે, હું પાંચ લાખની લોન આપીશ પરંતુ તમારે પહેલા મંડળીમાં રૂ.૩ લાખનું રોકાણ કરવુ પડશે જે રોકાણ પછી પોતે તમને રૂ.૩ લાખના બદલામાં દર મહિને ૧૪,૦૦૦ નો હપ્તો વળતર સ્વરૂપે બાવન હપ્તા સુધી ચુકવીશ તેમ જણાવ્યું હતું. જેથી મેં અને સબાનાબેનએ વિશાલભાઈને અલગ-અલગ રૂ.૩ લાખ રોકડા માધાપર ચોકડી, રાજકોટ ખાતે આપેલ હતા. જે પૈસા મેં મંડળીમાંથી લોન કરાવી તેમજ મારૂ મકાન વેચાયેલ હતુ તેના પૈસા મારી પાસે હોય તેમજ શુભ મંડળીમાંથી મારા અને મારા બહેન જુબેદાબેન હાજીભાઈ છછરના નામે લોન લઈ ભેગા કરેલ હતા.

બાદ વિશાલભાઈએ અમને કહેલ કે, હું પોતે મંડળીમાં લોન એજન્ટ તરીકે કામ કરતો હોય જેથી તમારા ખાતામાં આવતા મહિનાથી રૂ.૧૪ હજાર આવી જશે. બાદ મહિનાના અંત સુધીમાં પૈસા મારા ખાતામાં નહિ આવતા વિશાલને અ બાબતે પૂછતા કહેલ કે, મેં બીજી મંડળીમાં એજન્ટ તરીકે કામ ચાલુ કરેલ હોય જેથી રૂપિયાનું ત્યા રોકાણ કરેલ છે. જેથી હું તમને રૂ.૫ લાખનો મારા નામનો ચેક આપુ છુ, જો તમારા રૂપિયા આવતા મહિને ખાતામાં ના આવે તો તમે ચેક તમારા ખાતામાં વટાવી દેજો. વધુમાં પોતે જે મંડળીમાં હાલ કામ કરે છે તેમાં રોકાણ કરવાનું કહ્યું હતું. જેથી પોતાનું મકાન વેચાયું હોય રૂ. ૨૦ લાખ પડેલ હોય સારૂ વળતર આપતાં હોય તો રોકાણ કરશે તેમ જણાવ્યું હતું.

જે બાદ ફરિયાદીએ વિશાલને પ્રથમ ત્રણ લાખ, બાદ પાંચ દિવસ પછી અન્ય ત્રણ લાખ અને બહેનપણી શબાનાબેનએ ત્રણ લાખ વિશાલને આપેલ હતા. જેથી કુલ રૂ. ૧૨ લાખ લાખ આપેલ હતા. જેના બદલામાં વિશાલભાઈ મને રૂ.૩૪ લાખ પરત આપશે તેમ વિશ્વાસ અપાવી સિક્યુરીટી પેટે કોટક બેંક અકાઉન્ટના ચાર ચેક આપેલ હતા. જે પૈકી એક ચેકરૂ. ૧૫ લાખ, બીજો ચેક રૂ.૬ લાખ, ત્રીજો ચેક રૂ.૫ લાખ અને ચોથો ચેક રૂ.૮ લાખનો આપેલ હતો. મારા સિવાય વિશાલભાઈ પાસે મારી બહેનપણીઓ જેમાં સબાનાબેને રૂ.૩ લાખ, યાશ્મિનબેન અબદુલભાઈ બુકેરાએ રૂ.૩ લાખ, રજિયાબેન સાજિંદભાઈ દલવાણીએ રૂ. ૩ લાખ, સહેનાજબેન રફિકભાઈ છછરે રૂ.૨ લાખ અને સાનમહમદભાઈ જલામીયા કાદરીએ રૂ.૩ લાખ મળી કુલ રૂ. ૧૪ લાખનું રોકાણ કરેલ હતું. જેના સિક્યુરિટી પેટે પણ વિશાલ સોનારાએ ચેક આપેલ હતા.

બાદ વિશાલ સોનારાએ વળતર કે મૂડી પરત નહિ આપતાં પરિણીતાએ પૈસાની માંગણી કરતા હવા રૂપીયા નહીં મળે તેમ જણાવી ધમકી આપી હતી. જેથી પરિણીતાએ રૂ ૨૬ લાખની છેતરપિંડી અંગે ગાંધીગ્રામ પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

# હત્યાના ગુનામાં સુરેશ ઉર્ફે સૂર્યો વડેચા જામીન મુક્ત

## નસાની હાલતમાં અપશબ્દ બોલતા શખ્સને ટપારતા થયેલી માતાકૂટમાં લાકડા વડે માર મારી મોતને ઘાટ ઉતાર્યા

**અબતક,રાજકોટ**

લોધીકા તાલુકાના મોટા વડા ગામે નજીવી બાબતે થયેલી બોલાચાલીનો ખાર રાખી લાકડા વડે માર મારી યુવકને મોતને ઘાટ ઉતારવાના ગુનામાં જેલ હવાલે રહેલા શખ્સને ગોંડલની અદાલતે જામીનપર મુક્ત કરવાનો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ લોધીકા તાલુકાના મોટા વડા ગામે રહેતો સુરેશ ઉર્ફે સૂર્યો ગણેશ વડેચા નામનો યુવક કરિયાણાની દુકાને ઉભો હતો ત્યારે કાળુ ધના મકવાણા નામનો યુવાન નસાની હાલતમાં અપશબ્દ બોલતો બોલતો આવતા જેને સુરેશ વડેચા એ અપશબ્દ બોલવાની ના પાડતા બંને વચ્ચે થયેલી બોલાચાલીનો ખાર રાખી સુરેશ વડેચા ઉશ્કેરાઈને બાજુમાં રહેલ લાકડા વડે કાળુ ધના મકવાણાને માર મારતા મરણ ગયો હતો આ બનાવ મેટોડા મૃતકના પરિવારોએ ફરિયાદ નોંધાવતા પોલીસે હ ગુનો નોંધી ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા જેલા હવાલે કર્યો હતો. હાલ જેલ વાલે રહેલા આરોપી જામીન પર છૂટવા અદાલતમાં અરજી કરતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ બચાવ પક્ષના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલિત તેમજ દસ્તાવેજી પુરાવા અને હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ટાંકેલા ચુકાદાઓને ધ્યાને લઈ ગોંડલની અદાલતે આરોપીને શરતોને આધીન જામીન પર મુક્ત કરવા હુકમ કર્યો



એડવોકેટ વિમલ ભટ્ટ

છે. આ કેસમાં બચાવ પક્ષે એડવોકેટ તરીકે વિમલભાઈ ભટ્ટ, મનીષભાઈ પાટડીયા અને રાજભા જાડેજા

# વિધવાને પ્રેમજાળમાં ફસાવી ભેજાબાજ ઘરમાંથી રૂ.૫.૭૨ લાખના ઘરેણાં ઉઠાવી ગયો

## રૈયા રોડ પર રહેતી મહિલાનો ફેસબુક મારફતેં ગઠીયાનો સંપર્ક થયો'તો : ઘરે રોકાવા આવી કબાટમાંથી દાગીના લઈ જતો રહ્યો

**અબતક, રાજકોટ**

રૈયા રોડ પર રહેતી વિધવાને પ્રેમજાળમાં ફસાવી ગઠિયો રૂ.૫.૭૨ લાખના દાગીના લઈ જઈ પરત ન કરી છેતરપીંડી આચરતાં ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી. મહિલા સાથે ફેસબુક મારફત સંપર્કમાં આવેલ મહારાષ્ટ્રના શખ્સે ઘરે રોકાવા આવી દાગીના આમ ઘરમાં ન રખાઈ કહીં સાથે લઈ ગયો હતો.

બનાવ અંગે રૈયા રોડ પર કનૈયા ચોક પાસે જીવનનગર શેરી નં.૩ માં રહેતાં કલ્પનાબેન હેમંતભાઈ ખાંડેખા (ઉ.વ.૪૨) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અતુલ ભીમરાયજી ખંડારે (રહે. અમરાવતી, મહારાષ્ટ્ર) નું નામ આપતાં ગાંધીગ્રામ પોલીસે છેતરપીંડીની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેણી છેલ્લા વિસ વર્ષથી અહીં રહી ઘરકામ કરે છે. તેઓને સંતાનમાં એક પુત્ર છે, જે મનો દિવ્યાંગ છે. તેણીના પતિનું વર્ષ ૨૦૧૯ માં અવસાન થયેલ છે.

વર્ષ ૨૦૨૦ માં ફેસબુક મારફતે એક અતુલ ખંડારે નામના વ્યકિત સાથે સંપર્ક થયેલ અને બાદ ફેસબુક મારફતે વાતચીત કરતા હતા, બંનેએ મોબાઈલ નંબર એકબીજાને મોકલેલ અને આ અતુલે કહેલ હતુ કે, તે એમ્બ્યુલન્સમા ડ્રાઈવીંગનુ કામ કરે છે, તે એમ્બ્યુલન્સ લઈને જયારે રાજકોટ આવે ત્યારે ઘણીવાર મળવા માટે ઘરે આવતો હતો. જેથી બંને એકબીજાની વધારે નજીક આવેલ હતાં.

બાદમાં અતુલે કહેલ કે, આપણે બંને લગ્ન કરી લઈએ, જેથી તેને થોડા સમય બાદ લગ્ન કરવાનું કહેતાં તે માની ગયેલ હતો, તેની ઉપર બહુ જ વિશ્વાસ આવી ગયેલ હતો. પોણા બે વર્ષ પહેલા મે ૨૦૨૪ માં તેણી તેના માતાના ઘરે મહારાષ્ટ્રમા અમરાવતીના મહોલી પાંન્ડે ગામ ખાતે ગયેલ હતી. રાજકોટના ઘરની ચાવી પાડોશમા રહેતી નાનપણની ફ્રેન્ડ સ્નેહા હીંગડેને આપેલ હતી, અવાર નવાર જયારે પણ બહાર ગામ જાય ત્યારે ઘરની ચાવી તેને આપીને જતી હતી. તેણી મહારાષ્ટ્ર હતી તે વખતે આ અતુલનો ફોન આવેલ કે, હુ રાજકોટ એમ્બયુલન્સ લઈને આવેલ છુ અને બહુ થાક્યો છુ, માટે આરામ કરવો છે તેમ કહેતા તેને કહેલ કે, કાંઈ વાધો નહી મારા ઘરે આરામ કરો, હુ મારા ઘરની ચાવી પાડોશી ફ્રેન્ડ સ્નેહાને આપીને આવેલ છુ, હુ તેને ફોન કરી દઉં છુ, તમે તેની પાસેથી ચાવી લઈ લેજો તેમ વાત કરેલ હતી. બાદ આ અતુલનો ફોન આવેલ કે, હા મે ચાવી લઈ લીધી છે, હુ ઘરમાં આરામ કરૂ છુ, બાદ બન્ને વચ્ચે ફોનથી વાતચીત થતી હતી. ત્રણ દિવસ અતુલ ઘરે રોકાયેલ અને ત્રણ દીવસ બાદ જયારે તેને મહારાષ્ટ્ર જવાનુ થયુ ત્યારે તેણે ફોન કરીને કહેલ હતુ કે, હું મહારાષ્ટ્ર જાવ છુ, ઘરની ચાવી સ્નેહાબેનને આપુ છુ, ૧૫ દિવસ બાદ તેણી મહારાષ્ટ્રથી રાજકોટ ઘરે પહોચેલ અને ઘરમાં જઈને જોયેલ તો કબાટમાં રાખેલ સોનાની વસ્તુઓ જેમા એક સોનાનો સેટ રૂ. ૩૬૪૩૨, એક સોનાની લેડીસની વીંટી, સોનાની એક જોડી કાનની બુટી, એક સોનાનુ મંગળસુત્ર, સોનાની કાનની સશ બુટી, સોનાની બંગળી ચાર નંગ, એક સોનાનો ચેઈન, એક સોનાનુ મંગળસૂત્ર તથા એક જોડી બુટી મળી રૂ.૫.૭૨ લાખના તમામ સોનાના દાગીનાઓ જોવામા આવેલ નહી.

જેથી અતુલને તુરત જ ફોન કરી વાત કરેલ કે, મારા ઘરે મે રાખેલ સોનાની વસ્તુઓ ઘરમાં નથી, તને ખબર છે, જેથી અતુલએ કહેલ કે, હા તારી સોનાની બધી વસ્તુ હુ મારી સાથે મહારાષ્ટ્ર લઈને આવેલ છુ, સોનાની વસ્તુઓ આમ ઘરમાં રખાય નહી અને તુ મહારાષ્ટ્રમા રોકાવાની હતી એટલે હું તારા સોનાના બધા દાગીના મારી સાથે લઈને મહારાષ્ટ્ર આવેલ છુ, તારા બધા સોનાના દાગીના બેંકમા રાખી દીધેલ છે અને ત્યા સહી સલામત રહેશે. જયારે રાજકોટ પાછો આવીશ ત્યારે તારા સોનાના બધા દાગીના સાથે લઈ આવીશ અને તને આપી દઈશ તેમ વચન અને વિશ્વાસ આપેલ હતો. બાદ લાંબો સમય થવા છતા આ અતુલ ફક્ત વાયદાઓ કરતો હતો, પરંતુ સોનાના દાગીના પરત આપતો ન હતો. બાદમા તેને ફોન કરતા કહેલ હતુ કે, હું હમણા થોડા દેણામા આવી ગયેલ છુ, મને થોડો સમય આપ, હુ તને તારા બધા દાગીના પરત આપી જાઈશ. છેલ્લા બે ત્રણ મહીનાથી આ અતુલએ તેના મોબાઈલ નંબર બંધ કરી દીધેલ અને સંપર્ક પણ તોડી નાંખી છેતરપીંડી આચરી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

**વિધવાએ પૂછા કરતા ઘરેણાં આમ ન રખાય, હું બેંકમાં મૂકી આવ્યો છું કહી ફોન સ્વીચ ઓફ કરી નાખ્યો**

# ૩૬ કિલો ગાંજાના ગુનાના આરોપીની જામીન અરજી હાઈકોર્ટ દ્વારા મંજૂર

**અબતક, રાજકોટ**

ધનસેરા ચેક પોસ્ટ ખાતે ઝડપાયેલ ૩૬ કિલો ગાંજાનો જથ્થો મંગાવનાર તરીકે પકાડાઈને જેલહવાલે થયેલા આરોપી રાજકોટના રાહુલ ઉર્ફે ગાંડો બારૈયાની રેગ્યુલર જામીન અરજી ગુજરાત હાઈકોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવી છે.આ કેસની હકીકત મુજબ, ગઈ તા. ૨૧/ ૦૫/ ૨૦૨૫ના રોજ સાગબારા પોલીસ સ્ટેશનના કર્મચારીઓ, સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલવેઝ ગાંધીનગર દ્વારા એન.ડી.પી.એસ. હેઠળ સ્પે. ડ્રાઈવ (ઝુંબેશ) અન્વયે વાહન ચેકિંગ દરમિયાન ધનસેરા પોલીસ ચેક પોસ્ટ ખાતે મહારાષ્ટ્ર તરફથી આવતી હુન્ડાઈ ઓરા કારને રોકીને તલાસી લઈ બે ઈસમો અરવિંદ શંભુભાઈ લખતરીયા અને મહેશ વિષ્ણુભાઈ દેવમુમારીને ૩૬ કિલો ૨૮૫ ગ્રામ જેની કુલ કિંમત રૂા. ૩,૬૨,૮૫૦/- જથ્થા સાથે ઝડપી લેવાયા હતા. પૂછપરછમાં ગાંજો આરોપી મુંગીલાલ (રહે. ગદરદેડ, જિ. ધુલીયા (મહારાષ્ટ્ર) પાસેથી લઈ આવેલ હોવાનું અને રાજકોટના રાહુલ ઉર્ફે ગાંડો સુખાભાઈ બારૈયાને આપવાનો હોવાનું ખુલ્યું હતું. આરોપીઓ વિરૂધ્ધ સાગબારા પોલીસ સ્ટેશન, જિ. નર્મદામાં ગુન્હો નોંધી આરોપીઓની અટક કરવામાં આવી હતી. તેમાં રાહુલ ઉર્ફે ગાંડો બારૈયાએ રાજકોટના એડવોકેટ ગૌરાંગ પી. ગોકાણી મારફત ગુજરાત હાઈકોર્ટમાં રેગ્યુલર જામીન અરજી કરી હતી. જેમાં આરોપી પક્ષના વકીલોની દલીલો, સરકારી વકીલની દલીલો તેમજ ઉચ્ચ અદાલતોના ચુકાદાઓને ધ્યાને લઈને હાઈકોર્ટ જસ્ટીસ નીખીલ કેરીયલ દ્વારા આરોપીના રૂા. ૧૫ હજારના રેગ્યુલર જામીન મંજૂર કરવામાં આવ્યા છે.આરોપી વતી હાઈકોર્ટમાં રાજકોટના યુવા એડવોકેટ ગૌરાંગ પી. ગોકાણી, હિરેન નીયાલચંદાણી, વૈભવ બી. કુંડલીયા, શિવરાજસિંહ એમ. જાડેજા, લીગલ આસિ. જયદીપ ડી. ગઢીયા રોકાયા હતા.

# ભાજપની નવી રણનીતિઃ ચાર મહાનગરોમાં પ્રદેશ મહામંત્રીને બનાવ્યાં પ્રભારી !

## પ્રદેશ કારોબારી સભ્યોને પ્રભારી બનાવાતા નથી પરંતુ આ વખતે આ નિયમ પણ તોડાયોઃ જુથવાદને સંદતર ડામી દેવા પ્રમુખ વિશ્વકર્માની નવી ચાલ

**પ્રદેશ મહામંત્રી ડો. પ્રશાંત કોરાટને સુરત શહેરના, અજયભાઈ બ્રહ્મભટ્ટને અમદાવાદ શહેરના, અનિરૂધ્ધભાઈ દવેને રાજકોટ શહેરના અને હિતેન્દ્રસિંહ ચૌહાણને વડોદરા શહેરના પ્રભારી બનાવાતા કાર્યકરોમાં પણ આશ્ચર્યમાં મૂકાયા**

**પૂર્વ મંત્રી અરવિંદ રૈયાણીને જુનાગઢ જીલ્લાનો, પૂર્વ મેયર ધનસુખ ભંડેરીને જામનગર શહેરના, કશ્યપ શુકલને અમદાવાદ જીલ્લાના અને કમલેશ મીરાણીને ભાવનગર શહેરનો હવાલો**






**અબતક, રાજકોટ**

ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા દ્વારા રાજ્યના અલગ અલગ ૪૨ શહેર અને જિલ્લાના પ્રભારીની નિયુકિત કરવામાં આવી છે. પક્ષ દ્વારા નવી રણનીતી અપનાવવામાં આવી છે. ચાર પ્રદેશ મહામંત્રીઓને રાજયના ચાર મુખ્ય મહાનગરોના પ્રભારી બનાવવામાં આવ્યા છે. ચારેય મહામંત્રી અલગ અલગ ઝોનના તો પ્રભારી છે જ સાથો સાથ તેઓને મહાનગરોના પ્રભારીની સવિશેષ પ્રભારીની જવાબદારી આપવામાં આપી છે. બીજી સૌથી મોટી વાત એ પણ છે કે કારોબારી સભ્ય હોય તેવા આગેવાનોને પણ શહેર કે જિલ્લાના પ્રભારી બનાવાયા છે. રાજકોટ શહેરના ચાર આગેવાનો જુના જોગીઓને પ્રભારી તરીકેની મોટી જવાબદારી સોંપવામાં આવી છે. જેમાં કશ્યપભાઈ શુકલને અમદાવાદ જીલ્લાના પ્રભારી, ધનસુખભાઈ ભંડેરીને જામનગર શહેરના પ્રભારી, અરવિંદભાઈ રૈયાણીને જુનાગઢ જીલ્લાના પ્રભારી અને કમલેશભાઈ મિરાણીને ભાવનગર શહેરના પ્રભારી તરીકે નિયુકત કરાયા છે.

(અનુ. આઠમા પાને)

### ભરતભાઈ પંડ્યાને કિશાન મોરચાના પ્રભારી બનાવાયા



ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા અલગ અલગ સાત મોરચાના પ્રભારીની નિયુકિત કરાય છે. યુવા મોરચાના પ્રભારી તરીકે કીરીટભાઈ પટેલ, મહિલા મોરચાના પ્રભારી તરીકે શબ્દ શરણભાઈ બ્રહ્મભટ્ટ, ઓબીસી મોરચાના પ્રભારી તરીકે નટુજી ઠાકોર એસ.સી. મોરચાના પ્રભારી તરીકે હિતેશભાઈ પટેલ, એસ.ટી. મોરચાના પ્રભારી તરીકે ગીતાબેન રાઠવા, કિશાન મોરચાના પ્રભારી તરીકે ભરતભાઈ પંડ્યા અને લઘુમતિ મોરચાના પ્રભારી તરીકે રસિકભાઈ પ્રજાપતિની નિયુકિત કરાય છે.

**પ્રદેશ મહામંત્રી ઝોનના પ્રભારી પણ છે હવે મહાનગરનો હવાલો આપી શકિત – સત્તા ઓછી કરાયાની પણ ચર્ચા**

# હોળીની જાળ પૂર્વથી દક્ષિણ તરફ જતા ચોમાસું ૧૨ આની રહેવાનો વરતારો

## પાકને નુકશાની થવાનો અને રોગચાળો ફાટી નિકળવાનો પણ અંદાજ



**અબતક, રાજકોટ**

હોળી પ્રગટાવ્યા બાદ તેની જાળ કઈ દિશામાં જાય છે તેના આધારે વર્ષ કેવું રહેશે તેનો અંદાજ આંકવામાં આવતો હોય છે. વર્ષો જુની આ પરંપરા આજે પણ જીવંત અને અકબંધ છે. ગઈકાલે હોળી પ્રજજવલીત કરાયા બાદ રાજકોટ અને સોમનાથ સહિતના શહેરોમાં હોળીની જાળ પૂર્વથી અગ્નિખૂણાથી દક્ષિણ દિશા તરફની રહી હતી. ચોમાસુ ૧૨ આની રહેશે. પાકને નુકશાની જશે અને રોગચાળો ફાટી નિકળવાની પણ દહેશત રહેલી છે.

જયોતિષી - વેંદાંતરત્ન રાજદીપભાઈ શાસ્ત્રીના જણાવ્યાનુસાર હોળીની જાળના આધારે આપવામાં આવતો ચોમાસા અને વરસાદનો વરતારો દરેક ગામમાં અલ અલગ હોય શકે છે. રાજકોટ અને સોમનાથમાં હોળીની જાળ પૂર્વથી દક્ષિણ દિશા તરફ રહેવા પામી છે. ચોમાસુ ૧૨ આની રહેશે પાકને નુકશાની થવાની પણ શકયતા રહેલી છે. રોગચાળો ફાટી નીકળવાની પણ સંભાવના છે. ઉનાળાના દિવસોમાં આકરા તડકા પડશે. ગત વર્ષ હોળીની જાળ પૂર્વ દિશા તરફ ગઈ હતી વર્ષ એકંદરે સારૂ રહ્યું હતુ. આ વર્ષ પણ સારૂ રહે તેવો વરતારો છે.



તસવીરઃ શૈલેષ વાડોલિયા

### આજે ચંદ્રગ્રહણઃ દેવોના દ્વાર ભકતો માટે બંધ



આજે ચંદ્રગ્રહણ છે જોકે ભારતમાં ચંદ્રોદય પૂર્વ જ ચંદ્રગ્રહણ પૂરૂ થઈ જવાનું હોય ધાર્મિક દ્રષ્ટિએ ગ્રહણ પાળવાનું નથી. આજે સવારથી દેવોના દ્વાર ભાવિકો માટે બંધ કરી દેવામાં આવ્યા છે.

જયારે ચંદ્ર સંપૂર્ણપણે પૃથ્વીના પડછાયામાં પ્રવેશ કરે છે ત્યારે પૂર્ણ ચંદ્રગ્રહણ થાય છે. આ ત્યારે થાય છે જયારે પૃથ્વી સૂર્ય અને ચંદ્રની વચ્ચે આવે છે, જે ચંદ્રની સપાટી પર સીધા સૂર્યપ્રકાશને પહોંચતા અટકાવે છે.

આ તબક્કા દરમિયાન, ચંદ્ર તાંબા જેવો અથવા લાલ રંગનો દેખાય છે, આ ઘટનાને ઘણીવાર ''બ્લડ મૂન'' (અનુ. આઠમા પાને)

### કાલે ધુળેટી પર્વની ઉજવણી

**બાળકોથી માંડી વડીલો સુધી તમામ વયના લોકો રંગે રમી જીવનમાં નવા રંગો ભરશે**

આવતીકાલે રંગોનું પર્વ ધુળેટીની ઉજવણી કરવામાં આવશે. બાળકોથી માંડી વડીલો સુધી તમામ વયના લોકો રંગે રમી પોતાના જીવનમાં નવા રંગો પૂરશે હોળીના તહેવારના બીજા દિવસે જ ધુળેટી પર્વની ઉજવણી કરવામાં આવતી હોય છે.પરંતુ આ વર્ષ આજનો દિવસ પડતર હોવાના કારણે આવતીકાલે બુધવારે ધુળેટી પર્વની ઉજવણી કરવામાં આવશે. ધુળેટી નિમિતે ઠેર ઠેર રંગોથી રમવા સાથે બપોરનું ભોજનના આયોજન કરવામાં આવ્યું છે. અનેક મંદીરોમાં આજે ડોલોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. આજે ચંદ્રગ્રહણ હોવાથી અનેક મંદીરોમાં કાલે ડોલોત્સવની ઉજવણી કરવામાં આવશે.

### ઉનાળામાં કાળઝાળ ગરમી પડશે

હોળીની જાળના આધારે એવું પણ પ્રાથમિક તારણ લગાવવામાં આવી રહ્યું છે કે આ વર્ષ ઉનાળાની સિઝનમાં આકરા તડકા પડશે. ગરમી પાછલા તમામ વર્ષોના રેકોર્ડ બ્રેક કરશે તેવું લાગી રહ્યું છે. માર્ચના આરંભથી જ સૂર્યનારાયણ આકાશમાંથી આગ ઓકવા લાગશે. આગામી સપ્તાહે પારો ૪૦ ડિગ્રી આસપાસ પહોચી જશે.

# કુવાડવા રોડ પર બંધ ટેન્કર પાછળ એક્ટિવા ઘુસી જતાં દિલીપભાઈ શીંગાળાનું મોત

**અબતક, રાજકોટ**

રાજકોટ અમદાવાદ નેશનલ હાઈવે પર પટેલ વિહાર રેસ્ટોરન્ટ નજીક ઓડીના શોરૂમ પાસે બંધ ટેન્કર પાછળ એકટીવા ઘૂસી જતા એકટીવા ચાલક સંત કબીર રોડ પર શકિત સોસાયટીમાં રહેતા પટેલ પ્રૌઢનું ગંભીર ઈજા થવા સબબ ઘટનાસ્થળે જ મોત થયું હતું.

અકસ્માતના આ બનાવની જાણવા મળતી વિગતો, મુજબ સંત કબીર રોડ પર શક્તિ સોસાયટી શેરી નંબર ૧૪ માં રહેતા દિલીપભાઈ દિનેશભાઈ શિંગાળા (ઉ.વ. ૫૫) નામના પટેલ પ્રૌઢ એકટીવા નંબર જીજે ૩ સીકયુ ૬૩૩૯ લઈને રાત્રિના પોણા એક વાગ્યા આસપાસ પટેલ વિહાર તરફથી ગ્રીનલેન્ડ ચોકડી તરફ જવાના રસ્તે જતા હતા. ત્યારે ઓડીના શોરૂમ પાસે પહોંચતા ટેન્કર નંબર જીજે ૧૨ એડબલ્યુ ૧૫૯૯ રોડની સાઈડમાં પાર્ક કરેલું પડયું હોય તેમાં એકટીવા ઘૂસી જતા પ્રૌઢ રોડ પર પટકાયા હતા અને તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી. બનાવના પગલે અહીં લોકોના ટોળા એકઠા થયા હતા બાદમાં કોઈએ ૧૦૮ માં જાણ કરતા ૧૦૮ ના એએમટીએ અહીં આવી જોઈ તપાસી પ્રૌઢને મૃત જાહેર કર્યા હતા.

અકસ્માતની આ ઘટનાને પગલે કુવાડવા રોડ પોલીસ મથકનો સ્ટાફ અહીં પહોંચી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી પ્રૌઢના પરિવારને જાણ કરી હતી. અકસ્માતમાં મોતને ભેટનાર દિલીપભાઈ શિંગાળાને સંતાનમાં બે પુત્રી અને એક પુત્ર છે. દિલીપભાઈ ચાંદીકામનું મજૂરી કામ કરતા હોવાનું માલુમ પડ્યું છે.

# ખાડી દેશોમાં યુદ્ધની સ્થિતિ વચ્ચે ફસાયેલા લોકો માટે રાજકોટ જિલ્લામાં કંટ્રોલ રૂમ કાર્યરત

## કલેકટર કચેરી ખાતે રાઉન્ડ ધ કલોક કંટ્રોલ રૂમ કાર્યરત રહેશેઃ અત્યાર સુધી ૧૫ જેટલા પરિવારોએ કંટ્રોલ રૂમનો સંપર્ક કર્યો

**અબતક, રાજકોટ**

ઈઝરાયલી વાયુસેના ઈરાનની એર ડિફેન્સ સિસ્ટમ પર સતત હુમલો કરી રહી છે. મોટી સંખ્યામાં ગુજરાતીઓ ખાડી દેશોમાં ફસાયા છે. જેને લઈ રાજકોટ જિલ્લા વહીવટી પ્રશાસને ખાડી દેશોમાં યુદ્ધની સ્થિતિ વચ્ચે ફસાયેલા લોકો માટે કંટ્રોલ રૂમ શરૂ કર્યો છે. કલેકટર કચેરી ખાતે રાઉન્ડ ધ કલોક કંટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવ્યો છે. જેના હેલ્પલાઈન નંબર ૦૨૮૧ ૨૪૭૧૫૭૩, ૦૨૮૧ ૨૪૧૦૧૦૦ પણ જાહેર કરવામાં આવ્યા છે. અત્યાર સુધી ૧૫ જેટલા પરિવારોએ કંટ્રોલ રૂમનો સંપર્ક કર્યો હતો. મૂળ રાજકોટના અનેક લોકો દુબઈમાં કામ કે ફરવા ગયા હોય તેમના પરિવારજનોએ સંપર્ક કર્યો હતો.મોટા ભાગના લોકો દુબઈમાં કામ કરતા હોય અને ફરવા માટે ગયા હોય તેવા પરિવારજનોએ સંપર્ક કર્યો હતો. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કયુ.આર કોડ જાહેર કરવામાં આવ્યો છે. રાજકોટ જિલ્લા કલેકટર કચેરી ખાતે ઈરાન તેમજ દુબઈમાં ફસાયેલા લોકો માટે કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યો છે. સ્ટેટ દ્વારા મિનિસ્ટ્રી ઓફ એકસટર્નલ અફેર્સ ઓફ ઈન્ડિયામાં મોકલવામાં આવી છે. વેબસાઈટૂ.ળયફયતિ.ભજ્ઞળ/યિ-ીયિતર્ પિર પોતાની માહિતી મુકી મદદ માંગી શકે છે. રાજકોટ મામલતદાર મીરાબેન જાનીએ જાણકારી આપી હતી. રાજકોટ ડિઝાસ્ટર મામલતદાર મીરાબેન જાનીએ જણાવ્યું હતું કે, આ કંટ્રોલ રૂમ ૨૪ કલાક ચાલુ રહેશે. જ્યાં ફોન કરતા લોકોની માહિતી સ્ટેટ કંટ્રોલ રૂમને કરવામાં આવે છે અને તે માહિતી સ્ટેટ દ્વારા મિનિસ્ટ્રી ઓફ એકસટર્નલ અફેર્સ ઓફ ઈન્ડિયામાં મોકલવામાં આવે છે.

મિડલ ઈસ્ટમાં ઈરાન સાથેનું યુદ્ધ આજે ચોથા દિવસમાં પ્રવેશ્યું છે. ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનેઈની હત્યા બાદ ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ અમેરિકા અને ઈઝરાયલના સંયુક્ત હુમલાઓથી તેની શરૂઆત થઈ હતી. ત્યારથી પરિસ્થિતિ ઝડપથી બગડી છે. ઈરાને બદલો લેવા માટે હુમલાઓ શરૂ કર્યા, ખાડી દેશોમાં અમેરિકન ઠેકાણાઓ અને દૂતાવાસો પર ડ્રોન અને મિસાઈલ છોડ્યા. ઈઝરાયલે લેબનોનમાં હિઝબુલ્લાહના લક્ષ્યો પર હુમલાઓ વધારી દીધા છે. ઈરાનમાં મૃત્યુઆંક હવે ૭૪૨ને વટાવી ગયો છે અને વૈશ્વિક સ્તરે તેલના ભાવ પ્રતિ બેરલ ૧૫૦ ડોલરથી વધુ થઈ ગયા છે.

# રાજકોટમાં 'ક્રીમ' તારવનારાઓની છત્ર તળે ધમધમતા ડબ્બા ટ્રેડિંગનું રેકેટ ઝડપી લેતી એસએમસી

## ડીજીપીએ પીઠ થપથપાવ્યાની ૨૪ કલાકમાં જ પોલીસ કમિશ્નર કચેરી નજીક આવેલી ઓફિસમાં ડીજીપી સ્કોડ ત્રાટકી નામીચા બુકી સહિત ત્રણની ધરપકડ

## ટેક્ષ ચોરી કરી સરકાર સાથે વિશ્વાસઘાત કર્યો પ્ર. નગર પોલીસ મથકમાં આકરી કલમ હેઠળ ગુનો નોંધાયો, ભાગીદાર, ગ્રાહકો સહિત ૬ શખ્સોની શોધખોળ

### 'માધવ' માં ક્રીમ ખાનારા દ્વારકાના દર્શન કરવા તો જતાં નો'તા!: સીસીટીવીની ચકાસણી થાય તો અનેકનો આવરો જાવરો ખુલ્લો પડી જશે

જયારે યાજ્ઞિક રોડ પર આવેલી માધવ કોમ્પ્લેક્સમાં સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે દરોડો પાડી ડબ્બા ટ્રેડિંગનું રેકેટ ઝડપી લીધું છે ત્યારે હવે વિશ્વસનીય સૂત્રોમાંથી એવી માહિતી મળી રહી છે કે, અહીં દિવસ દરમિયાન સતત ક્રીમ ખાનારા ખાખીધારીઓની અવર જવર રહેતી હતી જેથી હવે ક્રીમ ખાનારા અહીં માધવમાં દ્વારકાના દર્શન કરવા તો જતાં નહિ. ત્યારે હવે ફકત આ બિલ્ડીંગ અને તેની આસપાસના સીસીટીવી ફૂટેજ ચકાસવામાં આવે તો કેટલી સરકારી બોલેરો અને કેટલા ખાખીધારી માધવમાં મલાઈ તારવી ચુક્યા છે તેં ખુલ્લું પડી શકે તેમ છે.

**અબતક, રાજકોટ**

રાજકોટના યાજ્ઞિક રોડ પરની ઓફિસમાં સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમ ત્રાટકી હતી અને નામીચા બુકી સહીતના ત્રણ શખ્સોની ધરપકડ કરી ગેરકાયદે ડબ્બા ટ્રેડિંગનું રેકેટ ઝડપી પાડ્યું હતું. મોબાઈલમાં શેરબજાર માર્કેટની અલગ અલગ એપ મારફત શેર અને સોના ચાંદીના ભાવની વધઘટના આધારે ગ્રાહકોને ટીપ આપી આંગળીયા પેઢી મારફત હવાલા લઈ ગેરકાયદેસર સટ્ટો ચાલતો હતો. સમગ્ર મામલામાં પ્ર. નગર પોલીસ મથકમાં આકરી કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો.

દરોડાની પ્રાપ્ત વિગત મુજબ, સ્ટેટ મોનીટરીંગ સેલના ડીઆઈજી નિરલિપ્ત રાય અને એસપી મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ અલગ અલગ ટીમો રાજ્યભરમાં દારૂ-જુગારની બદી દૂર કરવા માટે પેટ્રોલિંગમાં હતી. ત્યારે પીએસઆઈ વી. એમ.જાડેજા અને ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, રાજકોટમાં યાજ્ઞિક રોડ પર આવેલ એક કોમ્પ્લેકસની ઓફિસમાં ગેરકાયદેસર રીતે શેરની લે-વેચ કરી ડબ્બા ટ્રેડીંગ ચલાવે છે અને મુખ્ય સૂત્રધાર રાકેશ પોપટ પોતાના મોબાઈલ ફોનમાં વિવિધ એપમાં શેર બજારની વધઘટ જોઈ લોકોને શેર બજારમાં વધુ કમાણી કરી આપવાની ટીપ્સ આપી સ્ટોક બજારનુ કોઈપણ પ્રકારના લાયસન્સ વગર શેર બજારની લે-વેચનો ધંધો ગેરકાયદેસર કરે છે, તેવી ચોક્કસ બાતમીના આધારે ટીમે દરોડો પાડી મુખ્ય સૂત્રધાર સહિત ત્રણ શખ્સોને પકડી પાડવામાં આવ્યા હતાં.

જ્યારે પકડાયેલ મુખ્ય સૂત્રધાર રાકેશ ધીરજલાલ પોપટે પોલીસને કબૂલાત આપી હતી કે, (અનુ. આઠમા પાને)

### વિજીલન્સ ત્રાટકતા સ્વચ્છ આઈપીએસની છબી ધરાવતા સીપી ઝા આકરાપાણીએઃ અનેકના તપેલા ચડશે

ટીઆરપી ગેમઝોન દુર્ઘટના બાદ પોલિસની છબી ખરડાઈ હતી તેવા સમયે અહીં બદલી થઈને આવેલા સીપી બ્રજેશકુમાર ઝાએ કુનેહપૂર્વક પ્રજા અને પોલિસના સંબંધો ફરી સુમેળભર્યા બનાવ્યા હતા. જે બાદ તાજેતરમાં જ જંગલેશ્વરમાં શાંતિપૂર્ણ રીતે પાર પાડવામાં આવેલા ઑપરેશન ડિમોલીશન બદલ ખુદ ડીજીપીએ શહેર પોલિસની પીઠ થપથપાવી હતી. જેની ફક્ત ૨૪ કલાકમાં જ ડીજીપી સ્કોડ પોલિસ કમિશ્નર કચેરી નજીક જ આવેલી ઓફિસમાં ત્રાટકી હતી અને ડબ્બા ટ્રેડિંગનું રેકેટ ઝડપી લીધું હતું. જેના લીધે તદ્દન સ્વચ્છ છબી ધરાવતા સીપી ઝા આકરાપાણીએ આવ્યા છે. આશરે બે વર્ષની મહામહેનતે પોલિસની છબી સુધારનાર અધિકારીની મહેનત પર પાણી ફેરવી દેનાર 'ક્રીમ' તારવનાર કર્મચારીઓના તપેલા ચડવાનું લગભગ નક્કી મનાઈ રહ્યું છે.

### મુહ મેં રામ, બગલ મેં છૂરી

**આંગડિયા પેઢીના ઓઠા તળે મગરમચ્છે સટ્ટા-ડબ્બા ટ્રેડિંગનો હવાલા રેકેટ ચલાવી રહ્યાનું ફરીવાર ખુલ્યું**

એસએમસીએ જે ઓફિસમાં દરોડો પાડ્યો તેં આંગડિયા પેઢીની ઓફિસ હોવાનું જાણવા મળ્યું છે. અહીંથી હવાલા મારફતે એક જ સપ્તાહમાં ૨૦ કરોડ સુધીના બેનામી વ્યવહારો કરવામાં આવતા હતા તેવું સૂત્રો જણાવી રહ્યા છે ત્યારે આંગડિયા પેઢીના ઓઠા તળે મગરમચ્છો હવાલા રેકેટ ચલાવતા હોવાનું ફરીવાર ખુલવા પામ્યું છે. અમુક ચોક્કસ તત્વો સવલતરૂપી આંગડિયા પેઢીના વ્યવસાયને બદનામ કરતા હોય તેવું ચોક્કસ દેખાઈ રહ્યું છે.

**મોબાઈલમાં શેરબજાર માર્કેટની અલગ અલગ એપ મારફત શેર અને સોના ચાંદીના ભાવની વધઘટના આધારે ગ્રાહકોને ટીપ આપતા'તાં આંગળીયા પેઢી મારફત હવાલા લઈ ગેરકાયદેસર ડબ્બા ટ્રેડિંગ ચાલતું'તું**